MANOGAT • Year-39 • Issue-10 • 25 August 2020 • Bhadarva Sad 7, Samvat 2076 • Yugabd 5122 • Price : Rs. 5/- • Pages : 34





# મનોગત



## કોરોના મોટી આપત્તિ છે પરંતુ એટલી મોટી નથી કે આત્મનિર્ભર ભારતની વિજયયાત્રાને અટકાવી શકે

**આઝાદીનાં ૭૫ વર્ષ પૂર્ણ થશે ત્યારે આપણે તેને સંકલ્પો પૂર્ણ કર્યાના એક મહા પર્વ તરીકે મનાવીશું**

## સ્વામી વિવેકાનંદજીએ કહેલ '૨૧મી સદી ભારતની સદી હશે'નું નિવેદન પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના મજબૂત અને નિર્ણાયક નેતૃત્વમાં વાસ્તવિકતામાં પરિણમતું દેખાઈ રહ્યું છે - પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલ



દેશના ૭૪મા સ્વાતંત્ર્ય દિવસ નિમિત્તે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે ભાજપા પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્, ગાંધીનગર ખાતે ધ્વજવંદન કર્યું હતું. આ પ્રસંગે પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણિયા સહિત પ્રદેશ હોદ્દેદારશ્રીઓ - અગ્રણીશ્રીઓ, તેમજ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.


ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલે સૌ ગુજરાતવાસીઓને સ્વાતંત્ર્ય દિવસની શુભકામનાઓ પાઠવી હતી અને જણાવ્યું હતું કે, આજનો દિવસ 'પરતંત્ર'માંથી 'સ્વતંત્ર'માં પ્રવેશની ગૌરવવંતી યાત્રાનું સ્મરણ કરીને ગર્વ અને સન્માનની લાગણીની અનુભૂતિ સાથે આઝાદીની લડતમાં યોગદાન આપનાર, પ્રાણોની આહુતિ આપનાર પ્રત્યેક શૂરવીરનું સ્મરણ કરી તેને કોટી કોટી વંદન કરવાનો દિવસ છે, આઝાદીની લડતમાં સામેલ સૌ લડવૈયાઓને હું હૃદયપૂર્વકની ભાવાંજલિ પાઠવું છું. અનેક વર્ષોના સંઘર્ષ, અનેક મહાપુરુષોના ત્યાગ અને બલિદાનના ફળસ્વરૂપે આજે આપણે આઝાદ ભારતમાં સ્વાભિમાનભેર જીવી રહ્યા છીએ.

શ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે, 'મા ભારતી'ને સ્વતંત્ર બનાવવાના મક્કમ ઈરાદા સાથે અંગ્રેજોથી દેશને મુક્ત કરાવવા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી, સરદાર વલ્લભભાઈ પટેલ, નેતાજી સુભાષચંદ્ર બોઝ, શહીદ વીર ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ સહિત સ્વતંત્રતા સંગ્રામમાં જોડાયેલ પ્રત્યેક યોદ્ધાના અમૂલ્ય યોગદાનને દેશ ક્યારેય નહીં ભૂલે. દેશની અખંડિતતા અને સંપ્રભુતાના રક્ષણ હેતુ રાષ્ટ્રસેવા માટે પોતાના પ્રાણ ન્યોછાવર કરીને વીરગતિને પ્રાપ્ત કરનાર ભારતીય સેનાના પ્રત્યેક સૈનિકને હું વંદન કરું છું.

શ્રી સી. આર. પાટીલે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્રની ભાજપા સરકાર દેશના સર્વવ્યાપી, સર્વસ્પર્શી, સર્વસમાવેશી સર્વાંગી વિકાસ અર્થે વિવિધ ક્ષેત્રે આવશ્યક નીતિગત અને માળખાગત સુધારાઓ કરી રીફોર્મ-પરફોર્મ-ટ્રાન્સફોર્મના સિદ્ધાંત સાથે સતત કાર્યશીલ છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી 'ઈન્ડિયા ફર્સ્ટ' અને 'વોકલ ફોર લોકલ'ના ભાવને કરોડો દેશવાસીઓના ઉજાગર કરી ભારતને તમામ મોરચે આત્મનિર્ભર અને સશક્ત બનાવવાના સંકલ્પ સાથે અથાક પરિશ્રમ કરી રહ્યા છે. આજે સમગ્ર વિશ્વની નજર ભારત પર છે, સ્વામી વિવેકાનંદજીએ કહેલ '૨૧મી સદી ભારતની સદી હશે'નું નિવેદન પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના મજબૂત અને નિર્ણાયક નેતૃત્વમાં વાસ્તવિકતામાં પરિણમતું દેખાઈ રહ્યું છે.







**Year 39 ● Issue 10 ● Pages 28**



- ૭૪મા સ્વાતંત્ર્ય પર્વે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સંબોધન ૪
- ૭૪મા સ્વાતંત્ર્ય પર્વે મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીનો પ્રજાજોગ સંદેશ ૧૯
- પ્રદેશ પ્રમુખનો સૌરાષ્ટ્રનો સંગઠનાત્મક પ્રવાસ ૨૪
- ‘પારદર્શક કર-વ્યવસ્થા – પ્રામાણિકનું સન્માન’ શુભારંભ ૨૮
- ‘મહામારી’થી ‘આત્મનિર્ભર’ – ‘સંકટ’થી ‘સફળતા’ સુધીની સફર ૩૨
- ‘આત્મનિર્ભર ભારત’ની દિશામાં વધુ એક પગલું રક્ષાશક્તિ યુનિવર્સિટી સાથે MOU ૩૬



પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
**ભારતીય જનતા પાર્ટી–ગુજરાત પ્રદેશ**
દીનદયાળ ભવન, જે.પી. ચોક,
ખાનપુર, અમદાવાદ–૩૮૦ ૦૦૧
**ફોન : ૦૭૯–૨૫૫૦૪૫૨૨**
E-mail : manogat.1980@gmail.com

**તંત્રી મુદ્રક પ્રકાશક :**
**સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલે ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી એલાઈડ ઑફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ., ૧૪/૨, કાલિદાસ મિલ કંપાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૩૮૦૦૨૧ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧ થી પ્રગટ કર્યું.**

**Editor : Printer : Publisher :**
Surendrabhai Motilal Patel on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at Allied Offset Printers (Gujarat) Pvt. Ltd., 14/2, Kalidas Mill Compound, Gomtipur, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J.P.Chowk, Khanpur, Ahmedabad-380001.

## તંત્રીસ્થાનેથી

# કોંગ્રેસ માટે ચેલેન્જ ન માત્ર તેનું નેતૃત્વ છે, પરંતુ તેની દંભી બિનસાંપ્રદાયિક વિચારધારા પણ છે

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

વર્તમાનપત્રો દ્વારા જાણવા મળ્યું કે કોંગ્રેસનાં પ્રમુખ શ્રીમતી સોનિયા ગાંધીની પ્રમુખપદની મુદત વધુ છ મહિના સુધી લંબાવવામાં આવી. આવો મુદત વધારો પણ ઘણા સમયથી ચાલી રહ્યો છે.

મિત્રો, મારી દૃષ્ટિએ કોંગ્રેસ સામેની ચેલેન્જ ન માત્ર તેનું નેતૃત્વ છે, પરંતુ તેની દંભી બિનસાંપ્રદાયિકતા પણ છે. કોંગ્રેસ પાસે જેમ રાષ્ટ્રીય મૂળનું નેતૃત્વ નથી તેમ રાષ્ટ્રપ્રેમની વિચારધારા અને રાષ્ટ્રહિતની નિયત પણ નથી. કોંગ્રેસની જેમ એક મર્યાદા નેહરુ-ગાંધી પરિવાર પૂરતું જ સંકુચિત નેતૃત્વ છે તેવી જ રીતે તેની બીજી મર્યાદા કોંગ્રેસી કાર્યકરોની દંભી બિનસાંપ્રદાયિક કાર્યપદ્ધતિ પણ છે.


થોડા સમય પહેલાં જ ગુજરાતમાં સૌરાષ્ટ્ર ખાતેના ઉનામાં દલિત પર અત્યાચારના નામે આ જ કોંગ્રેસીઓએ ગુજરાતને અને ભાજપને બદનામ કરવા સમગ્ર દેશમાં ધમાલ મચાવી મૂકી હતી અને સામે જુઓ કે દક્ષિણ ભારતમાં કોંગ્રેસના જ દલિત ધારાસભ્યના આખા ઘરને મુસ્લિમ તોફાની તત્ત્વો દ્વારા આગ લગાડી દેવામાં આવી તો પણ ન કશું કોંગ્રેસ બોલે છે, ના દંભી બિનસાંપ્રદાયિક મીડિયા હો - હા મચાવે છે !!

કોંગ્રેસે આ દેશમાં લાયક વિરોધપક્ષ બનવા માટે પણ પોતાનામાં આમૂલ પરિવર્તન કરવું જરૂરી છે - વિદેશી મૂળને છોડી દેશની સંસ્કૃતિનું કુળ જ્યાં સુધી કોંગ્રેસ નહીં સ્વીકારે ત્યાં સુધી તે રાજકીય શૂન્યતા તરફ તો જશે જ પરંતુ દુઃખદ રીતે આ દેશના મૂળભૂત સામાજિક અને સાંસ્કૃતિક ઢાંચાને પણ નુકસાન કરતી રહેશે. માટે જ ક્યારેક એવો વિચાર ચોક્કસ આવી જાય છે કે કોંગ્રેસરૂપી શરમ કરતાં તો શૂન્ય સારું જ.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ





# આતંકવાદ હોય કે વિસ્તારવાદ ભારત આજે ભારે ટક્કર આપી રહ્યું છે આજે દુનિયાનો ભારત ઉપર વિશ્વાસ વધુ મજબૂત થયો છે

મારા વહાલા દેશવાસીઓ,

આઝાદીના આ પાવન પર્વના દિવસે હું મારા તમામ દેશવાસીઓને અભિનંદન પાઠવું છું અને ખૂબ-ખૂબ શુભેચ્છાઓ આપું છું.

**સ્વાતંત્ર્યસેનાનીઓ, આઝાદીના વીરલાઓ, નરબાંકુરાઓ અને વીર શહીદોને વંદન કરવાનું આ પર્વ છે**

આજે આપણે જે સ્વતંત્ર ભારતમાં શ્વાસ લઈ રહ્યા છીએ તેની પાછળ મા ભારતીના લાખો દીકરા-દીકરીઓનો ત્યાગ, તેમનાં બલિદાન અને મા ભારતીને સ્વતંત્ર કરાવવા માટેની તેમની સમર્પણભાવના, આજે એવા આપણા તમામ સ્વાતંત્ર્યસેનાનીઓ, આઝાદીના વીરલાઓ, નરબાંકુરાઓ અને વીર શહીદોને વંદન કરવાનું આ પર્વ છે.

આપણી સેનાના બહાદુર જવાનો, આપણાં અર્ધ સૈનિક દળો, આપણા પોલીસ જવાનો, સુરક્ષા દળ સાથે જોડાયેલા લોકો, આ તમામ મા ભારતીની રક્ષા માટે લાગેલા રહેતા હોય છે. આજે તે તમામનું હૃદયપૂર્વક, આદરપૂર્વક સ્મરણ કરવાનું, તેમના મહાન ત્યાગ અને તપસ્યાને નમન કરવાનું આજે પર્વ છે.


એક નામ શ્રી અરવિંદ ઘોષનું છે અને આજે તેમની જન્મજયંતી છે. ક્રાંતિદૂતથી માંડીને અધ્યાત્મ સુધીની તેમની યાત્રા અને તેમનો સંકલ્પ રહ્યાં છે. તેમના સંકલ્પો પૂરા કરવા માટે અને આપણા સંકલ્પો પૂરા કરવા માટે આપણને તેમના તરફથી આશીર્વાદ મળતા રહે. આપણે એક વિશેષ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છીએ. આજે નાનાં-નાનાં બાળકો મારી સમક્ષ નજરે આવી રહ્યાં નથી. ભારતનું ઉજ્જવળ ભવિષ્ય ક્યાં છે? શું કોરોનાએ સૌને રોકી રાખ્યા છે?

**‘સેવા પરમો ધર્મઃ’ તે મંત્રને જીવી બતાવ્યો**

હાલમાં કોરોનાના આ સમયખંડમાં અનેક લાખ કોરોના વૉરિયર્સ, પછી ભલેને તે ડોકટર્સ હોય, નર્સ હોય, સફાઈકર્મી હોય, કે પછી એમ્બ્યુલન્સ ચલાવનારા લોકો હોય, હું કોનાં-કોનાં નામ ગણાવું. આ લોકોએ આટલા લાંબા સમયથી જે પ્રકારે ‘સેવા પરમો ધર્મઃ’ તે મંત્રને જીવી બતાવ્યો છે. સંપૂર્ણ સમર્પણભાવથી મા ભારતીના લાખો સંતાનોની સેવા કરી છે, એવા તમામ કોરોના વૉરિયર્સને પણ હું આજે નમન કરું છું.

હાલમાં કોરોનાના આ સમયખંડમાં આપણાં અનેક ભાઈ-બહેનો આ સંકટથી અસર પામ્યાં છે. અનેક પ્રકારે અસર પામ્યા છે, કેટલાકે તો જીવ પણ ગુમાવ્યો છે. હું આવા તમામ પરિવારો તરફ મારી સંવેદના પ્રગટ કરું છું અને મને વિશ્વાસ છે કે, આ કોરોના વિરુદ્ધ ૧૩૦ કરોડ લોકોની અદમ્ય ઇચ્છાશક્તિ, સંકલ્પશક્તિ આપણને તેની સાથેની લડાઈમાં વિજય અપાવશે અને આપણે વિજયી બનીને રહીશું.

મને વિશ્વાસ છે કે, અગાઉના દિવસોમાં આપણે અનેક સંકટમાંથી પસાર થયા છીએ. એક રીતે કહીએ તો આપણે અનેક પ્રકારનાં સંકટમાંથી પસાર થઈ રહ્યા છીએ.



પૂરનો પ્રકોપ ખાસ કરીને ઉત્તર પૂર્વના વિસ્તારોમાં, પૂર્વ ભારત અને દક્ષિણ ભારતના કેટલાક વિસ્તારોમાં અનેક સ્થળે ભૂ:સ્ખલન થયું છે. લોકોને અનેક પ્રકારની મુસીબતોનો સામનો કરવો પડ્યો છે. અનેક લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે. હું આવા તમામ પરિવારો તરફ મારી સંવેદના પ્રગટ કરું છું અને રાજ્ય સરકારો સાથે ખભે-ખભા મિલાવીને આ પ્રકારના સંકટની પળોમાં આપણો દેશ એક બનીને, ભલે કેન્દ્ર સરકાર હોય કે રાજ્ય સરકાર હોય, આપણે સૌ સાથે મળીને તત્કાલ જેટલી પણ મદદ પહોંચાડી શકીએ તે માટે પ્રયાસ કરી રહ્યા છીએ અને સફળતાપૂર્વક કરી રહ્યા છીએ.

**આઝાદીનાં ૭૫ વર્ષ પૂર્ણ થશે ત્યારે આપણે તેને સંકલ્પો પૂર્ણ કર્યાના એક મહા પર્વ તરીકે મનાવીશું**

મારા વહાલા દેશવાસીઓ, આઝાદીનું પર્વ એ આપણા સૌ માટે સ્વતંત્રતાનું પર્વ છે. આઝાદીના વીરલાઓને યાદ કરીને નવા સંકલ્પો કરવાનો આ એક અવસર છે. એક રીતે કહીએ તો તે આપણા માટે નવી પ્રેરણા લઈને આવતું હોય છે, નવો ઉમંગ અને નવો ઉત્સાહ લઈને આવતું હોય છે અને આ વખતે તો આપણે સંકલ્પ કરવો તે ખૂબ જ આવશ્યક પણ બની રહ્યું છે. એક શુભ અવસર પણ છે, અને હવે પછી આપણે જ્યારે આઝાદીનો અવસર મનાવીશું ત્યારે આપણે ૭૫મા વર્ષમાં પ્રવેશ કરીશું. તે સ્વયં એક મોટો અવસર બનીને રહેશે અને એટલા માટે જ આજે આપણે આવનારાં બે વર્ષ માટે ખૂબ મોટા સંકલ્પ લઈને આગળ ધપવાનું છે. ૧૩૦ કરોડ દેશવાસીઓએ ચાલવાનું છે. આપણે જ્યારે આઝાદીના ૭૫મા વર્ષમાં પ્રવેશ કરીશું ત્યારે અને આઝાદીનાં ૭૫ વર્ષ પૂર્ણ થશે ત્યારે આપણે તેને સંકલ્પો પૂર્ણ કર્યાના એક મહા પર્વ તરીકે મનાવીશું.

મારા વહાલા દેશવાસીઓ, આપણા પૂર્વજોએ અખંડ અને એકનિષ્ઠ તપસ્યા કરીને, ત્યાગ અને બલિદાનની ઉચ્ચ ભાવના સ્થાપિત કરીને આપણને જે રીતે આઝાદી અપાવી છે, તેમણે પોતાની જાત ન્યોચ્છાવર કરી દીધી છે, પરંતુ આપણે એ વાત ભૂલીએ નહીં કે ગુલામીના આટલા મોટા સમયખંડમાં કોઈ પણ ક્ષણ એવી નહીં હોય કે જ્યારે આઝાદી માટે લલકાર નહીં કરવામાં આવ્યો હોય. આઝાદીની ઈચ્છા માટે કોઈ ને કોઈ પ્રયાસ કરતું રહ્યું હશે. યુદ્ધમાં ના જોડાયા હોય, ત્યાગ ના પણ કર્યો હોય, અને એક પ્રકારે તેમની જવાની જેલમાં ગુમાવી દીધી હોય, જીવનનાં તમામ સપનાંને, ફાંસીના ફંદાને ચૂમીને નષ્ટ કરી દીધાં હોય, એવા વીર લોકોને નમન કરતાં-કરતાં અદ્ભુત ....એક તરફ સશસ્ત્ર ક્રાંતિનો દોર ચાલી રહ્યો હતો તો બીજી તરફ જન આંદોલનનો દોર ચાલી રહ્યો હતો... પૂજ્ય બાપુના નેતૃત્વમાં રાષ્ટ્ર જાગરણની સાથે-સાથે જન આંદોલનનો એક પ્રવાહ ઊભો થયો હતો, જેણે આઝાદીના આંદોલનને એક નવી ઊર્જા આપી હતી. અને આજે આપણે આઝાદીનું પર્વ મનાવી રહ્યા છીએ.

આઝાદીની આ લડાઈમાં ભારતના આત્માને કચડી નાંખવા માટે સતત પ્રયાસો... અગણિત પ્રયાસો કરવામાં આવ્યા હતા. ભારતને પોતાની સંસ્કૃતિ, પરંપરા, રીતરિવાજ જેવી તમામ બાબતોને ઉખાડીને દૂર કરી દેવા માટે ન જાણે કેટલા પ્રયાસો થયા હશે. એ એક એવો સમયખંડ હતો, સેંકડો વર્ષોનો સમયખંડ હતો. સામ, દામ, દંડ, ભેદ જેવા તમામ ઉપાયો પરાકાષ્ઠા પર હતા અને કેટલાક લોકો તો એવું જ માનીને બેસી ગયા હતા કે આપણે 'યાવચ્ચંદ્ર દિવાકરૌ' અહીંયાં રાજ કરવા માટે આવ્યા છીએ, પરંતુ આઝાદી માટે જે લલકાર કરવામાં આવ્યો તેના કારણે તેમના તમામ ઈરાદાઓ જમીનદોસ્ત થઈ ગયા હતા. એ લોકો એવું વિચારતા હતા કે, આટલો મોટો દેશ, અનેક રાજા રજવાડાં, જાત જાતની બોલીઓ, પહેરવેશ, ખાણીપીણી, અનેક ભાષાઓ - આટલી બધી વિવિધતાઓની વચ્ચે વિખરાયેલો આ દેશ ક્યારેય સંગઠિત થઈને આઝાદીનો જંગ લડી શકશે નહીં. આ લોકો આ દેશની પ્રાણશક્તિને ઓળખી શક્યા નહોતા. આ પ્રાણશક્તિ અંદર પડેલી હોય છે. આ શક્તિને એકસૂત્રથી બાંધીને આપણને સૌને સંગઠિત રાખીને આઝાદીના આ પર્વમાં પૂરી તાકાત સાથે તે લોકો મેદાનમાં આવ્યા તેના કારણે આપણે આઝાદીના જંગમાં વિજય મેળવી શક્યા હતા.

આપણે એવું પણ જાણતા હતા કે, એક એ સમયખંડ હતો કે જ્યારે વિસ્તારવાદની વિચારધારા ધરાવતા લોકો દુનિયામાં કોઈપણ સ્થળે જઈને ફેલાઈ શકતા હતા, ફેલાવનો પ્રયાસ કરતા હતા. પોતાનો ઝંડો સ્થાપિત કરવાની કોશિશ કરતા હતા, પરંતુ ભારતની આઝાદીનું આંદોલન એક પ્રેરણાપુંજ જેવું બની ગયું હતું... દિવ્ય સ્તંભ બની ગયું હતું અને દુનિયાભરમાં આઝાદીની આહલેક સંભળાવા લાગી હતી. અને જે લોકો વિસ્તારવાદની આંધળી દોડમાં લાગેલા હતા અને પોતાનો ઝંડો સ્થાપિત કરવામાં વ્યસ્ત હતા તેમને પોતાના ઈરાદાઓને, વિસ્તારવાદના તેમના ઈરાદાઓનો સામનો કરવા માટે દુનિયાને બે-બે વિશ્વયુદ્ધમાં જોડી દીધા હતા...



માનવતાને તહસનહસ કરી દીધી હતી. અનેક જિંદગીઓ તબાહ કરી દીધી હતી, દુનિયાને તબાહ કરી દીધી હતી.

**ભારતની આ શક્તિને કારણે દુનિયામાં જે પરિવર્તન આવ્યું, વિસ્તારવાદ માટે જે પડકારો ઊભા થયા, ઇતિહાસ એવા ભારતને ક્યારેય પણ નકારી શકશે નહીં**

પરંતુ, આજે એક એવો સમયખંડ છે કે, જેમાં યુદ્ધની સંભાવનાઓની વચ્ચે પણ ભારતે પોતાની આઝાદી માટેની આહલેક છોડી નથી. નથી કોઈને આવવા દીધા અને નથી કોઈને જવા દીધા. દેશને જ્યારે પણ બલિદાનની જરૂર પડી છે ત્યારે બલિદાન આપતા રહ્યા છે, કષ્ટ ભોગવવાની જરૂર પડી ત્યારે કષ્ટ ભોગવતા રહ્યા છે, જન આંદોલનની જરૂર પડી ત્યારે જન આંદોલન ઊભાં કરતા રહ્યા છે અને ભારતની લડાઈને કારણે દુનિયામાં આઝાદીનો એક માહોલ બની ગયો હતો... અને ભારતની આ શક્તિને કારણે દુનિયામાં જે પરિવર્તન આવ્યું, વિસ્તારવાદ માટે જે પડકારો ઊભા થયા, ઈતિહાસ એવા ભારતને ક્યારેય પણ નકારી શકશે નહીં.

મારા વહાલા દેશવાસીઓ, આઝાદીની લડાઈમાં પૂરા વિશ્વાસ સાથે ભારતની એકતાની તાકાત, આપણી સમૂહશક્તિની તાકાત, આપણા સૌના ઊજળા ભવિષ્ય માટે આપણા બધાનો સંકલ્પ, સમર્પણ અને પ્રેરણા, તેની ઊર્જાને સાથે લઈને ભારત દેશ આગળ વધતો ગયો હતો.

**આત્મનિર્ભર ભારત આજે દરેક હિંદુસ્તાનીના મન અને માનસ પર છવાયેલું રહ્યું છે**

મારા વહાલા દેશવાસીઓ, કોરોના વૈશ્વિક મહામારીની વચ્ચે ૧૩૦ કરોડ ભારતીયોએ સંકલ્પ લીધો છે, આત્મનિર્ભર બનવાનો સંકલ્પ લીધો છે અને આત્મનિર્ભર ભારત આજે દરેક હિંદુસ્તાનીના મન અને માનસ પર છવાયેલું રહ્યું છે. આત્મનિર્ભર ભારતનું આ સપનું સંકલ્પમાં પરિવર્તિત થતું દેખાઈ રહ્યું છે. એક રીતે કહીએ તો આ શબ્દ નથી, પણ આજે તે ૧૩૦ કરોડ દેશવાસીઓ માટે મંત્ર બની ગયું છે.

આપણે જાણીએ છીએ કે... હું જ્યારે આત્મનિર્ભર ભારતની વાત કરું છું ત્યારે, આપણામાંથી જે કોઈ લોકો ૨૫ થી ૩૦ વર્ષ ઉપરની ઉંમર ધરાવતા હશે તે બધાએ પોતાના પરિવારમાં, પોતાનાં માતા- પિતા અથવા આપણાં વડીલો પાસેથી સાંભળ્યું હશે કે ભાઈ, દીકરા-દીકરીઓ હવે ૨૦- ૨૧ વર્ષનાં થઈ ગયાં. હવે પોતાના પગ પર ઊભાં રહો. ૨૦-૨૧ વર્ષે પરિવાર પોતાના સંતાનોને પોતાના પગ પર ઊભા રહેવાની અપેક્ષા રાખતો હોય છે. આપણે તો આઝાદીનાં ૭૫ વર્ષથી એક કદમ દૂર છીએ, ત્યારે આપણા માટે પણ... ભારત જેવા દેશે પણ પોતાના પગ ઉપર ઊભા રહેવાનું અનિવાર્ય બની ગયું છે, જે પરિવાર માટે આવશ્યક છે તે દેશ માટે પણ આવશ્યક છે અને એટલા માટે મને વિશ્વાસ છે કે, ભારત આ સપનાંને સાકાર કરીને જ રહેશે... અને તેના કારણે મારા દેશના નાગરિકોના સામર્થ્ય ઉપર મને વિશ્વાસ છે, મને મારા દેશની પ્રતિભા ઉપર ગર્વ છે, મને આ દેશના યુવાનોમાં, દેશની માતૃશક્તિમાં, આપણી મહિલાઓમાં જે અજોડ સામર્થ્ય પડેલું છે તેની પર ભરોસો છે... મને એ બાબતનો ભરોસો છે કે, મારા ભારતની વિચારધારા, ભારતનો અભિગમ, તેના ઉપર મને વિશ્વાસ છે. ઈતિહાસ સાક્ષી છે કે ભારત એક વખત સંકલ્પ કરી લેશે તો તે કરીને જ રહેશે.


અને આ કારણે જ આપણે જ્યારે આત્મનિર્ભર થવાની વાત કરતા હોઈએ ત્યારે દુનિયામાં પણ એક ઉત્સુકતા ઊભી થાય છે. દુનિયાની ભારત પાસે અપેક્ષા પણ છે... અને એટલા માટે જ આપણે તે અપેક્ષાઓને પૂર્ણ કરવા માટે પોતાની જાતને યોગ્ય બનાવવાનું બહુ જ જરૂરી બન્યું છે. આપણે આપણી જાતને તૈયાર કરવાનું ખૂબ જ આવશ્યક બન્યું છે.

ભારતના ચિંતનમાં... ભારત જેવો વિશાળ દેશ, ભારત જેવો યુવાશક્તિથી ભરેલો દેશ, આત્મનિર્ભર ભારતની પહેલી શરત છે આત્મવિશ્વાસથી ભરેલું ભારત... તે તેનો પાયો બને છે અને આ જ વિકાસને નવી ગતિ પ્રાપ્ત થાય છે, નવી ઊર્જા આપવાનું સામર્થ્ય ઊભું થાય છે.

**આપણા માટે વિશ્વ એક પરિવાર છે**

ભારત 'વિશ્વ એક પરિવાર'ના સંસ્કારો વચ્ચે જ મોટું થયું છે અને વિકસ્યું છે. જો વેદમાં કહેવામાં આવતું હોય કે 'વસુધૈવ કુટુમ્બકમ્' તો વિનોબાજી કહેતા હતા 'જય જગત'... અને એટલા માટે જ, આપણા માટે વિશ્વ એક પરિવાર છે અને એટલા માટે... આર્થિક વિકાસની વાત હોય તો તેની સાથે સાથે માનવતાને પણ કેન્દ્રસ્થાને રાખવી જોઈએ, તેનું પણ મહત્ત્વ હોવું જોઈએ, તે વાતને સાથે લઈને આપણે આગળ વધી રહ્યા છીએ.

આજે દુનિયા એકબીજા સાથે જોડાયેલી છે, આજે દુનિયા એકબીજા પર આધારિત છે અને એટલા માટે જ સમયની એ માંગ છે કે વિશ્વની અર્થ વ્યવસ્થામાં ભારત જેવા વિશાળ દેશનું



યોગદાન પણ વધતું રહેવું જોઈએ. વિશ્વકલ્યાણ માટે પણ ભારતનું એક કર્તવ્ય છે અને ભારતે પોતાનું યોગદાન વધારતા રહેવાનું છે. આવું થાય તે માટે ભારતે જાતે સશક્ત બનવું પડશે. ભારતે આત્મનિર્ભર બનવું પડશે. આપણે વિશ્વના કલ્યાણ માટે પણ પોતાની જાતને સામર્થ્યવાન બનાવવી જ પડશે અને તો જ આપણાં મૂળિયાં મજબૂત બનશે. આપણું પોતાનું સામર્થ્ય હશે તો જ આપણે દુનિયાનું કલ્યાણ કરવાની દિશામાં કદમ આગળ ધપાવી શકીશું.

### આપણે ક્યાં સુધી દેશનો કાચો માલ પરદેશ મોકલતા રહીશું

આપણા દેશમાં વિપુલ પ્રમાણમાં કુદરતી સંપત્તિ પડેલી છે, શું શું નથી. આજે સમયની માંગ એ છે કે આપણા આ કુદરતી સંસાધનોની આપણે મૂલ્યવૃદ્ધિ કરીએ. આપણી માનવસંપત્તિમાં આપણે મૂલ્યવૃદ્ધિ કરીએ અને તેને નવી ઊંચાઈ પર લઈ જઈએ. આપણે ક્યાં સુધી દેશનો કાચો માલ પરદેશ મોકલતા રહીશું ? ક્યાં સુધી કાચો માલ પરદેશ જતો રહેશે અને એક રીતે જોઈએ તો આ પરિસ્થિતિ અટકે તેના માટે પણ કાચો માલ દુનિયામાં મોકલીને દુનિયામાંથી તૈયાર વસ્તુઓ પાછી લાવવાની કામગીરી ક્યાં સુધી ચાલતી રહેશે ? અને એટલા માટે જ આપણે પોતાને આત્મનિર્ભર બનાવવા પડશે. આપણી આ શક્તિમાં વિશ્વની જરૂરિયાતો મુજબ મૂલ્યવૃદ્ધિ કરવાની છે અને તે આપણી જવાબદારી છે. આ મૂલ્યવૃદ્ધિ કરવાની દિશામાં આપણે આગળ વધવા માંગીએ છીએ. આપણે વિશ્વમાં યોગદાન આપવા માટે આગળ ધપવા માંગીએ છીએ.

### વિશ્વની જરૂરિયાતો મુજબ આપણે ખેતી ક્ષેત્રે પણ પરિવર્તન લાવવાની આવશ્યકતા છે

અને આવી જ રીતે ખેતીના ક્ષેત્રમાં... એક એવો સમય હતો કે જ્યારે આપણે બહારથી ઘઉં મંગાવીને પોતાનું પેટ ભરતા હતા, પરંતુ આપણા દેશના ખેડૂતોએ એવી કમાલ કરી દેખાડી કે ભારત આજે ખેતીક્ષેત્રે આત્મનિર્ભર બન્યું છે. આજે ભારતના ખેડૂતો, ભારતના નાગરિકોનાં પેટ ભરે છે... અને એટલું જ નહીં, ભારત આજે એ સ્થિતિમાં છે કે દુનિયામાં જે કોઈને જરૂર પડે તેને પણ આપણે અનાજ આપી શકીએ તેમ છીએ. જો આપણી આ તાકાત હોય તો તે આત્મનિર્ભરતાની તાકાત છે... તો આપણા ખેતી ક્ષેત્રમાં પણ મૂલ્યવૃદ્ધિ કરવામાં આવે તે જરૂરી છે. વિશ્વની જરૂરિયાતો મુજબ આપણે ખેતીક્ષેત્રે પણ પરિવર્તન લાવવાની આવશ્યકતા છે. વિશ્વની અપેક્ષાઓને પૂરી કરવા આપણે આપણા કૃષિજગતને પણ આગળ ધપાવવાની જરૂર છે.

આજે આપણો દેશ અનેક નવાં કદમ ઉઠાવી રહ્યો છે. અને એટલા માટે જ તમે જુઓ છો કે આપણે સ્પેસ સેક્ટર ખોલી દીધું છે. દેશના યુવાનોને તક મળી છે. આપણે ખેતીના ક્ષેત્રને કાયદાઓથી મુક્ત કર્યું છે, બંધનોથી મુક્ત કરી દીધું છે. આપણે તેને આત્મનિર્ભર બનાવવાનો પ્રયાસ કર્યો છે. ભારત જ્યારે સ્પેસ સેક્ટરમાં તાકાતવાન દેશ બને છે ત્યારે પડોશીઓને પણ તેનો લાભ થતો હોય છે. તમે જ્યારે ઊર્જા ક્ષેત્રમાં શક્તિશાળી બનો છો ત્યારે પોતાના દેશનો અંધકાર તો દૂર કરી શકો છો, સાથે-સાથે ભારત બીજા દેશોને પણ મદદ કરી શકે છે.

ભારત જ્યારે આરોગ્યના ક્ષેત્રે માળખાગત સુવિધાઓ ઊભી કરવામાં આત્મનિર્ભર બની શકતું હોય તો એક પ્રવાસન મથક તરીકે, આરોગ્યના મથક તરીકે ભારત તેમનો પસંદગીનો દેશ બની શકે છે. અને એટલા માટે જ એ જરૂરી બને છે કે, ભારતમાં બનેલો સામાન સમગ્ર દુનિયામાં વાહવાહી મેળવી શકે. એક એવો પણ જમાનો હતો કે, આપણા દેશમાં જે ચીજો બનતી હતી, આપણા દેશમાં કુશળ માનવબળ મારફતે જે કામ થતાં હતાં તેની પૂરી દુનિયામાં ઘણી વાહવાહી થતી હતી... ઇતિહાસ તેનો સાક્ષી છે.

### પેઢી દર પેઢી આ સામર્થ્ય નષ્ટ થતું જાય છે. આપણે આપણા સામર્થ્યને બચાવવાનું છે

હવે આપણે જ્યારે આત્મનિર્ભર બનવાની વાત કરીએ છીએ ત્યારે માત્ર આયાતો ઓછી કરવાની આપણી વિચારધારા નથી. આપણે જ્યારે આત્મનિર્ભર બનવાની વાત કરીએ છીએ ત્યારે આપણી પાસે જે કૌશલ્ય છે, આપણું જે માનવ સંસાધનનું સામર્થ્ય છે... જ્યારે ચીજો બહારથી આવવા માંડે છે ત્યારે તેનું સામર્થ્ય ખતમ થવા માંડે છે. પેઢી દર પેઢી આ સામર્થ્ય નષ્ટ થતું જાય છે. આપણે આપણા સામર્થ્યને બચાવવાનું છે... વધારવાનું પણ છે. કૌશલ્યને આગળ વધારવાનું છે, સર્જનાત્મકતાને આગળ વધારવાની છે અને તે બાબતે પણ આપણે આગળ વધવાનું છે. આપણે કૌશલ્યવિકાસની દિશામાં ભાર મૂકવાનો છે - આત્મનિર્ભર ભારત માટે, આપણા સામર્થ્યને વધારવા માટે.

### દેશની સામે જો લાખ પડકારો હોય તો દેશ પાસે કરોડો ઉપાય પૂરા પાડે તેવી શક્તિ પણ છે

મારા વહાલા દેશવાસીઓ, હું જાણું છું કે હું જ્યારે આત્મનિર્ભર



ભારતની વાત કરતો હોઉં છું ત્યારે અનેક પ્રકારની આશંકાઓ ઊભી કરવામાં આવે છે. હું એ બાબતે માનતો હોઉં છું કે આત્મનિર્ભર ભારત માટે લાખો પડકારો છે અને જ્યારે વિશ્વસ્પર્ધાના મોડમાં હોઈએ ત્યારે તો આ પડકારો વધી જતા હોય છે, પરંતુ દેશની સામે જો લાખ પડકારો હોય તો દેશ પાસે કરોડો ઉપાય પૂરા પાડે તેવી શક્તિ પણ છે... મારા દેશવાસીઓ એવા છે કે જે આ ઉપાયોને સામર્થ્ય પૂરું પાડે છે.

**વિશ્વની ભલાઈ માટે પણ ભારતે આત્મનિર્ભર બનીને યોગદાન આપવાની જરૂર**

તમે જુઓ, કોરોનાના સંકટકાળમાં આપણે એ પણ જોયું છે કે ઘણી બધી ચીજો માટે આપણે તકલીફો ભોગવી રહ્યા છીએ. આપણે આ ચીજો દુનિયામાંથી લાવવી પડે છે અને દુનિયા તે પૂરી પાડી શકતી નથી. આપણા દેશના નવયુવાનોએ, આપણા દેશના ઉદ્યમીઓએ, આપણા દેશના ઉદ્યોગજગતના લોકો સિવાય અનેક લોકોએ આ બીડું ઉઠાવી લીધું છે. જે દેશમાં એન-૯૫ માસ્ક બનતા ન હતા, જ્યાં પીપીઈ કીટ બનતી ન હતી તે બનવા લાગ્યાં છે. વેન્ટિલેટર બનતાં ન હતાં તે પણ બનવા લાગ્યાં છે. આમાં દેશની જરૂરિયાત તો પૂરી થવા લાગી છે, પરંતુ દુનિયામાં પણ તેની નિકાસ કરવાની આપણી તાકાત વધી છે. દુનિયાની એ જરૂરિયાત હતી, આત્મનિર્ભર ભારત દુનિયાને કેવી રીતે મદદ કરી શકે છે... આજે આપણને તે જોવા મળ્યું છે અને એટલા માટે જ વિશ્વની ભલાઈ માટે પણ ભારતે આત્મનિર્ભર બનીને યોગદાન આપવાની જરૂર ઊભી થાય છે.

**વોકલ ફોર લોકલ**

ઘણું થઈ ચૂક્યું... આઝાદ ભારતની માનસિકતા કેવી હોવી જોઈએ, આઝાદ ભારતની માનસિકતા વોકલ ફોર લોકલની હોવી જોઈએ... આપણાં જે સ્થાનિક ઉત્પાદનો છે તેનું આપણને ગૌરવ હોવું જોઈએ. આપણે જો આપણી ચીજો માટે જ ગૌરવ નહીં કરીએ તો, તે ચીજોને સારી બનવાની તક પણ નહીં મળે. આ ચીજો બનાવનારની હિંમત પણ નહીં વધે. આવો, આપણે સૌ સાથે મળીને સંકલ્પ કરીએ. આઝાદીના ૭૫મા વર્ષ તરફ આપણે જ્યારે આગળ વધી રહ્યા છીએ ત્યારે વોકલ ફોર લોકલ જીવનમંત્ર બની જાય. અને આપણે સૌ સાથે મળીને ભારતની આ તાકાત વધારતા રહીએ.

**દેશની હકીકત બની ચૂકી**


મારા વ્હાલા દેશવાસીઓ, આપણા દેશે કેવી-કેવી કમાલ કરી છે, કેવી-કેવી રીતે આગળ વધતો રહ્યો છે તે વાતને તમે સારી રીતે સમજી શકો છો. કોણે વિચાર કર્યો હતો કે ક્યારેક ગરીબોના જન ધન ખાતામાં લાખો કરોડો રૂપિયા સીધા જ તબદીલ થશે. કોણ વિચારી શકતું હતું કે, ખેડૂતોના હિત માટે એપીએમસી જેવો કાયદો... તેમાં આટલાં પરિવર્તનો આવશે. કોણે વિચાર્યું હશે કે, આપણા વેપારીઓના માથે જેની તલવાર લટકતી હતી તે આવશ્યક ચીજવસ્તુ ધારો... આટલાં વર્ષો પછી બદલી નાંખવામાં આવશે. કોણે વિચાર્યું હશે કે આપણા સ્પેસ સેક્ટરને આપણા દેશના યુવાનો માટે ખુલ્લાં મૂકી દેવામાં આવશે. આજે આપણે જોઈ રહ્યા છીએ કે રાષ્ટ્રીય શિક્ષણનીતિ હોય, વન નેશન - વન રેશન કાર્ડની વાત હોય કે પછી વન નેશન - વન ગ્રીડની વાત હોય, કે પછી વન નેશન - વન ટેક્સની વાત હોય. ઈન્સોલ્વન્સી અને બેંકરપ્સી કોડની વાત હોય. ભલે બેંકોનું જોડાણ કરવાનો પ્રયાસ હોય. આ બધી બાબતો દેશની સચ્ચાઈ બની ચૂકી છે, દેશની હકીકત બની ચૂકી છે.

**ભારતમાં સીધા વિદેશી મૂડીરોકાણના આજ સુધીના તમામ રેકોર્ડ તૂટી ગયા**

ભારતમાં પરિવર્તનના આ સમયખંડમાં સુધારાઓનાં જે પરિણામો હાંસલ થયાં છે તેને દુનિયા જોઈ રહી છે. એક પછી એક... એકબીજા સાથે જોડાયેલા જે સુધારા આપણે કરી રહ્યા છીએ તેને દુનિયા ખૂબ જ ઝીણવટપૂર્વક જોઈ રહી છે અને તેના કારણે જ વીતેલાં વર્ષોમાં ભારતમાં સીધા વિદેશી મૂડીરોકાણના આજ સુધીના તમામ રેકોર્ડ તૂટી ગયા છે. સીધા વિદેશી મૂડીરોકાણના અત્યાર સુધીના તમામ રેકોર્ડ તૂટી ગયા છે.

વીતેલા વર્ષમાં ભારતમાં સીધા વિદેશી મૂડીરોકાણમાં ૧૮ ટકાની વૃદ્ધિ થઈ છે... વધારો થયો છે. અને એટલા માટે જ કોરોનાના આ સમયમાં દુનિયાની મોટી મોટી કંપનીઓ પણ ભારત તરફ નજર નાંખી રહી છે. આ વિશ્વાસ અમસ્તો જ ઊભો થયો નથી. દુનિયા કાંઈ આપમેળે જ આકર્ષિત થઈ જતી નથી. અને તેના માટે જ ભારતે પોતાની નીતિઓ પર, ભારતે પોતાના લોકતંત્ર પર તથા ભારતે પોતાની અર્થવ્યવસ્થાનો પાયો મજબૂત બનાવવા માટે જે કામ કર્યું છે તેના કારણે જ આ આત્મવિશ્વાસ ઊભો થયો છે.

દુનિયાભરના અનેક બિઝનેસ આજે ભારતને સપ્લાય ચેઈનના કેન્દ્ર તરીકે જોઈ રહ્યા છે. આપણે હવે મેક ઈન ઈન્ડિયાની સાથે-સાથે મેક ફોર



વર્લ્ડનો મંત્ર લઈને પણ આગળ વધવાનું છે.

૧૩૦ કરોડ દેશવાસીઓનું સામર્થ્ય... પાછળના થોડાક દિવસોને જરા યાદ કરો... અને ૧૩૦ કરોડ દેશવાસીઓના સામર્થ્ય માટે ગર્વ કરો. એક સમય એવો પણ હતો કે, જ્યારે કોરોનાના આ મોટા સમયખંડ વચ્ચે એક તરફ ચક્રવાત, પૂર્વમાં પણ ચક્રવાત, પશ્ચિમમાં પણ ચક્રવાત. વીજળી પડવાને કારણે અનેક લોકોના મોતના સમાચારો. અનેક જગાએ વારંવાર ભૂ-સ્ખલન થવાની ઘટનાઓ, નાના મોટા ભૂકંપના આંચકાઓ... આ બધું ઓછું હોય તેમ આપણા ખેડૂતો માટે તીડનાં ટોળાંની આફત પણ આવી પહોંચી હતી. ન જાણે એક સાથે અનેક મુસીબતોનો અંબાર ખડકાઈ ગયો હતો, પરંતુ આ બધી તકલીફો હોવા છતાં પણ આ દેશે પોતાનો વિશ્વાસ સહેજ પણ ગુમાવ્યો ન હતો. દેશ આત્મવિશ્વાસ સાથે આગળ વધતો રહ્યો હતો.

**સંકટની ઘડીમાં માળખાગત સુવિધાઓ પર જેટલો ભાર મૂકવામાં આવશે તેના કારણે આર્થિક ગતિવિધિઓ વધતી રહેવાની છે**

દેશવાસીઓના જીવનને, દેશની અર્થવ્યવસ્થાને કોરોનાની અસરથી જલદીમાં જલદી બહાર કાઢવી તે આપણી આજે અગ્રતા છે. આમાં નેશનલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાઈપલાઈનની પણ મોટી ભૂમિકા રહેશે. તેના માટે રૂ.૧૧૦ લાખ કરોડ કરતાં વધુનો ખર્ચ કરવામાં આવશે. આ સિવાય અલગ-અલગ ક્ષેત્રોમાં લગભગ ૭,૦૦૦ પ્રોજેક્ટસ ઓળખવામાં આવ્યા છે, કે જેનાથી દેશમાં માળખાગત સુવિધાઓનો એકંદર વિકાસ થશે અને વિકાસને એક નવી દિશા મળશે, એક નવી ગતિ પણ પ્રાપ્ત થશે... અને એટલા માટે જ એવું કહેવામાં આવે છે કે આવા સંકટની ઘડીમાં માળખાગત સુવિધાઓ પર જેટલો ભાર મૂકવામાં આવશે તેના કારણે આર્થિક ગતિવિધિઓ વધતી રહેવાની છે, લોકોને રોજગાર મળી રહેશે અને કામ પણ મળી રહેશે. તેની સાથે જોડાયેલાં અનેક કામો એક સાથે ચાલતાં હોય છે. નાના મોટા ઉદ્યોગો, ખેડૂતો, દરેક મધ્યમ વર્ગ વગેરેને તેનો ઘણો લાભ થતો હોય છે.

અને આજે હું એક વાત યાદ કરાવવા માંગુ છું... જ્યારે શ્રી અટલ બિહારી વાજપેયીજી આપણા દેશના પ્રધાનમંત્રી હતા ત્યારે તેમણે સ્વર્ણિમ ચતુર્ભૂજ નામે એક ખૂબ મોટી અને દૂરગામી અસર પેદા કરે તેવી યોજનાનો પ્રારંભ કર્યો હતો. અને દેશના રોડ નેટવર્કને, માળખાગત સુવિધાઓના વિકાસને નેક્સ્ટ જનરેશન સુધી લઈ ગયા હતા. આજે પણ આ સ્વર્ણિમ ચતુર્ભૂજ તરફ દેશ મોટા ગૌરવ સાથે જોઈ રહ્યો છે કે આપણું ભારત બદલાઈ રહ્યું છે.

**ટુકડાઓમાં કામ કરવાની સ્થિતિ ખતમ કરીને આપણે આ તમામ વ્યવસ્થાને નવી તાકાત આપવાનું કામ કરીશું**

મારા વહાલા દેશવાસીઓ, અટલજીએ પોતાના સમયમાં આ કામ કર્યું હતું, પરંતુ આપણે હવે તેને આગળ ધપાવવાનું છે. આપણે તેને નવી દિશામાં લઈ જવાનું છે. આપણે ટુકડાઓમાં ચાલી શકતા નથી. આપણે માળખાગત સુવિધાઓ અને માર્ગોનાં કામ કરવાનાં છે. રેલવેનાં કામ, રેલવેમાં ચાલતાં રહેશે... રેલવેને રોડ સાથે કોઈ સંબંધ ના હોય કે પછી રોડને પણ રેલવે સાથે કોઈ સંબંધ ના હોય. એરપોર્ટને પોર્ટ સાથે કોઈ સંબંધ ના હોય કે પછી પોર્ટને એરપોર્ટ સાથે કોઈ સંબંધ ના હોય. રેલવે સ્ટેશનને બસ સાથે સંબંધ ના હોય કે બસને રેલવે સાથે સંબંધ ના હોય તેવી સ્થિતિ નહીં હોવી જોઈએ. હવે આપણી તમામ માળખાગત સુવિધાઓ એક ઘનિષ્ઠ પ્રકારે કામ કરતી થાય, સુસંકલિત થાય, એકબીજાને પૂરક બની રહે. રેલવે રોડને પૂરક બની રહે. રોડથી સી-પોર્ટ પૂરક બને, સી-પોર્ટ, પોર્ટ સાથે પૂરક બને. આ એક નવી સદી માટેની આપણી મલ્ટી મોડેલ કનેક્ટિવિટી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને જોડવા માટે આગળ ધપવાની વાત છે. આ એક નવું પાસું બની રહેશે. ખૂબ મોટું સપનું લઈને આપણે આ કામ શરૂ કર્યું છે અને મને વિશ્વાસ છે કે, ટુકડાઓમાં કામ કરવાની સ્થિતિ ખતમ કરીને આપણે આ તમામ વ્યવસ્થાને નવી તાકાત આપવાનું કામ કરીશું.

તેની સાથે સાથે આપણા દરિયાકાંઠા.. વિશ્વવેપારમાં દરિયા-કિનારાઓનું પોતાનું ઘણું મહત્ત્વ હોય છે. જ્યારે અમે બંદર સંચાલિત વિકાસને આગળ લઈને ચાલી રહ્યા છીએ, ત્યારે આવનાર દિવસોમાં, સમુદ્રીતટના સંપૂર્ણ ભાગોમાં ચાર લેન માર્ગ બનાવવાની દિશામાં એક આધુનિક ઈન્ફ્રાસ્ટ્રકચર બનાવવામાં અમે કામ કરીશું.

મારા વહાલા દેશવાસીઓ, આપણે ત્યાં શાસ્ત્રોમાં એક બહુ મોટી વાત અને બહુ મહત્ત્વપૂર્ણ વાત કહેવામાં આવી છે. આપણે ત્યાં શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે - 'સામર્થ્યમૂલમ્ સ્વાતંત્ર્યં, શ્રમમૂલં ચ વૈભવં' અર્થાત્ કોઈપણ સમાજની, કોઈપણ રાષ્ટ્રની આઝાદીનો સ્રોત તેનું સામર્થ્ય હોય છે.. અને તેનો વૈભવ, ઉન્નતિ, પ્રગતિનો



સ્રોત તેની શ્રમશક્તિ છે. અને એટલા માટે સામાન્ય નાગરિક - શહેર હોય કે ગામ - તેની મહેનતનો કોઈ મુકાબલો નથી. મહેનતુ સમાજને જ્યારે સુવિધાઓ મળી જાય છે, જીવનનો સંઘર્ષ, રોજબરોજની મુસીબતો હળવી થાય છે, તો તેની ઊર્જા, તેની શક્તિ એકદમ ખીલી ઊઠે છે.. બહુ મોટી કમાલ કરીને રહે છે. વીતેલાં છ વર્ષોમાં દેશના મહેનતુ નાગરિકોના જીવનને વધુ સારું બનાવવા માટે અનેક અભિયાનો ચલાવવામાં આવ્યાં છે. તમે જુઓ બેન્કનાં ખાતાં હોય, પાકાં ઘરોની વાત હોય, આટલી મોટી માત્રામાં શૌચાલય બનાવવાનાં હોય, દરેક ઘરમાં વીજળીનાં જોડાણો પહોંચાડવાનું કામ હોય, માતાઓ-બહેનોને ધુમાડાથી મુક્ત કરાવવા માટે ગેસનાં જોડાણો આપવાનું કામ હોય, ગરીબમાં ગરીબને વીમા સુરક્ષા આપવાનો પ્રયાસ હોય, પાંચ લાખ રૂપિયા સુધી સારામાં સારાં દવાખાનામાં મફત ઈલાજ કરાવવા માટે આયુષ્માન ભારત યોજના હોય, કરિયાણાની દુકાનોને ટેકનોલોજી સાથે જોડવાની વાત હોય - દરેક ગરીબ, દરેક વ્યક્તિને કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના, સંપૂર્ણ પારદર્શકતા સાથે તેને લાભ પહોંચાડવામાં છેલ્લાં છ વર્ષમાં ઘણી સારી રીતે પ્રગતિ કરી છે.

કોરોનાના સંકટમાં પણ આ વ્યવસ્થાઓ વડે ઘણી મદદ મળી રહી છે. આ દરમિયાન કરોડો ગરીબ પરિવારોને મફત ગેસનાં સિલિન્ડરો પહોંચાડવા.. રૅશન કાર્ડ હોય કે ના હોય, ૮૦ કરોડ કરતાં વધુ મારા દેશવાસીઓના ઘરનો ચૂલો સળગતો રહે.. ૮૦ કરોડ દેશવાસીઓને મફતમાં અનાજ પહોંચાડવાનું કામ હોય, ૯૦ હજાર કરોડ રૂપિયા કરતાં વધુ સીધા બેન્ક ખાતામાં પૈસા ટ્રાન્સફર થાય - કેટલાંક વર્ષો અગાઉ તો વિચારી પણ નહોતા શકતા, કલ્પના જ નહોતા કરી શકતા કે દિલ્હીમાંથી સો રૂપિયા નીકળે અને સોએ સો રૂપિયા ગરીબના ખાતામાં જમા થઈ જાય, તે પહેલાં ક્યારેય વિચારી પણ શકાય તેમ નહોતું.

**આપણા ગરીબોને સશક્ત કરવાની દિશામાં અમે કામ કરી રહ્યા છીએ**

પોતાના જ ગામમાં રોજગાર માટે ગરીબ કલ્યાણ રોજગાર અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. શ્રમિક સાથી પોતાની જાતને રી-સ્કિલ કરે, અપ-સ્કિલ કરે તેની પર વિશ્વાસ કરીને, શ્રમશક્તિ પર ભરોસો કરીને, ગામના સંસાધનો પર ભરોસો કરીને, અમે વોકલ ફોર લોકલ પર ભાર મૂકીને રી-સ્કિલ, અપ-સ્કિલ દ્વારા પોતાના દેશની શ્રમશક્તિને, આપણા ગરીબોને સશક્ત કરવાની દિશામાં કામ કરી રહ્યા છીએ.


શહેરોમાં આપણા જે શ્રમિકો છે- કારણ કે આર્થિક ગતિવિધિનું કેન્દ્ર શહેર છે - ગામડાંઓમાંથી.. દૂર દૂરથી લોકો શહેરોમાં આવે છે, શેરીના ફેરિયાઓ હોય, ફૂટપાથ પર લારીઓવાળા લોકો હોય, આજે બેન્કોમાંથી તેમને સીધા પૈસા આપવાની યોજના ચાલી રહી છે. લાખો લોકોએ આટલા ઓછા સમયમાં - કોરોનાના કાળખંડમાં - તેનો ફાયદો ઉઠાવ્યો છે. હવે તેમને ક્યાંયથી પણ વધુ વ્યાજ પર પૈસા લેવાની જરૂર નહિ પડે. બેંકથી તેઓ અધિકારપૂર્વક પોતાના પૈસા લઈ શકશે.

તે જ રીતે જ્યારે શહેરમાં આપણા શ્રમિકો આવે છે, તેમને રહેવાની જો સારી સુવિધા મળી જાય તો તેમની કાર્યદક્ષતામાં પણ ખાસ્સી વૃદ્ધિ થાય છે અને એ જ વાતને ધ્યાનમાં રાખીને શહેરની અંદર તેમના માટે અમે આવાસની વ્યવસ્થા કરવા એક બહુ મોટી યોજના બનાવી છે, જેથી શહેરની અંદર જ્યારે શ્રમિક આવશે, તે પોતાના કામ માટે મુક્ત મન વડે સંપૂર્ણ વિશ્વાસની સાથે આગળ વધી શકશે.

**૧૧૦ જિલ્લાઓને, કે જે આપણી વિકાસયાત્રામાં ક્યાંક પાછળ રહી ગયા છે, તેમને આગળ લઈ જવા માટે પ્રયાસ કરી રહ્યા છીએ**

મારા વહાલા દેશવાસીઓ, એ પણ સત્ય છે કે વિકાસની આ યાત્રામાં પણ આપણે જોયું છે કે જે રીતે સામાજિક જીવનમાં કેટલાક તબક્કાઓ પાછળ રહી જાય છે, ગરીબીમાંથી બહાર નીકળી જ નથી શકતા, તે જ રીતે રાષ્ટ્રીય જીવનમાં પણ કેટલાંક ક્ષેત્ર હોય છે, કેટલાક ભૂ-ભાગ હોય છે, કેટલાક વિસ્તારો હોય છે, જે પાછળ રહી જાય છે. આત્મનિર્ભર ભારત બનાવવા માટે, આપણા માટે સંતુલિત વિકાસ ઘણો જરૂરી છે અને અમે ૧૧૦થી વધુ મહત્ત્વાકાંક્ષી જિલ્લાઓ શોધી કાઢ્યા છે. તે ૧૧૦ જિલ્લાઓને કે જે સરેરાશ કરતાં પાછળ છે, તેમને રાજ્યની અને રાષ્ટ્રની સરેરાશ સુધી લઈ આવવાના છે, બધા જ માપદંડોમાં લાવવાના છે. ત્યાંના લોકોને વધુ સારી શિક્ષા મળે, ત્યાંના લોકોને વધુ સારી સ્વાસ્થ્ય-સુવિધાઓ પ્રાપ્ત થાય, ત્યાંના લોકો માટે રોજગારના સ્થાનિક અવસરો ઉત્પન્ન થાય, અને તેમના માટે અમે સતત આ ૧૧૦ જિલ્લાઓને, કે જે આપણી વિકાસયાત્રામાં ક્યાંક પાછળ રહી ગયા છે, તેમને આગળ લઈ જવા માટે પ્રયાસ કરી રહ્યા છીએ.

મારા વ્હાલા દેશવાસીઓ, આત્મનિર્ભર ભારતની મહત્ત્વની પ્રાથમિકતા આત્મનિર્ભર કૃષિ અને આત્મનિર્ભર ખેડૂત છે અને તેમને અમે



ક્યારેય નજરઅંદાજ નથી કરી શકતા. ખેડૂતોને છેલ્લા કેટલાક સમયમાં આપણે જોયા છે. એક પછી એક સુધારાઓ આઝાદીનાં આટલાં વર્ષો બાદ કરવામાં આવ્યા છે. ખેડૂતને તમામ બંધનોમાંથી મુક્ત કરવો પડશે, તે કામ અમે કરી નાખ્યું છે.

તમે વિચારી પણ નહિ શકતા હોવ, આપણા દેશમાં જો તમે સાબુ પણ બનાવો છો, તો હિન્દુસ્તાનના તે ખૂણામાં જઈને સાબુ વેચી શકો છો, તમે જો કપડું બનાવો છો, તો હિન્દુસ્તાનના કોઈપણ ખૂણામાં જઈને કપડું વેચી શકો છો, તમે ખાંડ બનાવો, તમે ખાંડ વેચી શકો છો, પરંતુ મારો ખેડૂત - ઘણા લોકોને ખબર નહિ હોય - મારા દેશનો ખેડૂત જે ઉત્પાદન કરતો હતો, ના તો તે પોતાની મરજી મુજબ વેચી શકતો હતો, ના તો પોતાની મરજી મુજબ જ્યાં વેચવા માંગતો હોય ત્યાં વેચી શકતો હતો; તેના માટે જે સીમા નક્કી કરવામાં આવી હતી, ત્યાં જ તેને વેચવું પડતું હતું. તે બધાં જ બંધનોને અમે ખતમ કરી દીધાં છે.

હવે હિન્દુસ્તાનનો ખેડૂત તે આઝાદીના શ્વાસને લઈ શકશે જેથી કરીને તે હિન્દુસ્તાનના કોઈપણ ખૂણામાં, દુનિયાના કોઈપણ ખૂણામાં પોતાનો માલ વેચવા માંગતો હોય, તે પોતાની શરતો પર વેચી શકશે. અમે ખેડૂતની આવકને વધારવા માટે અનેક વૈકલ્પિક ચીજવસ્તુઓ પર ભાર મૂક્યો છે. તેની ખેતીવાડીમાં થતો ખર્ચો કઈ રીતે ઓછો થાય, સોલર પંપ - તેને ડીઝલ પંપમાંથી મુક્તિ કઈ રીતે અપાવી શકીએ, અન્નદાતા ઊર્જાદાતા કઈ રીતે બને, મધમાખીનો ઉછેર હોય, મત્સ્યપાલન હોય, મરઘાંઉછેર હોય, આવી અનેક ચીજવસ્તુઓ તેની સાથે જોડાઈ જાય, જેથી તેની આવક બમણી થઈ જાય, તે દિશામાં અમે સતત કામ કરી રહ્યા છીએ.

આજે સમયની માંગ છે આપણું કૃષિક્ષેત્ર આધુનિક બને. મૂલ્યવૃદ્ધિ થાય, મૂલ્ય ઉમેરણ થાય, ખાદ્યાન્ન પ્રક્રિયા થાય, પેકેજિંગની વ્યવસ્થા હોય, તેને સંભાળવાની વ્યવસ્થા હોય, અને એટલા માટે સારા ઇન્ફ્રાસ્ટ્રક્ચરની જરૂરિયાત છે.

તમે જોયું હશે કે આ કોરોના કાળખંડમાં જ છેલ્લા કેટલાક દિવસોમાં એક લાખ કરોડ રૂપિયા કૃષિ ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે ભારત સરકારે ફાળવ્યા છે. ઇન્ફ્રાસ્ટ્રકચર કે જે ખેડૂતોના કલ્યાણ માટે હશે અને તેના કારણે ખેડૂત પોતાનું મૂલ્ય પણ પ્રાપ્ત કરી શકશે, દુનિયાના બજારમાં વેચી પણ શકશે, વિશ્વબજારમાં તેની પહોંચ વધશે.

આજે આપણે ગ્રામીણ ઉદ્યોગોને મજબૂત કરવાની જરૂરિયાત છે. ગ્રામીણ ક્ષેત્રોમાં ખાસ રીતે આર્થિક કલસ્ટર બનાવવામાં આવશે. કૃષિ અને બિનકૃષિ ઉદ્યોગોની ગામડાંઓની અંદર એક જાળ પાથરવામાં આવશે અને તેના કારણે તેની સાથે સાથે ખેડૂતો માટે જે નવા FPO - ખેડૂત ઉત્પાદક સંઘ બનાવવાનો અમે પ્રયાસ કર્યો છે, તે પોતાનામાં જ એક બહુ મોટા આર્થિક સશક્તિકરણનું કામ કરશે.

ભાઈઓ-બહેનો, મેં ગઈ વખતે અહીંયાં આગળ જળ જીવન મિશનની જાહેરાત કરી હતી, આજે તેને એક વર્ષ થવા જઈ રહ્યું છે. હું આજે ગર્વ સાથે કહી શકું છું કે જે અમે સપનું લીધું છે કે પીવાનું ચોખ્ખું પાણી, 'નળથી જળ' આપણા દેશવાસીઓને મળવું જોઈએ, સ્વાસ્થ્યની સમસ્યાઓનું સમાધાન પણ પીવાના ચોખ્ખા પાણી સાથે જોડાયેલું હોય છે. અર્થવ્યવસ્થામાં પણ તેનું ઘણું મોટું યોગદાન હોય છે.. અને તેને લઈને જળ જીવન મિશન શરૂ કરવામાં આવ્યું છે.

**છેલ્લા એક વર્ષમાં ૨ કરોડ પરિવારો સુધી અમે પાણી પહોંચાડવામાં સફળ રહ્યા છીએ**

આજે મને સંતોષ છે કે દરરોજ અમે એક લાખ કરતાં વધુ ઘરોમાં - પ્રતિદિન એક લાખથી વધુ ઘરોમાં પાણી પહોંચાડી રહ્યા છીએ.. પાઈપ વડે પાણી પહોંચાડી રહ્યા છીએ. અને છેલ્લા એક વર્ષમાં ૨ કરોડ પરિવારો સુધી અમે પાણી પહોંચાડવામાં સફળ રહ્યા છીએ. અને ખાસ કરીને જંગલોમાં દૂર દૂર રહેનારા આપણા આદિવાસીઓના ઘરો સુધી જળ પહોંચાડવાનું કામ.. બહુ મોટું અભિયાન ચાલ્યું છે. અને મને ખુશી છે કે આજે 'જળજીવન મિશને' દેશમાં એક તંદુરસ્ત સ્પર્ધાનો માહોલ પણ બનાવ્યો છે. જિલ્લા જિલ્લાની વચ્ચે તંદુરસ્ત સ્પર્ધા થઈ રહી છે, નગર નગરની વચ્ચે તંદુરસ્ત સ્પર્ધા થઈ રહી છે, રાજ્ય રાજ્યની વચ્ચે તંદુરસ્ત સ્પર્ધા થઈ રહી છે. દરેક વ્યક્તિને લાગી રહ્યું છે કે પ્રધાનમંત્રી 'જળ જીવન મિશન'નું આ જે સપનું છે, તેને આપણે જલદીથી જલદી આપણા ક્ષેત્રમાં પૂરું કરીશું. સહયોગાત્મક સ્પર્ધાત્મક સંઘવાદની એક નવી તાકાત જળ જીવન મિશનની સાથે જોડાઈ ગઈ છે અને તેની સાથે અમે પણ આગળ વધી રહ્યા છીએ.

**મધ્યમ વર્ગીય પરિવારોને ઘર મળી જાય.. તેના માટે અમે હવે પગલાં ભર્યાં છે**

મારા વહાલા દેશવાસીઓ, ભલે આપણું કૃષિક્ષેત્ર હોય, કે આપણા લઘુ ઉદ્યોગોનું ક્ષેત્ર હોય, કે પછી આપણા નોકરી ધંધા કરતા સમાજના લોકો હોય, આ લગભગ બધા



લોકો એક રીતે ભારતનો બહુ મોટો મધ્યમ વર્ગ છે. અને મધ્યમ વર્ગમાંથી નીકળેલા વ્યવસાયિકો આજે દુનિયામાં પોતાનો ડંકો વગાડી રહ્યા છે. મધ્યમ વર્ગમાંથી નીકળીને આપણા ડૉક્ટર્સ, એન્જિનિયર્સ, વકીલ, વિજ્ઞાનીઓ બધા જ લોકો દુનિયાની અંદર પોતાના નામનો ડંકો વગાડી રહ્યા છે. અને એટલા માટે એ વાત સાચી છે કે મધ્યમ વર્ગને જેટલા અવસરો મળ્યા છે, તે અનેકગણી તાકાત સાથે ઊપસીને બહાર આવે છે. અને એટલા માટે મધ્યમ વર્ગને સરકારી દરમિયાનગીરીમાંથી મુક્તિ જોઈએ છે, મધ્યમ વર્ગને અનેક નવા અવસરો જોઈએ છે, તેમને ખુલ્લું મેદાન જોઈએ અને અમારી સરકાર સતત મધ્યમ વર્ગનાં આ સપનાંઓને પૂરાં કરવા માટે કામ કરી રહી છે. મધ્યમ વર્ગ ચમત્કારો સર્જવાની તાકાત ધરાવે છે. જીવન જીવવાની સરળતા.. તેનો સૌથી મોટો લાભ કોઈને થવાનો છે તો મારા મધ્યમ વર્ગના પરિવારોને થવાનો છે. સસ્તા ઈન્ટરનેટની વાત હોય, ભલે સસ્તા સ્માર્ટફોનની વાત હોય કે ઉડાન અંતર્ગત વિમાનયાત્રાની ટિકિટોની કિંમતો ખૂબ લઘુતમ થઈ જવાની વાત હોય કે આપણા ધોરીમાર્ગો હોય, ઈન્ફોર્મેશન વેઝ હોય - આ બધી જ વસ્તુઓ મધ્યમ વર્ગની તાકાતને વધારનારી છે. આજે તમે જોયું હશે મધ્યમ વર્ગમાં જે ગરીબીમાંથી બહાર નીકળે છે, તેનું સૌપ્રથમ સપનું હોય છે પોતાનું ઘર હોવું જોઈએ, તે એક બરાબરીની જિંદગી જીવવા ઇચ્છે છે. દેશમાં બહુ મોટું કામ અમે EMI ના ક્ષેત્રમાં કર્યું છે અને તેના કારણે ઘરની લોન સસ્તી થઈ અને જ્યારે એક ઘર માટે કોઈ લોન લે છે તો લોન પૂરી કરતાં કરતાં આશરે ૬ લાખ રૂપિયા સુધીની તેને છૂટ મળી જાય છે. છેલ્લા કેટલાક દિવસોમાં ધ્યાનમાં આવ્યું હતું કે ખૂબ ગરીબ મધ્યમ વર્ગના પરિવારોએ પૈસા લગાવ્યા છે પરંતુ યોજનાઓ પૂરી ના થવાના કારણે પોતાનું ઘર નથી મળી રહ્યું.. ભાડાં ભરવાં પડી રહ્યાં છે. ભારત સરકારે ૨૫ હજાર કરોડ રૂપિયાનું વિશેષ ભંડોળ બનાવીને આ જે અડધાંપડધાં ઘરો છે, તેમને પૂરાં કરીને મધ્યમ વર્ગીય પરિવારોને ઘર મળી જાય.. તેના માટે અમે હવે પગલાં ભર્યાં છે.

GST માં ખૂબ ઝડપથી ટેક્સેશન ઓછું થયું છે, આવક વેરો ઓછો થયો છે. આજે ઓછામાં ઓછી તે પ્રકારની વ્યવસ્થાઓ સાથે અમે દેશને આગળ વધારવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. સહકારી બેન્કોને આરબીઆઈ સાથે જોડવી.. તે પોતાનામાં જ મધ્યમ વર્ગીય પરિવારોના પૈસાને સુરક્ષિત રાખવાની બાંહેધરી સાથે જોડાયેલ કામ છે.

**MSME ક્ષેત્રમાં જે સુધારાઓ થયા છે, કૃષિક્ષેત્રમાં જે સુધારાઓ થયા છે, તેનો સીધેસીધો લાભ આપણા આ મધ્યમ વર્ગીય મહેનતુ પરિવારોને જવાનો છે**

MSME ક્ષેત્રમાં જે સુધારાઓ થયા છે, કૃષિક્ષેત્રમાં જે સુધારાઓ થયા છે, તેનો સીધેસીધો લાભ આપણા આ મધ્યમ વર્ગીય મહેનતુ પરિવારોને જવાનો છે અને તેના કારણે હજારો કરોડો રૂપિયાનું વિશેષ ભંડોળ, આજે જે આપણા વેપારી બંધુઓને, આપણા લઘુ ઉદ્યોગકારોને આપણે આપી રહ્યા છીએ, તેમને આનો લાભ મળવાનો છે. સામાન્ય ભારતીયની શક્તિ, તેની ઊર્જા આત્મનિર્ભર ભારત અભિયાનનો એક બહુ મોટો આધાર છે. આ તાકાતને જાળવી રાખવા માટે પ્રત્યેક સ્તર પર સતત કામ ચાલી રહ્યું છે.


મારા વહાલા દેશવાસીઓ, આત્મનિર્ભર ભારતના નિર્માણમાં, આધુનિક ભારતના નિર્માણમાં, નવા ભારતના નિર્માણમાં, સમૃદ્ધ અને ખુશહાલ ભારતના નિર્માણમાં, દેશની શિક્ષણવ્યવસ્થાનું ઘણું મોટું મહત્ત્વ છે. આ જ વિચારધારા સાથે દેશને ત્રણ દાયકા બાદ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ આપવામાં અમે આજે યશસ્વી બન્યા છીએ.

**રાષ્ટ્રીય શિક્ષણનીતિ આપણા વિદ્યાર્થીઓને મૂળ સાથે જોડશે. પરંતુ સાથે સાથે તેમને એક વૈશ્વિક નાગરિક બનવા માટેનું પણ સંપૂર્ણ સામર્થ્ય આપશે**

હિન્દુસ્તાનના દરેક ખૂણામાં તેના સ્વાગતના સમાચાર એક નવી ઊર્જા, એક નવો વિશ્વાસ અપાવી રહ્યા છે. આ શિક્ષણ.. આ રાષ્ટ્રીય શિક્ષણનીતિ આપણા વિદ્યાર્થીઓને મૂળ સાથે જોડશે. પરંતુ સાથે સાથે તેમને એક વૈશ્વિક નાગરિક બનવા માટેનું પણ સંપૂર્ણ સામર્થ્ય આપશે. તે મૂળ સાથે જોડાયેલો રહેશે પરંતુ તેનું માથું આકાશની ઊંચાઈઓને સ્પર્શતું રહેશે.

આજે તમે જોયું હશે કે રાષ્ટ્રીય શિક્ષણનીતિમાં એક વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે - રાષ્ટ્રીય સંશોધન સંસ્થાન ઉપર. કારણ કે દેશને પ્રગતિ કરવા માટે ઈનોવેશન ખૂબ જરૂરી હોય છે. ઈનોવેશનને જેટલું પ્રોત્સાહન મળશે.. સંશોધનને જેટલું પ્રોત્સાહન મળશે, તેટલી જ દેશને આગળ લઈ જવામાં.. સ્પર્ધાત્મક વિશ્વમાં આગળ વધવામાં ઘણી તાકાત મળશે.

તમે ક્યારેય શું વિચાર્યું હશે કે આટલી ઝડપથી ગામડાંઓ સુધી ઓનલાઇન ક્લાસ.. આટલી ઝડપથી આવો માહોલ બની જશે. ક્યારેક ક્યારેક આપદાઓના સમયમાં



પણ એવી કેટલીક વસ્તુઓ બહાર ઊપસીને આવી જાય છે, નવી તાકાત આપી દે છે અને એટલા માટે તમે જોયું હશે કોરોના કાળમાં ઓનલાઇન ક્લાસિસ એક રીતે કલ્ચર બની ગયા છે.

તમે જુઓ, ઓનલાઈન ડિજિટલ ટ્રાન્ઝેક્શન.. તે પણ કઈ રીતે વધી રહ્યા છે. BHIM UPI જો એક મહિનામાં.. એટલે કે કોઈને પણ ગર્વ થશે કે ભારત જેવા દેશમાં યુપીઆઈ ભીમ દ્વારા એક મહિનામાં ૩ લાખ કરોડ રૂપિયાનું ટ્રાન્ઝેક્શન થયું છે. આજે પોતાનામાં જ આપણે કઈ રીતે બદલાયેલી સ્થિતિઓનો સ્વીકાર કરવા લાગ્યા છીએ, આ તેનું ઉદાહરણ છે.

**છેલ્લાં ૫ વર્ષમાં દોઢ લાખ ગ્રામ પંચાયતો સુધી ઓપ્ટિકલ ફાઇબર નેટવર્ક પહોંચી ગયું**

તમે જુઓ છો ૨૦૧૪ પહેલાં આપણા દેશમાં ૫ ડઝન પંચાયતોમાં ઓપ્ટિકલ ફાઇબર હતા. છેલ્લાં ૫ વર્ષમાં દોઢ લાખ ગ્રામ પંચાયતો સુધી ઓપ્ટિકલ ફાઇબર નેટવર્ક પહોંચી ગયું છે.. જે આજે આટલી મદદ કરી રહ્યું છે. બધી જ પંચાયતોમાં પહોંચવાના લક્ષ્ય સાથે અમે કામ શરૂ કર્યું હતું. જે એક લાખ પંચાયતો બાકી છે, ત્યાં આગળ પણ ઝડપથી કામ ચાલી રહ્યું છે. પરંતુ બદલાયેલી પરિસ્થિતિઓમાં ગામડાંઓની પણ ડિજિટલ ભાગીદારી અનિવાર્ય રીતે વધી ગઈ છે.. ગામના લોકોને પણ આ રીતની ઓનલાઇન સુવિધાઓની જરૂરિયાત વધી ગઈ છે. તેને ધ્યાનમાં રાખીને પહેલાં અમે જે કાર્યક્રમ બનાવ્યો હતો, દરેક પંચાયત સુધી પહોંચીશું.. પરંતુ આજે હું તમને જણાવવા માંગું છું કે અમે નક્કી કર્યું છે કે બધાં જ છ લાખથી વધુ જે આપણાં ગામડાંઓ છે, તે બધાં જ ગામડાંઓમાં ઓપ્ટિકલ ફાઇબર નેટવર્ક પહોંચાડવામાં આવે. જરૂરિયાત બદલાઈ છે તો અમે પ્રાથમિકતા પણ બદલી છે. છ લાખથી વધુ ગામડાંઓમાં હજારો લાખો કિલોમીટર ઓપ્ટિકલ ફાઇબરનું કામ ચલાવવામાં આવશે અને અમે નક્કી કર્યું છે કે ૧૦૦૦ દિવસોમાં.. ૧૦૦૦ દિવસોની અંદર અંદર દેશનાં છ લાખથી વધુ ગામડાંઓમાં ઓપ્ટિકલ ફાઇબર નેટવર્કનું કામ પૂરું કરી દેવામાં આવશે.

બદલાતી ટેકનોલોજીમાં સાયબર સ્પેસ ઉપર આપણી નિર્ભરતા વધતી જ જવાની છે પરંતુ સાયબર સ્પેસ સાથે જોખમો પણ સંકળાયેલાં છે. દુનિયા ખૂબ સારી રીતે તેનાથી પરિચિત છે અને તેનાથી દેશના સામાજિક તાંતણા, આપણી અર્થવ્યવસ્થા અને આપણા દેશના વિકાસ ઉપર પણ જોખમો ઉત્પન્ન કરવા માટે આ એક સરળ માર્ગ બની શકે તેમ છે.. અને એટલા માટે ભારત તેનાથી ખૂબ જ સાવચેત છે. ભારત ખૂબ સતર્ક છે અને આ જોખમોનો સામનો કરવા માટેના નિર્ણયો લઈ રહ્યો છે એટલું જ નહિ, નવી વ્યવસ્થાઓ પણ સતત વિકસિત કરવામાં આવી રહી છે. ખૂબ જ ટૂંક સમયમાં નવી સાયબર સુરક્ષા નીતિ - તેનું એક આખું માળખું દેશની સામે આવશે. આવનારા સમયમાં બધા જ માનાંકો જોડીને.. આ સાયબર સુરક્ષાની અંદર આપણે બધાએ એક સાથે ચાલવું પડશે. તેના માટે આગળ વધવા માટે રણનીતિ બનાવવામાં આવશે.

મારા વહાલા દેશવાસીઓ, ભારતમાં મહિલાશક્તિને જ્યારે જ્યારે પણ અવસર મળ્યો, તેમણે દેશનું નામ રોશન કર્યું છે, દેશને મજબૂતી આપી છે. મહિલાઓને રોજગાર અને સ્વ-રોજગારના સમાન અવસર આપવા માટે આજે દેશ પ્રતિબદ્ધ છે. આજે ભારતમાં મહિલાઓ જમીનની અંદર કોલસાની ખાણોમાં કામ કરી રહી છે. આજે મારા દેશની દીકરીઓ ફાઈટર પ્લેન પણ ઉડાવીને આકાશની બુલંદીઓને સ્પર્શી રહી છે.

આજે ભારત દુનિયાના તે દેશોમાંથી છે જ્યાં નૌકાદળ અને વાયુસેનામાં મહિલાઓને કોમ્બેટ રોલમાં સામેલ કરવામાં આવી રહી છે. ગર્ભવતી મહિલાઓને પગારની સાથે ૬ મહિનાની રજા આપવાના નિર્ણયની વાત હોય, આપણા દેશની મહિલાઓ જે ત્રણ તલાકથી પીડિત રહેતી હતી, તેવી આપણી મુસ્લિમ બહેનોને મુક્તિ અપાવવાની.. આઝાદી અપાવવાનું કામ હોય, મહિલાઓના આર્થિક સશક્તિકરણની વાત હોય, ૪૦ કરોડ જે જન ધન ખાતાં ખોલવામાં આવ્યાં છે તેમાં ૨૨ કરોડ ખાતાં આપણી બહેનોનાં છે.. કોરોના કાળમાં આશરે ૩૦ હજાર કરોડ રૂપિયા આ બહેનોનાં ખાતાંમાં જમા કરાવી દેવામાં આવ્યા છે. મુદ્રા લોન.. ૨૫ કરોડની આસપાસ મુદ્રા લોન આપવામાં આવી છે, તેમાં ૭૦ ટકા મુદ્રા લોન લેનારી આપણી માતાઓ બહેનો છે. પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત જે પોતાનું ઘર મળી રહ્યું છે તેમાં મોટાભાગની નોંધણી પણ મહિલાઓના નામે થઈ રહી છે.

મારા વહાલા દેશવાસીઓ, ગરીબ બહેન-દીકરીઓના વધુ સારા સ્વાસ્થ્યની પણ ચિંતા આ સરકાર સતત કરી રહી છે. અમે જન ઔષધિ કેન્દ્રોની અંદર એક રૂપિયામાં સેનિટરી પેડ પહોંચાડવા માટે ઘણું કામ કર્યું છે. ૬ હજાર જન ઔષધિ કેન્દ્રોમાં છેલ્લા કેટલાક જ સમયમાં, આશરે ૫ કરોડથી વધુ સેન્ટરી પેડ આપણી આ ગરીબ મહિલાઓ સુધી પહોંચી ચૂક્યા છે.



**દીકરીઓના લગ્નની ઉંમર અંગે પણ યોગ્ય નિર્ણયો લેવામાં આવશે**

દીકરીઓમાં કુપોષણ નાબૂદ થાય, તેમના લગ્નની યોગ્ય ઉંમર શું હોવી જોઈએ, તેની માટે અમે કમિટી બનાવી છે. તેનો અહેવાલ આવતાંની સાથે જ દીકરીઓના લગ્નની ઉંમર અંગે પણ યોગ્ય નિર્ણયો લેવામાં આવશે.

મારા વહાલા દેશવાસીઓ, આ કોરોનાના કાળખંડમાં આરોગ્ય ક્ષેત્ર તરફ ધ્યાન જવું ખૂબ સ્વાભાવિક છે અને એટલા માટે આત્મનિર્ભર અંગેની સૌથી મોટી શિક્ષા આપણને આરોગ્ય ક્ષેત્રએ આ સંકટના સમયમાં શીખવાડી દીધી છે. અને તે લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે આપણે આગળ પણ વધવાનું છે.

**કોરોના સમયમાં, તેની અગાઉ આપણા દેશમાં માત્ર એક લેબ હતી ટેસ્ટિંગ માટે, આજે ૧૪૦૦ લેબનું નેટવર્ક છે**

તમે જુઓ, કોરોના સમયમાં, તેની અગાઉ આપણા દેશમાં માત્ર એક લેબ હતી ટેસ્ટિંગ માટે, આજે ૧૪૦૦ લેબનું નેટવર્ક છે.. હિન્દુસ્તાનના દરેક ખૂણામાં ફેલાયેલ છે. જ્યારે કોરોના સંકટ આવ્યું હતું તો એક દિવસમાં માત્ર ૩૦૦ ટેસ્ટ થઈ શકતા હતા. આટલા ઓછા સમયમાં આપણા લોકોએ તે શક્તિ દેખાડી દીધી છે કે આજે દરરોજ ૭ લાખથી વધુ ટેસ્ટ આપણે કરી શકીએ છીએ.. ક્યાં ૩૦૦થી શરૂઆત કરી હતી અને ક્યાં આપણે આજે ૭ લાખ સુધી પહોંચી ગયા છીએ.

દેશમાં નવા એઈમ્સ, નવી મેડિકલ કોલેજોનું નિર્માણ, આધુનીકરણની દિશામાં સતત પ્રયાસ.. તે અમે કરી રહ્યા છીએ. પાંચ વર્ષમાં MBBS, MD માં ૪૫ હજારથી વધુ વિદ્યાર્થીઓ માટે બેઠકોમાં વધારો કરવામાં આવ્યો છે. ગામમાં દોઢ લાખથી વધુ આરોગ્ય કલ્યાણ કેન્દ્રો.. અને તેમાંથી આશરે એક તૃતીયાંશ તો પહેલેથી કાર્યરત થઈ ચૂક્યાં છે. કોરોના કાળમાં આરોગ્ય કલ્યાણ કેન્દ્રોની ભૂમિકાએ ગામડાંઓની ઘણી મોટી મદદ કરી છે.

સ્વાસ્થ્ય ક્ષેત્રમાં આજથી એક ઘણું મોટું અભિયાન શરૂ થઈ રહ્યું છે અને તેમાં ટેકનોલોજીની પણ ઘણી મોટી ભૂમિકા રહેશે. આજથી નેશનલ ડિજિટલ હેલ્થ મિશનનો પણ પ્રારંભ કરવામાં આવી રહ્યો છે. ભારતના સ્વાસ્થ્ય ક્ષેત્રમાં તે એક નવી ક્રાંતિ લાવશે... સારવારમાં પડી રહેલી તકલીફો ઘટાડવા માટે ટેકનોલોજીનો ખૂબ સમજી-વિચારીને ઉપયોગ થશે.

પ્રત્યેક ભારતીયને હેલ્થ આઈડી આપવામાં આવશે. આ હેલ્થ આઈડી પ્રત્યેક ભારતીયના સ્વાસ્થ્ય ખાતાની જેમ કામ કરશે. તમારા પ્રત્યેક ટેસ્ટ, પ્રત્યેક બીમારી... તમે કયા ડોક્ટર પાસેથી, કઈ દવા લીધી હતી, તેમણે શું નિદાન કર્યું હતું, ક્યારે દવા લીધી હતી, તેમનો રિપોર્ટ શું હતો, આ તમામ જાણકારી તમારા આ હેલ્થ આઈડીમાં સામેલ કરાશે. ડૉક્ટરની એપોઈન્ટમેન્ટ હોય, નાણાં જમા કરવાં હોય, હોસ્પિટલમાં પહોંચ બનાવવા માટેની ભાગદોડ હોય, આ તમામ તકલીફો... નેશનલ ડિજિટલ હેલ્થ મિશનના માધ્યમથી અનેક મુશ્કેલીઓમાંથી છુટકારો મળશે અને શ્રેષ્ઠ સ્વાસ્થ્ય માટે દેશનો દરેક નાગરિક સાચો નિર્ણય કરી શકશે. એવી વ્યવસ્થા ગોઠવાવાની છે.


મારા વહાલા દેશવાસીઓ, જ્યારે પણ કોરોનાની વાત આવે છે, ત્યારે એક વાત સ્વાભાવિક છે, દરેકના મનમાં સવાલ હોય છે, કોરોનાની વેક્સિન (રસી) ક્યારે તૈયાર થશે... આ સવાલ પ્રત્યેકના મનમાં છે, સમગ્ર દુનિયામાં છે.

હું આજે દેશવાસીઓને કહેવા માંગું છું કે આપણા દેશના વૈજ્ઞાનિકો.. આપણા વૈજ્ઞાનિકોની પ્રતિભા એક ઋષિ-મુનિ જેવી છે.. તેઓ લેબોરેટરીમાં સખત મહેનત કરી રહ્યા છે. અખંડ, એકનિષ્ઠ તપસ્યા કરી રહ્યા છે, ભારે પરિશ્રમ કરી રહ્યા છે. અને ભારતમાં એક નહીં, બે નહીં, ત્રણ-ત્રણ વેક્સિન પરીક્ષણના અલગ-અલગ તબક્કામાં છે. વૈજ્ઞાનિકો જ્યારે મંજૂરી આપશે, મોટા પાયે ઉત્પાદન થશે અને તેની તૈયારીઓ પણ સંપૂર્ણપણે થઈ ચૂકી છે... અને ઝડપભેર પ્રોડક્શન સાથે વેક્સિન પ્રત્યેક ભારતીય સુધી ઓછામાં ઓછા સમયમાં કેવી રીતે પહોંચે, તેનું માળખું પણ તૈયાર છે... તેની યોજના પણ તૈયાર છે.

મારા વહાલા દેશવાસીઓ, આપણા દેશમાં અલગ-અલગ જગ્યાએ વિકાસનું અલગ-અલગ ચિત્ર છે. કેટલાક પ્રદેશો ઘણા આગળ છે, કેટલાક પ્રદેશો ઘણા પાછળ છે. આ અસંતુલન આત્મનિર્ભર ભારત સામે એક મહત્ત્વપૂર્ણ પડકાર... હું માનું છું. અને એટલે જ જે મેં શરૂઆતમાં કહ્યું, ૧૧૦ આકાંક્ષી જિલ્લાઓ ઉપર અમે ભાર મૂકી રહ્યા છીએ. તેમને વિકાસની બરાબરીમાં લાવવા માગીએ છીએ. વિકાસની ઈકોસિસ્ટમ બનાવવી, કનેક્ટિવિટી સુધારવી - એ અમારી પ્રાથમિકતા છે.

**સંપૂર્ણ વિકાસ માટે ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું જે નવું માળખું હોવું જોઈએ, તેને સર્વાંગી રીતે આપણે વિકસિત કરી રહ્યા છીએ**

હવે તમે જુઓ, હિન્દુસ્તાનનો પશ્ચિમી વિસ્તાર અને હિન્દુસ્તાનનો મધ્યથી માંડીને પૂર્વીય વિસ્તાર,



પૂર્વીય ઉત્તર પ્રદેશ હોય, બિહાર હોય, બંગાળ હોય, નોર્થ-ઈસ્ટ હોય, ઓડિશા હોય... આ તમામ આપણાં ક્ષેત્ર છે, અપાર સંપત્તિ છે, પ્રાકૃતિક સંપત્તિનો ભંડાર છે. અહીંના લોકો સક્ષમ છે, શક્તિવાન છે, પ્રતિભાવાન છે પરંતુ તકોના અભાવે આ પ્રદેશોમાં અસંતુલન રહ્યું છે. અને એટલે અમે અનેક નવાં પગલાં લીધાં, ઈસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોર હોય, પૂર્વમાં ગેસ પાઈપ લાઈનથી જોડવાની વાત હોય, નવા રસ્તા-રેલવેના ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાપવાના હોય, ત્યાં નવાં પોર્ટ બનાવવાનાં હોય... એટલે કે એક પ્રકારે સંપૂર્ણ વિકાસ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું જે નવું માળખું હોવું જોઈએ, તેને સર્વાંગી રીતે આપણે વિકસિત કરી રહ્યા છીએ...

**લેહ-લદ્દાખ, કારગિલ, જમ્મુ-કાશ્મીર... આ ક્ષેત્ર એક રીતે આ પ્રદેશને એક વર્ષ અગાઉ કલમ ૩૭૦થી આઝાદી મળી ચૂકી છે.. એક વર્ષ પૂરું થઈ ચૂક્યું છે**

તે જ રીતે લેહ-લદ્દાખ, કારગિલ, જમ્મુ-કાશ્મીર... આ ક્ષેત્ર એક રીતે આ પ્રદેશને એક વર્ષ અગાઉ કલમ ૩૭૦થી આઝાદી મળી ચૂકી છે.. એક વર્ષ પૂરું થઈ ચૂક્યું છે. આ એક વર્ષ જમ્મુ-કાશ્મીરની એક નવી વિકાસયાત્રાનો મહત્ત્વપૂર્ણ મુકામ છે. આ એક વર્ષ અહીંની મહિલાઓને, દલિતોને, મૂળભૂત અધિકારો આપનારો સમય રહ્યો છે. આ સમય આપણા શરણાર્થીઓને ગૌરવપૂર્ણ જીવન જીવવાનું પણ એક વર્ષ રહ્યું છે. વિકાસના લાભ ગામ અને ગરીબ સુધી પહોંચાડવા માટે બેક ટુ વિલેજ જેવા વિશેષ અભિયાન ચલાવવામાં આવી રહ્યા છે. આયુષ્માન યોજનાનો આજે વધુ સારી રીતે જમ્મુ-કાશ્મીર તેમજ લદ્દાખના વિસ્તારોમાં ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

મારા વ્હાલા દેશવાસીઓ, લોકશાહીની મજબૂતી, લોકશાહીની સાચી તાકાત આપણે ચૂંટેલા સ્થાનિક એકમોમાં છે. આપણા સહુ માટે ગર્વની વાત છે કે જમ્મુ-કાશ્મીરમાં સ્થાનિક એકમોના જનપ્રતિનિધિ સક્રિયતા અને સંવેદનશીલતા સાથે વિકાસના નવા યુગ તરફ આગળ વધી રહ્યા છે. હું તેમના તમામ પંચ-સરપંચોને હૃદયપૂર્વક ખૂબ-ખૂબ અભિનંદન આપું છું... વિકાસયાત્રામાં તેમની સક્રિય ભાગીદારી માટે.

જમ્મુ-કાશ્મીરમાં સીમાંકનની પ્રક્રિયા ચાલી રહી છે. સુપ્રીમ કોર્ટના સેવાનિવૃત્ત ન્યાયમૂર્તિના નેતૃત્વમાં સીમાંકનનું કામ હાથ ધરવામાં આવ્યું છે અને ટૂંક સમયમાં જ સીમાંકનનું કામ પૂરું થતાં જ ભવિષ્યમાં ત્યાં ચૂંટણી યોજાશે, જમ્મુ-કાશ્મીરના એમએલએ હશે, જમ્મુ-કાશ્મીરના મંત્રીઓ હશે, જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી હશે... નવી ઊર્જા સાથે વિકાસના માર્ગ ઉપર આગળ વધે, તે માટે દેશ પ્રતિબદ્ધ પણ છે અને પ્રયત્નશીલ પણ છે.

લદ્દાખને કેન્દ્રશાસિત પ્રદેશ બનાવીને વર્ષો જૂની તેમની જે માગ હતી, તેમની જે ઈચ્છા હતી, તે ઈચ્છા અમે પૂરી કરવાનો.. તેમને સન્માનભેર બનાવવાનું એક ઘણું મોટું કામ કર્યું છે. હિમાલયની ઊંચાઈઓમાં વસેલું લદ્દાખ વિકાસનાં નવાં શિખર તરફ આગળ વધી રહ્યું છે. હવે ત્યાં સેન્ટ્રલ યુનિવર્સિટી બની રહી છે. નવાં રિસર્ચ સેન્ટર્સ બની રહ્યાં છે, હોટેલ, મેનેજમેન્ટના કોર્સીઝ ત્યાં ચાલી રહ્યા છે. વીજળી માટે સાડા સાત હજાર મેગાવોટના સોલાર પાર્કના નિર્માણની યોજના ઘડાઈ રહી છે, પરંતુ મારા વહાલા દેશવાસીઓ, લદ્દાખની ઘણી વિશેષતાઓ છે, તે વિશેષતાઓને પણ આપણે સાચવવાની છે, તેનું જતન પણ કરવાનું છે. અને જેમ સિક્કિમે.. આપણા નોર્થ-ઈસ્ટમાં સિક્કિમે ઓર્ગેનિક સ્ટેટ તરીકે પોતાની ઓળખ સ્થાપિત કરી છે, તે જ રીતે, લદ્દાખ, લેહ, કારગિલનો સમગ્ર વિસ્તાર આપણા દેશ માટે કાર્બન ન્યુટ્રલ એકમ તરીકે આપણી ઓળખ બની શકે છે. અને તે માટે ભારત સરકાર ત્યાંના નાગરિકો સાથે મળીને એક નમૂનારૂપ, પ્રેરણારૂપ, કાર્બન ન્યુટ્રલ વિકાસનું મોડેલ, ત્યાંની આવશ્યકતાઓ પૂરી કરે તેવું મોડેલ... તે દિશામાં આપણે આગળ વધી રહ્યા છીએ.

**ભારત વન વર્લ્ડ, વન સન, વન ગ્રિડના વિઝન સાથે સમગ્ર દુનિયાને ખાસ કરીને સૌરઊર્જાના ક્ષેત્રમાં પ્રેરણારૂપ બન્યો છે**

મારા પ્યારા દેશવાસીઓ, ભારતે બતાવ્યું છે કે પર્યાવરણ સાથે સંતુલન રાખીને પણ ઝડપી વિકાસ સંભવ છે. આજે ભારત વન વર્લ્ડ, વન સન, વન ગ્રિડના વિઝન સાથે સમગ્ર દુનિયાને ખાસ કરીને સૌરઊર્જાના ક્ષેત્રમાં પ્રેરણારૂપ બન્યો છે.

રિન્યુએબલ એનર્જીના ઉત્પાદન બાબતે આજે દુનિયાના ટોચના પાંચ દેશોમાં ભારતે પોતાનું સ્થાન જમાવ્યું છે. પ્રદૂષણના ઉપાયો માટે ભારત સજાગ પણ છે અને ભારત સક્રિય પણ છે. સ્વચ્છ ભારત અભિયાન હોય, ધુમાડામુક્ત રાંધણ ગેસની વ્યવસ્થા હોય, એલઈડી બલ્બ અભિયાન હોય, સીએનજી આધારિત ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થા હોય, ઈલેક્ટ્રિક મોબિલિટી માટે પ્રયાસ હોય, આપણે કોઈ કસર નથી છોડી રહ્યા. પેટ્રોલ દ્વારા ફેલાતું પ્રદૂષણ ઘટાડવા માટે આપણે ઈથેનોલ



ઉત્પાદન વધારવા અને તેના વપરાશ ઉપર ભાર મૂકી રહ્યા છીએ. પાંચ વર્ષ પહેલાં આપણા દેશમાં ઈથેનોલની શું સ્થિતિ હતી... પાંચ વર્ષ અગાઉ આપણા દેશમાં ૪૦ કરોડ લીટર ઉત્પાદન થતું હતું. આજે પાંચ વર્ષમાં ઉત્પાદન પાંચ ગણું થઈ ગયું છે.. અને આજે ૨૦૦ લીટર ઈથેનોલનું આપણા દેશમાં ઉત્પાદન થાય જે પર્યાવરણ માટે ખૂબ જ ઉપયોગી સાબિત થઈ રહ્યું છે.

મારા વહાલા દેશવાસીઓ, દેશનાં ૧૦૦ શહેરોમાં.. પસંદ કરાયેલાં ૧૦૦ શહેરોમાં, પ્રદૂષણ ઘટાડવા માટે આપણે એક હોલિસ્ટિક એપ્રોચ સાથે, એક ઈન્ટીગ્રેટેડ એપ્રોચ સાથે એક જનભાગીદારી સાથે, આધુનિક ટેકનોલોજીનો ભરપૂર ઉપયોગ કરીને આપણે તેને પ્રદૂષણ ઘટાડવાની દિશામાં.. એક મિશન મોડમાં કામ કરવાના છીએ.

મારા વહાલા દેશવાસીઓ, ભારત એ વાત ગૌરવભેર કહી શકે છે... ભારત એવા જૂજ દેશોમાં સ્થાન ધરાવે છે, જ્યાં જંગલો વધી રહ્યાં છે. પોતાની જૈવવિવિધતાના સંરક્ષણ અને સંવર્ધન માટે ભારત સંપૂર્ણપણે સંવેદનશીલ છે.

આપણે સફળતાપૂર્વક પ્રોજેક્ટ ટાઈગર, પ્રોજેક્ટ એલિફન્ટ.. આપણે સફળતાપૂર્વક આગળ વધાર્યા છે. આપણે ત્યાં વાઘની વસ્તી વધી છે. હવે આવનારા દિવસોમાં એશિયાટિક લાયન માટે પ્રોજેક્ટ લાયનની શરૂઆત થઈ રહી છે. અને પ્રોજેક્ટ લાયન ભારતીય શહેરોની રક્ષા, સુરક્ષા, જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર... અને ખાસ કરીને, તેમના માટે જે આવશ્યક હોય તેવા ખાસ પ્રકારના હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે પણ કામ કરવામાં આવશે.

પ્રોજેક્ટ લાયન ઉપર ભાર મૂકવામાં આવશે. સાથે સાથે વધુ એક કામને પણ આપણે પ્રોત્સાહન આપવા માગીએ છીએ અને તે છે - પ્રોજેક્ટ ડોલ્ફિન હાથ ધરાશે. નદીઓમાં તેમજ સમુદ્રમાં રહેનારી બંને પ્રકારની ડોલ્ફિન્સ ઉપર આપણે ધ્યાન આપીશું. તેમની જૈવવિવિધતા ઉપર પણ ભાર મુકાશે અને રોજગારની તકો પણ મળશે. તે ટૂરિઝમના આકર્ષણનું કેન્દ્ર પણ હોય છે.. તો એ દેશામાં પણ આપણે આગળ વધવાના છીએ.

મારા વહાલા દેશવાસીઓ, જ્યારે આપણે એક અસાધારણ લક્ષ્ય સાથે અસાધારણ યાત્રા ઉપર નીકળીએ છીએ તો રસ્તામાં અનેક પડકારો હોય છે અને પડકારો પણ અસામાન્ય હોય છે. આટલી આપત્તિઓ વચ્ચે સરહદ ઉપર પણ દેશના સામર્થ્યને પડકારવાના દુષ્પ્રયાસ થયા છે. પરંતુ એલઓસીથી માંડીને એલએસી સુધી દેશની સંપ્રભુતા ઉપર જે કોઈએ પણ આંખ ઊંચી કરી છે, દેશની સેનાએ, આપણા વીર-જવાનોએ તેમનો તેમની જ ભાષામાં જવાબ આપ્યો છે.


**સંકલ્પ માટે આપણા વીર-જવાન શું કરી શકે છે, દેશ શું કરી શકે છે.. તે લદ્દાખમાં દુનિયાએ જોઈ લીધું છે**

ભારતના સાર્વભૌમત્વની રક્ષા માટે સમગ્ર દેશમાં એક જુસ્સો ભરેલો છે, સંકલ્પથી પ્રેરિત છે અને સામર્થ્ય ઉપર અતૂટ શ્રદ્ધા સાથે આગળ વધી રહ્યો છે. આ સંકલ્પ માટે આપણા વીર-જવાન શું કરી શકે છે, દેશ શું કરી શકે છે.. તે લદ્દાખમાં દુનિયાએ જોઈ લીધું છે. હું આજે માતૃભૂમિ ઉપર ન્યોચ્છાવર એ તમામ વીર-જવાનોને લાલ કિલ્લા ઉપરથી આદરપૂર્વક નમન કરું છું.

**સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના અસ્થાયી સદસ્ય તરીકે ૧૯૨માંથી ૧૮૪... એકસો બાણુંમાંથી એકસો ચોર્યાશી દેશોનું ભારતને સમર્થન મળવું, એ પ્રત્યેક હિન્દુસ્તાની માટે ગર્વની વાત છે**

આતંકવાદ હોય, કે વિસ્તારવાદ, ભારત આજે ભારે ટક્કર આપી રહ્યું છે. આજે દુનિયાનો ભારત ઉપર વિશ્વાસ વધુ મજબૂત થયો છે. પાછલા દિવસોમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના અસ્થાયી સદસ્ય તરીકે ૧૯૨માંથી ૧૮૪... એકસો બાણુંમાંથી એકસો ચોર્યાશી દેશોનું ભારતને સમર્થન મળવું, એ પ્રત્યેક હિન્દુસ્તાની માટે ગર્વની વાત છે. વિશ્વમાં આપણે આપણી કેવી પહોંચ બનાવી છે, તેનું આ ઉદાહરણ છે અને તે ત્યારે જ સંભવ થાય છે, જ્યારે ભારત પોતે મજબૂત હોય, ભારત સશક્ત હોય, ભારત સુરક્ષિત હોય, આ જ વિચાર સાથે આજે અનેક મોરચે કામ કરવામાં આવી રહ્યું છે.

મારા પ્યારા દેશવાસીઓ, આપણા પાડોશી દેશો સાથે, તેઓ આપણી સાથે જમીનથી જોડાયેલા હોય કે સમુદ્રમાર્ગે, આપણા સંબંધોને આપણે સુરક્ષા, વિકાસ અને વિશ્વાસની મેળવણીથી જોડી રહ્યા છીએ. ભારતનો સતત પ્રયાસ છે કે આપણા પાડોશી દેશો સાથે આપણે પોતાના સદીઓ જૂના સાંસ્કૃતિક, આર્થિક અને સામાજિક સંબંધો વધુ ગહન બનાવીએ. દક્ષિણ એશિયામાં દુનિયાની એક ચતુર્થાંશ વસ્તી રહે છે. આપણે સંયોગ અને ભાગીદારીથી આટલી મોટી વસ્તીના વિકાસ અને સમૃદ્ધિની અસંખ્યા સંભાવનાઓ સર્જી શકીએ છીએ. આ ક્ષેત્રના દેશોના તમામ નેતાઓની આ વિશાળ વસ્તીના વિકાસ તેમજ પ્રગતિ માટે ઘણી મોટી જવાબદારી



છે, એક મહત્ત્વની જવાબદારી છે. તેને નિભાવવા માટે દક્ષિણ એશિયાના આ તમામ ક્ષેત્રના તમામ લોકોના રાજનેતાઓના, સાંસદોના, બુદ્ધિજીવીઓનું પણ હું આહ્વાન કરું છું. આ સમગ્ર ક્ષેત્રમાં જેટલી શાંતિ હશે, જેટલો ભાઈચારો હશે, એટલું જ માનવતાને કામ લાગશે, માનવતાના હિતમાં હશે... સમગ્ર દુનિયાનું હિત તેમાં સમાયેલું છે.

આપણી ભૌગોલિક સરહદો મળતી હોય, તે જ ફક્ત આપણા પાડોશી નથી, પરંતુ તેઓ પણ આપણા પાડોશી જ છે, જેમની સાથે આપણા દિલ મળે છે... જ્યાં સંબંધોમાં સમરસતા હોય છે, મૈત્રી હોય છે. મને ખુશી છે કે વીતેલા કેટલાક સમયમાં ભારતે એક્સ્ટેન્ડેડ નેબરહૂડના તમામ દેશો સાથે પોતાના સંબંધો વધુ મજબૂત કર્યા છે. પશ્ચિમ એશિયાના દેશોમાં આપણા રાજકીય, આર્થિક અને માનવીય સંબંધોની પ્રગતિમાં અનેકગણો વધારો થયો છે... વિશ્વાસ અનેકગણો વધ્યો છે. આ દેશો સાથે આપણા આર્થિક સંબંધ, ખાસ કરીને ઊર્જા ક્ષેત્રમાં ભાગીદારી ખૂબ મહત્ત્વપૂર્ણ છે. આ ઘણા દેશોમાં.. આ તમામ દેશોમાં.. મોટા ભાગના દેશોમાં ખૂબ મોટી સંખ્યામાં આપણાં ભારતીય ભાઈ-બહેનો કામ કરી રહ્યાં છે. આ દેશોએ જે રીતે કોરોનાના સંકટના સમયે ભારતીયોની મદદ કરી, ભારત સરકારની વિનંતીને માન આપ્યું, તે માટે ભારત તે તમામ દેશોનો આભારી છે અને હું તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરવા માગું છું.

એ જ રીતે આપણી પૂર્વે આસિયાન દેશ, જે આપણા મેરિટાઇમ પાડોશી પણ છે, તેઓ પણ આપણા માટે ખૂબ વધુ મહત્ત્વ રાખે છે. તેમની સાથે ભારતનો હજારો વર્ષ જૂનો ધાર્મિક અને સાંસ્કૃતિક સંબંધ છે. બૌદ્ધ ધર્મની પરંપરા આપણને તેમની સાથે જોડે છે. આજે ભારત આ દેશો સાથે ફક્ત સુરક્ષા ક્ષેત્રમાં જ નહીં, પરંતુ સમુદ્રી સંપત્તિના ક્ષેત્રમાં પણ સહયોગ વધારી રહ્યો છે.

ભારતના જેટલા પ્રયાસો શાંતિ અને સૌહાર્દ માટે છે, એટલી જ પ્રતિબદ્ધતા પોતાની સુરક્ષા અને પોતાની સેનાઓને સશક્ત કરવા માટે પણ છે. સંરક્ષણ ક્ષેત્રે ઉત્પાદનમાં આત્મનિર્ભર ભારત માટે મોટાં પગલાં ઉઠાવવામાં આવ્યાં છે. તાજેતરમાં જ ૧૦૦થી વધુ સૈન્ય ઉપકરણોની આયાત ઉપર આપણે પ્રતિબંધ લગાવ્યો છે - મિસાઈલોથી માંડીને ઓછા વજનના ફાઈટર હેલિકોપ્ટરો સુધી, ઘાતક રાયફલથી માંડીને ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ સુધી મેઈક ઈન ઈન્ડિયા થઈ ગયા. આપણું તેજસ પણ.. પોતાના તેજ, પોતાના વેગ અને પોતાની તાકાત દર્શાવવા માટે આધુનિક જરૂરિયાતોના હિસાબે તૈયાર થઈ રહ્યું છે. દેશની સુરક્ષામાં આપણી સરહદ અને કોસ્ટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ઘણી મોટી ભૂમિકા છે. આજે હિમાલયનાં શિખરો હોય, કે હિંદ મહાસાગરના ટાપુ, પ્રત્યેક દિશામાં કનેક્ટિવિટી વધારવા ઉપર ભાર મૂકવામાં આવી રહ્યો છે. લદ્દાખથી માંડીને અરુણાચલ પ્રદેશ સુધી મોટા પાયે આપણા દેશની સુરક્ષાને ધ્યાનમાં રાખીને નવા રસ્તાઓ તૈયાર કરવામાં આવ્યા છે.

મારા વહાલા દેશવાસીઓ, આપણો એટલો વિશાળ સમુદ્રકિનારો છે, પરંતુ સાથે સાથે આપણી પાસે ૧૩૦૦થી વધુ ટાપુઓ પણ છે. કેટલાક પસંદગીના ટાપુઓનું મહત્ત્વ ધ્યાનમાં રાખીને તેને ઝડપભેર વિકસાવવા આપણે આગળ વધી રહ્યા છીએ. તમે જોયું હશે કે પાછલા સપ્તાહમાં પાંચ દિવસ અગાઉ આંદામાન-નિકોબારમાં સબમરીન ઓપ્ટિકલ ફાઈબર કેબલ પ્રોજેક્ટનું લોકાર્પણ થયું છે. આંદામાન-નિકાબારને પણ ચેન્નઈ અને દિલ્હી જેવી ઈન્ટરનેટ સુવિધા હવે ઉપલબ્ધ થશે. હવે આપણે આગળ લક્ષદ્વીપને પણ આ જ રીતે જોડવા માટે.. કામને આગળ વધારવાના છીએ.

આવનારા એક હજાર દિવસમાં લક્ષદ્વીપને પણ ઝડપી ઈન્ટરનેટની સુવિધાથી જોડવાનું અમે લક્ષ્ય બનાવ્યું છે. બોર્ડર અને કોસ્ટલ એરિયાના યુવાનોના વિકાસ.. તેને પણ... સુરક્ષાને ધ્યાનમાં રાખીને વિકાસના મોડેલની દિશામાં આપણે આગળ વધી રહ્યા છીએ. અને તેમાં એક કદમ, એક મોટું અભિયાન આપણે શરૂ કરી રહ્યા છીએ. આપણા જે સરહદી વિસ્તારો છે, આપણા જે દરિયાકિનારાના વિસ્તારો છે, ત્યાંના આશરે ૧૭૩ જિલ્લા છે, જે કોઈ ને કોઈ રીતે દેશની સરહદ કે સમુદ્રકિનારાથી જોડાયેલા છે. આવનારા દિવસોમાં આ સરહદી જિલ્લાઓના નૌજવાનો માટે એનસીસીનો વ્યાપ વધારવામાં આવશે. સરહદ વિસ્તારના કેડેટ્સ.. આપણે આશરે એક લાખ જેટલા એનસીસીના નવા કેડેટ્સ તૈયાર કરીશું અને તેમાં એક તૃતીયાંશ આપણી દીકરીઓ હોય, તેવો પણ પ્રયાસ રહેશે. બોર્ડર એરિયાના કેડેટ્સને લશ્કર તાલીમ આપશે. કોસ્ટલ એરિયાના જે કેડેટ્સ હશે, તેમને નેવીના જવાનો પ્રશિક્ષિત કરશે અને જ્યાં એર બેઝ છે, ત્યાંના કેડેટ્સને એરફોર્સની જેમ ટ્રેનિંગ આપવામાં આવશે. બોર્ડર અને કોસ્ટલ એરિયામાં આપત્તિઓનો મુકાબલો કરવા માટે તાલીમબદ્ધ માનવબળ મળશે, યુવાનોને આર્મ્ડ ફોર્સીઝમાં કરિયર બનાવવા માટે જરૂરી સ્કિલ પણ મળશે.



**દેશે ઇતિહાસ રચ્યો છે,
ઈતિહાસ રચાતાં જોયો છે,
અસાધારણ કામ કરીને બતાવ્યું**

મારા વહાલા દેશવાસીઓ, પાછલા વર્ષે લાલકિલ્લા ઉપરથી મેં કહ્યું હતું, વીતેલાં પાંચ વર્ષ આવશ્યકતાઓ પૂરી કરનારા અને આવનારાં પાંચ વર્ષ આકાંક્ષાઓની પૂર્તિ કરનારાં છે. વીતેલા એક જ વર્ષમાં દેશે મોટા અને મહત્ત્વપૂર્ણ નિર્ણયોનો મુકામ પાર કરી લીધો છે. ગાંધીજીની ૧૫૦મી જયંતી સમયે ભારતનાં ગામો ખુલ્લામાં શૌચથી મુક્ત બન્યાં છે. આસ્થાને કારણે અત્યાચાર સહન કરી રહેલા શરણાર્થીઓને નાગરિકતા આપવાનો કાયદો, દલિતો, પછાતો, ઓબીસી માટે.. એસસી/એસટી/ઓબીસી માટે અનામતનો અધિકાર બનાવવાની વાત હોય, આસામ અને ત્રિપુરામાં ઐતિહાસિક શાંતિ-સમજૂતી હોય, લશ્કરની સામૂહિક તાકાતને વધુ અસરકારક બનાવવા માટે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફની નિયુક્તિ હોય, કરતારપુર સાહિબ કોરિડોરનું વિક્રમી સમયમાં બાંધકામ હોય... દેશે ઈતિહાસ રચ્યો છે, ઈતિહાસ રચાતાં જોયો છે, અસાધારણ કામ કરીને બતાવ્યું છે.

**અયોધ્યામાં ભગવાન રામના
ભવ્ય મંદિરનું નિર્માણ શરૂ થયું**

૧૦ દિવસ અગાઉ અયોધ્યામાં ભગવાન રામના ભવ્ય મંદિરનું નિર્માણ શરૂ થયું છે. રામ જન્મભૂમિના સદીઓ જૂના વિષયનો શાંતિપૂર્ણ ઉકેલ આવી ચૂક્યો છે. દેશના લોકોએ જે સંયમ સાથે અને સમજદારી સાથે કામ કર્યું છે, વ્યવહાર કર્યો છે, તે અભૂતપૂર્વ છે અને ભવિષ્ય માટે આપણા માટે પ્રેરણાદાયક છે. શાંતિ, એકતા અને સદ્ભાવ જ તો આત્મનિર્ભર ભારતની તાકાત બનવાના છે. આ જ ભાઈચારો, આ જ સદ્ભાવ ભારતના ઉજ્જવળ ભવિષ્યની ગેરંટી છે. આ જ સદ્ભાવ સાથે આપણે આગળ ધપવાનું છે. વિકાસના આ મહાયજ્ઞમાં પ્રત્યેક હિન્દુસ્તાનીએ પોતાની કોઈ ને કોઈ આહુતિ આપવાની છે.

**સર્વશ્રેષ્ઠ ઉત્પાદન, સર્વશ્રેષ્ઠ
માનવસંસાધન, સર્વશ્રેષ્ઠ શાસન
પ્રત્યેક ચીજમાં સર્વશ્રેષ્ઠને
લક્ષ્યમાં રાખીને આઝાદીના
૭૫મા વર્ષ માટે આગળ વધવાનું છે**

આ દાયકામાં ભારત નવી નીતિ અને નવી રીતિ સાથે જ આગળ વધશે, સાધારણથી કામ નહીં ચાલે.. હવે 'હોતા હૈ', 'ચલતા હૈ'નો સમય વીતી ગયો, આપણે હવે દુનિયામાં કોઈનાથીયે કમ નથી. આપણે સૌથી ઉપર રહેવાના પ્રયાસ કરીશું. અને એટલા માટે આપણે સર્વશ્રેષ્ઠ ઉત્પાદન, સર્વશ્રેષ્ઠ માનવસંસાધન, સર્વશ્રેષ્ઠ શાસન... પ્રત્યેક ચીજમાં સર્વશ્રેષ્ઠને લક્ષ્યમાં રાખીને આઝાદીના ૭૫મા વર્ષ માટે આગળ વધવાનું છે.

આપણી પોલિસી, આપણી પ્રોસેસ, આપણાં પ્રોડ્ક્ટ્સ - બધું જ ઉત્તમથી ઉત્તમ હોય, બેસ્ટ હોય, ત્યારે જ એક ભારત-શ્રેષ્ઠ ભારતની પરિકલ્પના સાકાર થશે. આજે આપણે ફરી સંકલ્પ લેવાની જરૂર છે, આ સંકલ્પ આઝાદી માટે બલિદાન આપનારાઓનાં સ્વપ્ન પૂરાં કરવાનો હોય, આ સંકલ્પ ૧૩૦ કરોડ દેશવાસીઓ માટે હોય, આ સંકલ્પ આપણી આવનારી પેઢીઓ માટે હોય, તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે હોય, આ સંકલ્પ આત્મનિર્ભર ભારત માટે હોય. આપણે શપથ લેવા પડશે, આપણે પ્રતિજ્ઞા કરવી પડશે, આપણે આયાત ઓછામાં ઓછી કરવાની દિશામાં યોગદાન આપીશું, આપણે આપણા લઘુ ઉદ્યોગોને સશક્ત કરીશું, આપણે સહુ લોકલ માટે વોકલ બનીશું અને આપણે વધુ નવપ્રવર્તન કરીશું.. આપણે સશક્ત બનાવીશું - આપણા યુવાનોને, મહિલાઓને, આદિવાસીઓને, દિવ્યાંગોને, દલિતોને, ગરીબોને, ગામોને, વંચિતોને, સહુ કોઈને. આજે ભારતે અસાધારણ ગતિએ અસંભવને સંભવ કર્યું છે. આ જ ઈચ્છાશક્તિ, આ જ લગન, આ જ જુસ્સા સાથે પ્રત્યેક ભારતીયે આગળ વધવાનું છે.


**કોરોના મોટી આપત્તિ છે,
પરંતુ એટલી મોટી નથી કે
આત્મનિર્ભર ભારતની
વિજયયાત્રાને અટકાવી શકે**

વર્ષ ૨૦૨૨ આપણી આઝાદીનું ૭૫ વર્ષનું પર્વ હવે આવી રહ્યું છે. આપણે એક ડગલું દૂર છીએ. આપણે દિવસ-રાત એક કરવાના છે. ૨૧મી સદીનો આ ત્રીજો દાયકો આપણાં સ્વપ્નો પૂરાં કરવાનો દાયકો હોવો જોઈએ. કોરોના મોટી આપત્તિ છે, પરંતુ એટલી મોટી નથી કે આત્મનિર્ભર ભારતની વિજયયાત્રાને અટકાવી શકે. હું જોઈ શકું છું, એક નવા પ્રભાતની લાલિમા, એક નવા આત્મવિશ્વાસનો ઉદય, એક નવા આત્મનિર્ભર ભારતનો શંખનાદ. એક વાર ફરી આપ સહુને સ્વાધીનતા દિવસની ખૂબ-ખૂબ શુભેચ્છાઓ. આવો, મારી સાથે બંને હાથ ઉપર કરીને પૂરી તાકાતથી બોલીએ -

ભારત માતા કી જય, ભારત માતા કી જય, ભારત માતા કી જય.

વંદે માતરમ્, વંદે માતરમ્, વંદે માતરમ્, જય હિન્દ , જય હિન્દ.

●



## ૭૪મા સ્વાતંત્ર્ય પર્વે મુખ્યમંત્રીશ્રીનો પ્રજાજોગ સંદેશ



# કોરોના સંક્રમણ વચ્ચે પણ ગુજરાતની વિકાસયાત્રા 'ન રુકના હૈ, ન ઝૂકના હૈ'ના ધ્યેય સાથે તેજ રફતારથી આગળ ધપાવી છે - મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી

## જીતશે ગુજરાત - હારશે કોરોના સાકાર કરવું છે

ગુજરાતનાં મારાં વહાલાં ભાઈઓ અને બહેનો,

આઝાદી પર્વની આપ સૌને ખૂબ-ખૂબ શુભકામનાઓ...

સંપૂર્ણ દેશ ૭૪મું આઝાદી પર્વ ઊજવી રહ્યો છે. એ આઝાદીનાં મૂળિયાં જેમણે સીંચ્યાં છે એવા આઝાદીના તમામ લડવૈયાઓ, ક્રાંતિકારીઓ, અનેક નામી-અનામી એવા સૌ કોઈનું આજના દિવસે પુણ્યસ્મરણ કરીને, એ સૌને આજે વંદન કરીએ છીએ.

વર્ષોનાં વર્ષો અવિરત સંઘર્ષ કરીને, બ્રિટિશરોની લાઠીઓ ખાઈ-ખાઈને, ગોળીઓ ઝીલી-ઝીલીને ફાંસીના તખ્તા ઉપર ચઢીને આ મહામૂલી આઝાદી અપાવી છે.

ખુદીરામ બોઝ, ભગતસિંહ, સુખદેવ, રાજગુરુ, વીર સાવરકર, મહાત્મા ગાંધી, લોકમાન્ય તિલક, સુભાષચંદ્ર બોઝ, સરદાર વલ્લભભાઈ પટેલ - એવા અનેક લોકોએ આઝાદીની લડતનું નેતૃત્વ કરીને બ્રિટિશરો સામે લડતાં-લડતાં આપણને આ આઝાદી અપાવી છે. દેશ માટે મરી ફીટનાર, જાન કુરબાન કરનાર, સૌ કોઈને નમન કરવાનો-યાદ કરવાનો આ અવસર છે.

> **આઝાદી સંગ્રામવેળાએ પૂજ્ય મહાત્મા ગાંધીના નેતૃત્વમાં અંગ્રેજો સામે દેશવ્યાપી અહિંસક ચળવળ - સત્યાગ્રહનો જુવાળ જાગેલો. આજે કોરોનાની મહામારી સામે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં દેશવ્યાપી ચળવળ જાગી છે**

આઝાદી સંગ્રામવેળાએ પૂજ્ય મહાત્મા ગાંધીના નેતૃત્વમાં અંગ્રેજો સામે દેશવ્યાપી અહિંસક ચળવળ - સત્યાગ્રહનો જુવાળ જાગેલો. આજે કોરોનાની મહામારી સામે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં દેશવ્યાપી ચળવળ જાગી છે, જનજાગૃતિની અને સારી આદતોની, સ્વચ્છાગ્રહની આ ચળવળ જાગી છે. આપણે સૌ એક બની-નેક બની સારી આદતો કેળવીએ અને આ સંક્રમણને રોકવા માસ્કનો ઉપયોગ કરવો, સોશિયલ ડિસ્ટન્સ જાળવવું, હાથને વારંવાર સેનિટાઈઝ કરવા - અને કોરોના સામેનો પણ સંગ્રામ જીતવાનો છે.

સ્વાભાવિક છે કે, આઝાદીના આ પર્વની ઉજવણીનો આનંદ-હરખ આપણને સૌને ખૂબ જ હોય, પરંતુ આ વર્ષે કોરોનાની મહામારીને કારણે સ્થિતિ થોડી અલગ છે. ભીડ એકત્રિત ન થાય, મેળાવડો કે ઉત્સવો કરી નથી શકતા. તો કોરોનાના સંક્રમણની શક્યતાઓ ભીડને કારણે વધી જાય અને વધુ લોકોના જાન જોખમમાં આવી જાય. એટલા માટે, આ વખતે ૭૪મું સ્વાતંત્ર્ય પર્વ મર્યાદિત સંખ્યામાં મર્યાદિત કાર્યક્રમ કરીને સોશિયલ ડિસ્ટન્સ સાથે ઊજવવાનું નક્કી કર્યું છે.

સામાજિક અંતર-સોશિયલ ડિસ્ટન્સ જરૂર છે, પરંતુ દેશ આખો અંબાજીથી આસનસોલ, દ્વારકાથી દિબ્રૂગઢ, કચ્છથી ગુવાહાટી, કાશ્મીરથી કન્યાકુમારી સુધી સ્વતંત્રતાનું આ પર્વ સામાજિક એકતાની તાકાતથી ઊજવી રહ્યો છે.

બ્રિટિશરોને ગાંધીજીના નેતૃત્વમાં સૌએ ચળવળ ચલાવીને દેશવટો આપેલો. હવે આપણે સૌ સ્વતંત્ર તો થયા, પરંતુ હવે દેશને આઝાદી મળી, સ્વરાજ્ય મળ્યું, હવે સુરાજ્ય માટે



આપણે આગળ વધવાનું છે. અને હવે આ કોરોનાને પણ દેશવટો આપવાનો છે. 'હારશે કોરોના-જીતશે ગુજરાત' એ મંત્ર સૌએ સાકાર કરવાનો છે.

**મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલની જોડીએ સ્વરાજ્ય અપાવ્યું. હવે નરેન્દ્રભાઈ-અમિતભાઈના નેતૃત્વમાં દેશ આગળ વધી રહ્યો છે**

આજથી સાત દાયકા પૂર્વે આઝાદીનો જંગ જીતીને સ્વરાજ્ય મળ્યું. મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલની જોડીએ સ્વરાજ્ય અપાવ્યું. હવે નરેન્દ્રભાઈ-અમિતભાઈના નેતૃત્વમાં દેશ આગળ વધી રહ્યો છે, ત્યારે સુરાજ્યની દિશામાં વિકાસશીલ ભારત, આત્મનિર્ભર ભારત બનાવવા તરફ આપણે જઈ રહ્યા છીએ.

કોરોનાના સંક્રમણને કારણે આપણી વિકાસયાત્રા જરૂર થોડીક ધીમી પડી હશે, પરંતુ 'ન રુકના હૈ... ન ઝૂકના હૈ... વિકાસ કી ઔર આગે હી આગે બઢના હૈ...' એ આપણો મંત્ર છે.

**ગુજરાત અને ગુજરાતીઓના ખમીરે હંમેશાં આપત્તિને અવસરમાં પલટાવી**

ભૂકંપની વિપદા હોય, પૂરનો પ્રકોપ હોય, અતિવૃષ્ટિ હોય કે અનાવૃષ્ટિ હોય - એવે વખતે ગુજરાત અને ગુજરાતીઓના ખમીરે, હંમેશાં આપત્તિને અવસરમાં પલટાવી છે. પડકારોને તકમાં પરિવર્તિત કર્યા છે. કૃષિ હોય-ઉદ્યોગો હોય, સર્વિસ સેક્ટર હોય, આરોગ્ય હોય, શિક્ષણ હોય.. હોલિસ્ટિક ડેવલપમેન્ટ- સર્વગ્રાહી અને સર્વાંગી વિકાસની પરિભાષા ગુજરાતે હંમેશાં દેશ અને દુનિયાને દેખાડી છે.

**મુખ્યમંત્રી કિસાન સહાય યોજના દ્વારા તમામ પાકોને આવરી લઈને ખેડૂતોને સંરક્ષિત કર્યા છે અને ખરીફ ઋતુના પાક કોઈ પણ કારણોસર નિષ્ફળ જાય તો સરકાર સહાય આપશે**

કૃષિક્ષેત્રે ગુજરાત હંમેશાં અગ્રેસર રહ્યું છે. ગુજરાતમાં ખેડૂતોને સરકારે જગતના તાત ગણીને હંમેશાં એમના હિતને પ્રાધાન્ય આપેલું છે. ૫૫ લાખથી વધુ કિસાનોને તાજેતરમાં જ મુખ્યમંત્રી કિસાન સહાય યોજના દ્વારા તમામ પાકોને આવરી લઈને ખેડૂતોને સંરક્ષિત કર્યા છે અને ખરીફ ઋતુના પાક કોઈ પણ કારણોસર નિષ્ફળ જાય તો સરકાર સહાય આપશે. અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, કમોસમી વરસાદથી નુકસાન થશે, ભલે આપણે આ વખતે પ્રીમિયમનો વીમા કંપનીને એક પૈસો નથી ભર્યો, પરંતુ સરકાર આ બધા ખેડૂતોની ચિંતા કરીને વળતર આપશે.

**દિવસ દરમિયાન વીજળી આપવા દિનકર યોજના**

ખેડૂતભાઈઓ રાત્રે ઉજાગરા કરીને ખેતરમાં પાણી વાળવા જવું ન પડે, એટલા માટે એમને દિવસ દરમિયાન વીજળી આપવા દિનકર યોજનાની પણ અમલવારી ગુજરાતમાં આપણે શરૂ કરી દીધી છે. રાજ્યનો પિયત વિસ્તાર ૩૮ લાખ હેક્ટરથી વધારીને ૬૮ લાખ હેક્ટર થયો છે. પ્રત્યક્ષ અને પરોક્ષ સિંચાઈમાં ૩૧ ટકા જે હતો વિસ્તાર, તે વધારીને ૫૫ ટકા ઉપર પહોંચ્યો છે.

**છેલ્લાં ચાર વર્ષમાં ૧૫ હજાર કરોડથી વધુ રકમની ખેતપેદાશોની ટેકાના ભાવથી ખરીદ**


છેલ્લાં ચાર વર્ષમાં ૧૫ હજાર કરોડથી વધુ રકમની ખેતપેદાશોની ટેકાના ભાવથી ખરીદી કરીને, ખેડૂતને ઝીરો ટકે ધિરાણ આપીને, સમયસર ખાતર, બિયારણ અને વીજળી પૂરાં પાડ્યાં છે.

**રૂ. ૫૩૦૦ કરોડના ખર્ચે ભાડભૂત બેરેજ યોજનાનો પણ આપણે કાર્યક્રમ શરૂ કરી દીધો છે**

આપણા ધરતીપુત્રાનાં બાવડાંઓમાં બળ છે અને જો પૂરતું પાણી-વીજળી મળે, તો આખી દુનિયાની ભૂખ ભાંગવાની ક્ષમતા મારા ખેડૂતના ખભામાં-બાવડામાં પડેલી છે અને એટલા માટે નર્મદાનાં નીર, હજારો ક્યુસેક પાણી, યોજના મોડી થઈ, અનેક કારણો હતાં. ગુજરાત વિરોધીઓએ ખૂબ માથાઝીંકો કરી હતી, પરંતુ અંતે એ યોજના નરેન્દ્રભાઈના પ્રયત્નથી, દેશના વડાપ્રધાને ગુજરાતને મદદ કરી અને આપણી યોજના પૂરી કરી અને આપણે હજારો ક્યુસેક પાણી જે દરિયામાં વહી જતું હતું, એને બચાવીને કચ્છ-સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતનાં છેવાડાનાં ગામડાંઓ સુધી પહોંચાડ્યાં. રૂ. ૫૩૦૦ કરોડના ખર્ચે ભાડભૂત બેરેજ યોજનાનો પણ આપણે કાર્યક્રમ શરૂ કરી દીધો છે. ૨૧ હજાર મિલિયન ઘનફૂટ નર્મદાનાં મીઠાં પાણીનો સંગ્રહ કરીને ભરૂચ જિલ્લાની કાયાપલટ કરવા ખારો પાટ મીઠો અને ફળદ્રુપ બનાવવા માટે આ યોજનાનો પ્રારંભ કરી દીધો છે.

**૧૯૬૧થી ૨૦૦૦ સુધી ૪૦ વર્ષમાં માત્ર ૧૮ હજાર ૩૫૬ ચેકડેમ બન્યા હતા અને ૨૦૦૦થી ૨૦૨૦ સુધીમાં નવા એક લાખ એકાવન હજાર ત્રેપન ચેકડેમ બનાવ્યા**

૧૯૬૧થી ૨૦૦૦ સુધી ૪૦ વર્ષમાં માત્ર ૧૮ હજાર ૩૫૬ ચેકડેમ બન્યા હતા અને ૨૦૦૦થી ૨૦૨૦



સુધીમાં નવા એક લાખ એકાવન હજાર ત્રેપન ચેકડેમ બનાવ્યા છે. સિંચાઈ યોજનાઓના પાણીની મૂળ સંગ્રહશક્તિ જળવાય-વધે એટલા માટે સુજલામ્ સુફલામ્ જળ અભિયાનથી ૪૨ હજાર લાખ ઘનફૂટમાં મહેનત કરીને, પરસેવો પાડીને પાણીનો સંગ્રહ વધારવા સુજલામ્ સુફલામ્ યોજનામાં ગુજરાતે ઈતિહાસ રચ્યો છે.

પાણી, વિકાસનો આધાર છે, તો ઊર્જા પણ વિકાસનો ઉજાસ છે. રાજ્યના તમામ વિસ્તારોમાં ગુણવત્તાયુક્ત વીજળી આપવા માટે ગુજરાત દેશભરમાં અગ્રેસર છે. ખેડૂતોને તેમની જરૂરિયાત અનુસાર વીજ કનેક્શન સમયમર્યાદામાં મળે તેવું સુદૃઢ આયોજન આપણે કર્યું છે.

**સૂર્યશક્તિના આધાર ઉપર રૂફટોપ પૈકી આખા ભારતમાં એકલા ૬૪ ટકા ગુજરાતમાં રૂફટોપ આપણે બનાવ્યાં છે**

રિન્યુએબલ એનર્જી - એ ક્ષેત્રમાં આપણે પણ ઐતિહાસિક પગલાં ભર્યાં છે અને સોલાર વીજળીના આધાર ઉપર, સૂર્યશક્તિના આધાર ઉપર રૂફટોપ પૈકી આખા ભારતમાં એકલા ૬૪ ટકા ગુજરાતમાં રૂફટોપ આપણે બનાવ્યાં છે. સોલારપાર્ક, વિન્ડપાર્ક - એના દ્વારા ૩૦ હજાર મેગાવોટ વીજળીનું ઉત્પાદન કરવાના સંકલ્પ સાથે આપણે આગળ વધી રહ્યા છીએ.

બિનપરંપરાગત ઊર્જાના ઉત્પાદન અને તેના ઉદ્યોગોમાં વપરાશ માટે પણ સરકારે મોટાપાયે લોકોને પ્રેરિત કર્યા છે.

ગુજરાતના સર્વગ્રાહી, વિશ્વવિકાસમાં ઉદ્યોગો અને ખાસ કરીને MSME-લઘુ ઉદ્યોગો એ બેકબોન-કરોડરજ્જુ સમાન છે. 'પહેલા પ્રોડક્શન, પછી પરમિશન'ની નવી નવતર નીતિના પરિણામે ગુજરાતમાં લઘુ, કુટિર, નાના ઉદ્યોગોને જબરદસ્ત પ્રોત્સાહન આપ્યું છે અને એના પરિણામે રોજગારી અને સ્વરોજગારની અનેક દિશાઓ ખુલ્લી મૂકી છે.

**સમગ્ર દેશમાં કુલ IEMના ૫૧ ટકા હિસ્સો ધરાવતું એકમાત્ર ગુજરાત**

ઔદ્યોગિક વિકાસને વેગ આપવા, આત્મનિર્ભર ગુજરાતના નિર્માણની દિશામાં તાજેતરમાં જ આપણે ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ પોલિસી-૨૦૨૦ ગુજરાતનું એક વધુ નવું આગવું કદમ છે. ગુજરાતમાં ૪૯ બિલિયન યુ.એસ. ડોલરના IEM સાથે સમગ્ર દેશમાં કુલ IEMના ૫૧ ટકા હિસ્સો ધરાવતું એકમાત્ર ગુજરાત રાજ્ય છે.

ભારતમાં ૨૦૧૯ દરમિયાન પ્રપોઝ્ડ ઈન્વેસ્ટમેન્ટ્સ, એમાં પણ ૪૮ ટકાનો વધારો થયો, તેની સામે ગુજરાતમાં ગત વર્ષની સરખામણીમાં ૩૩૩ ટકાનો વધારો નોંધાયો છે.

ગુજરાતે પાછલા વર્ષની સરખામણીમાં નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં FDIના ઈનફ્લોમાં ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટમાં ૨૪૦ ટકાનું સૌથી વધુ નેશનલ ઈન્ક્રિમેન્ટ મેળવ્યું છે.

**સમગ્ર દેશમાં ગુજરાતમાં બેરોજગારીનો દર સૌથી ઓછો**

ભારત સરકારની નેશનલ સ્ટેટિસ્ટિક્સ ઑફિસ દ્વારા જાહેર થયેલા સરવે રિપોર્ટ પ્રમાણે, સમગ્ર દેશમાં ગુજરાતમાં બેરોજગારીનો દર સૌથી ઓછો છે. બીજાં રાજ્યોમાં ૨૦ ટકા, ૨૫ ટકા જ્યારે ગુજરાતમાં ઓછામાં ઓછો ૩.૪ ટકા છે. દેશના ૪૩ ટકાથી વધુ સ્ટાર્ટઅપ એકલા ગુજરાતમાં છે. આમ, ગુજરાતમાં હોલિસ્ટિક ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ- સસ્ટેનેબલ રોલમોડેલ બન્યું છે.

**૫૦ વર્ષ સુધી લાંબાગાળાની લીઝ ઉપર 'સરકારી જમીન' આપવામાં આપણે ઉદ્યોગોને સગવડરૂપ બન્યા**

મિત્રો, આપણે નવી ઉદ્યોગનીતિમાં ક્લસ્ટર ડેવલપમેન્ટની નેમની સાથે ઔદ્યોગિક પછાત વિસ્તારોમાં પણ સર્વગ્રાહી ઔદ્યોગિક વિકાસની દિશા અપનાવી છે. એટલું જ નહિ, સંતુલિત પ્રાદેશિક વિકાસને વેગ આપવા ૫૦ વર્ષ સુધી લાંબાગાળાની લીઝ ઉપર 'સરકારી જમીન' આપવામાં આપણે ઉદ્યોગોને સગવડરૂપ બન્યા છીએ. બેન્કમાંથી લોન માટે આ જમીન ઉદ્યોગોને મોર્ગેજ પણ કરી શકાશે.

**૧૩૭૦ કરોડ રૂપિયા એટ વન ક્લિક આપણે MSMEને સીધા એમના ખાતામાં આપ્યા**

કોરોનાને કારણે લોકડાઉનની સ્થિતિમાં આર્થિક નુકસાન વેઠવું પડ્યું. તેને બેઠા કરવા માટે પણ ૧૩૭૦ કરોડ રૂપિયા એટ વન ક્લિક આપણે MSMEને સીધા એમના ખાતામાં આપ્યા છે.

**સાત નવી મેડિકલ કોલેજો આપણે શરૂ કરી. ૧૯૭૦ જેટલી તબીબી બેઠકમાં વધારો કર્યો**

કૃષિ, ઉદ્યોગ, વેપાર-રોજગાર કોઈ પણ ક્ષેત્રની વિકાસગાથાનો પાયો શિક્ષણ છે અને ગુજરાતનું દરેક બાળક શિક્ષિત બને-દીક્ષિત બને અને વિશ્વના પ્રવાહો સાથે કદમથી કદમ મિલાવીને ચાલે એવી આ સરકારની પ્રતિબદ્ધતા છે. મેડિકલ, એન્જિનિયરિંગ, ઉચ્ચ શિક્ષણની બેઠકોમાં પણ છેલ્લાં ત્રણ વર્ષમાં નોંધપાત્ર વધારો કરવામાં



આવ્યો છે. સાત નવી મેડિકલ કૉલેજો આપણે શરૂ કરી. ૧૯૭૦ જેટલી તબીબી બેઠકમાં વધારો આપણે કરી શક્યા છીએ. લગભગ બે હજાર બેઠકનો વધારો થયો. નવા ડોક્ટરો બનશે. વનબંધુ વિસ્તારોમાં પણ મેડિકલ કૉલેજો શરૂ કરી. આદિજાતિના યુવાન પણ ડૉક્ટર બને અને ઘરઆંગણે સેવા કરવાની તક આપી છે.

**૧૫ હજાર ડિજિટલ ક્લાસરૂમ**

શિક્ષણક્ષેત્રે ટેક્નોલૉજીનો સમુચિત ઉપયોગ કરી 'જ્ઞાનકુંજ પ્રોજેક્ટ' અંતર્ગત સરકારી શાળામાં ૧૫ હજાર ડિજિટલ ક્લાસરૂમ આપણે ઊભા કર્યા છે.

**નવ લાખ યુવાનોને નમો ઈ-ટેબ્લેટ**

લર્નિંગ વિથ અર્નિંગ કન્સેપ્ટ સાથે યુવાનોના હિતને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી એપ્રેન્ટિસશિપ યોજનાનો લાભ આપ્યો છે. રાજ્યના નવ લાખ યુવાનોને નમો ઈ-ટેબ્લેટ આપી તેમને આંગળીના ટેરવે વિશ્વ સમસ્તના સીમાડાઓ આપણે ખોલી દીધા છે.

**સબ સમાજ કો લિયે સાથ મેં આગે હૈં બઢતે જાના**

આ સરકાર વંચિત, પીડિત, શોષિત, ગરીબ, દલિત - એના હિતને વરેલી આ સરકાર છે. ભાઈઓ-બહેનો, કૃષિ, ઉદ્યોગ, ઊર્જા કે શિક્ષણ, વિકાસની ઉડાન ભરી છે આ ગુજરાતે. છેવાડાનો માણસ, પીડિત માણસ, વંચિત માણસને - સૌને વિકાસના અવસર આપ્યા છે. સબ સમાજ કો લિયે સાથ મેં આગે હૈં બઢતે જાના. એનો મંત્ર લઈને ચલો જલાએં. દીપ વહાં, જહાં અભી ભી અંધેરા હૈ... વિકાસની રાજનીતિના માર્ગને આગળ વધી રહી છે.

**એકાણું હજાર ચારસો વનવાસીને એક લાખ ઓગણપચાસ હજાર હેક્ટર જમીન ફાળવીને, જંગલ ખેડે એને જમીનના માલિક બનાવ્યા**

અંબાજીથી ઉમરગામ - આદિજાતિ પટ્ટીના ૧૪ જિલ્લામાં એકાણું હજાર ચારસો વનવાસીને એક લાખ ઓગણપચાસ હજાર હેક્ટર જમીન ફાળવીને, જંગલ ખેડે એને જમીનના માલિક બનાવ્યા છે. પેસા એક્ટ દ્વારા આદિવાસી બાંધવોને તેમના ગામના વિકાસમાં સ્વયં નિર્ણય લેતા કર્યા છે અને સરકાર ત્યાં તમારા હાથમાં, સત્તા તમારા હાથમાં અને તમે પોતે તમારા વનની જે ઊપજ છે, એની માલિકી તમારી, ખનીજની માલિકી તમારી અને તમે વહીવટ કરો. પેસા એક્ટનો અમલ કર્યો છે. રાજ્યના વંચિતોને જમીન સાથણી સ્વરૂપે આપવાના નિર્ણાયક પગલામાં સાથણીના કબજા અપાવવાનું પણ વ્યાપક કામ કરીને સરકારે ન્યાય અપાવ્યો છે.

ઉજ્જવલા યોજના અંતર્ગત ૪ વર્ષમાં ૨૮ લાખથી વધુ વંચિત પરિવારોને ગેસના કનેક્શન આપ્યાં છે.

સાથે-સાથે સરકારે સર્વે ભવન્તુ સુખિનઃનો ધ્યેય, કલ્યાણ રાજ્યની વિભાવનાની હરેક વર્ગ, સમાજ, જાતિના સર્વગ્રાહી વિકાસથી સાકાર કર્યો છે. સાથોસાથ સર્વે સન્તુ નિરામયાઃ એટલે કે જન-જનના આરોગ્યની ચિંતા પણ કરી છે.

**આયુષ્માન ભારત ૬૦ લાખ પરિવારોને આનો લાભ આપણે આપી રહ્યા છીએ**

ખાસ કરીને, કોરોનાના કપરા કાળમાં પણ રાજ્ય સરકારે સંપૂર્ણ સમર્પણ અને તાકાતથી જન-જનના આરોગ્યની સુરક્ષા માટે દિવસરાત એક કરીને કાર્યરત્ રહ્યા છીએ. આપણે બધા જાણીએ છીએ આયુષ્માન ભારત યોજના એટલે રાજ્ય સરકારની મા અમૃતમ્ અને મા વાત્સલ્ય યોજના, આપણે ગરીબોને ઘરમાં કોઈ પણ લોકોને તકલીફ પડે, ઑપરેશન કરાવવાનાં હોય, તો હાથ લાંબો ન કરવો પડે. ત્રણ લાખ રૂપિયાનો ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે. આજે ૬૦ લાખ પરિવારોને આનો લાભ આપણે આપી રહ્યા છીએ.


**કોવિડ હોસ્પિટલો કાર્યરત કરી દેવામાં આવી**

ગુજરાતમાં ૧૯મી માર્ચના રોજ કોરોનાનો પ્રથમ કેસ નોંધાયો ત્યારથી પરિસ્થિતિને પામી જઈને ત્વરિત કામગીરી શરૂ કરી. ગણતરીના દિવસોમાં તો ચાર મહાનગરોમાં તો ૨૨૦૦ બેડની ક્ષમતાવાળી કોવિડ-૧૯ ડેડિકેટેડ હોસ્પિટલ ઊભી કરવામાં આવી. સાથે-સાથે પ્રત્યેક જિલ્લામાં પણ ૧૦૦ બેડની ક્ષમતાવાળી કોવિડ હોસ્પિટલો કાર્યરત કરી દેવામાં આવી.

ટૂંકા ગાળામાં રાજ્યમાં ૫૦ હજારથી વધુ પથારીની ક્ષમતા ધરાવતી સ્પેશિયલ કોવિડ હોસ્પિટલો, કોવિડ હાઈ સેન્ટરો, કોવિડ કેર સેન્ટરો કાર્યરત કરી દીધાં. સૌના પ્રયત્નોથી આજે જે મૃત્યુદર ગુજરાતમાં વધ્યો હતો, એને ઘટાડીને ૨.૧ ટકા જેટલો લાવીને આપણે મૃત્યુદર પર કાબૂ કરી શક્યા છીએ.

**રાજ્ય સરકારની કોરોના સામેની કામગીરીની સકારાત્મક નોંધ સુપ્રીમ કોર્ટ, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન, આઈઆઈએમના લોકોએ પણ લીધી**

ગુજરાતમાં કોરોનાના દર્દીઓ ઝડપથી સાજા થાય, પોતાના ઘરે



પાછા જાય. ગુજરાતનો રિકવરી રેટ ૭૭ ટકા સુધી પહોંચાડ્યો છે. રાજ્ય સરકારની કોરોના સામેની કામગીરીની સકારાત્મક નોંધ સુપ્રીમ કોર્ટ, વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઈઝેશન, આઈઆઈએમના લોકોએ પણ લીધી છે.

**૧૧૦૦થી વધુ ધન્વંતરિ રથો-મોબાઈલ ડિસ્પેન્સરીની કામગીરીને બિરદાવી**

વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઈઝેશને કોરોનાના હોટસ્પોટ હોય તેવા ગુજરાતના વિસ્તારોમાં સેવા આપતા ૧૧૦૦થી વધુ ધન્વંતરિ રથો-મોબાઈલ ડિસ્પેન્સરીની કામગીરીને બિરદાવી છે. એક મહિનામાં બાવન લાખ લોકોને આ રથના માધ્યમથી ઘરેબેઠા ઓપીડીની સેવાઓ પૂરી પાડી છે. સીએમ ડેશબોર્ડના માધ્યમથી રાજ્યના ખૂણેખૂણે સંપર્ક જાળવીને કોરોના વૉરિયર્સને સતત પ્રોત્સાહન અને માર્ગદર્શન પૂરું પાડ્યું છે. કોરોનાના ડરને દૂર કરવા 'હું પણ કોરોના વૉરિયર છું' એ અભિયાનમાં ગુજરાતી બાંધવો પણ હૃદયપૂર્વક જોડાયા છે.

**૧૪ હજાર કરોડ ઐતિહાસિક આત્મનિર્ભર ગુજરાત સહાય પેકેજ પણ આપણે આપ્યું**

લોકડાઉન બાદ રાજ્યની આર્થિક પ્રગતિને પુનઃ ચેતનવંતી કરવા માટે રાજ્ય સરકાર દ્વારા ૧૪ હજાર કરોડ ઐતિહાસિક આત્મનિર્ભર ગુજરાત સહાય પૅકેજ પણ આપણે આપ્યું છે. એના પરિણામે, નાના વેપારી, કારીગરો, ખેડૂતો, પરંપરાગત કામ કરનારા લોકો, સાગરખેડુઓ, આદિવાસી બાંધવો, પશુપાલકો તમામ શ્રમિકોનું આર્થિક સશક્તીકરણ કરવામાં આવ્યું છે.

**એક લાખ રૂપિયા સુધીની લોન, પણ માત્ર વાર્ષિક બે ટકાના વ્યાજે**

રોજનું કમાઈને રોજનું ખાનારા વર્ગો, નાના વેપારી, સ્વરોજગારકારો-એ બધાને બેઠા કરવા માટે રૂપિયા બે-પાંચ હજાર નહીં, એક લાખ રૂપિયા સુધીની લોન, પણ માત્ર વાર્ષિક બે ટકાના વ્યાજે આપીને એક નવો ઈતિહાસ સર્જ્યો છે.

આપણા વડાપ્રધાન આદરણીય નરેન્દ્રભાઈએ કોરોનાની સ્થિતિમાંથી દેશને આગળ વધારવા, આવનારા સમયમાં આત્મનિર્ભર બનાવવાનો કૉલ આપ્યો છે. આત્મનિર્ભર ભારત માટે કિસાનો, યુવાનો, એમએસએમઈ, નાના સ્ટ્રીટ વેન્ડર્સને નવાં-નવાં પૅકેજ આપ્યાં છે. બાવીસ લાખ કરોડ રૂપિયા એમણે જાહેર કર્યા છે. ગુજરાત પણ આત્મનિર્ભર ગુજરાત પૅકેજ દ્વારા પ્રધાનમંત્રીશ્રીના કૉલને સાકાર કરવા ખભેખભા મિલાવી રહ્યું છે.

**ચાર અક્ષરનો શબ્દ ગુજરાત વિકાસ શબ્દનો પર્યાય**

ભારતમાતાને જગતજનની, વિશ્વગુરુ બનાવવાની સાથે આપણી ગુર્જરગિરાને પણ ઉત્તમથી સર્વોત્તમ બનાવવાની છે આપણે. ચાર અક્ષરનો શબ્દ ગુજરાત વિકાસ શબ્દનો પર્યાય બની ગયો છે. વિકાસ એ જ ગુજરાતની ઓળખ છે.

અંતરાયો, તકલીફો, મુશ્કેલી તો આવે અને જાય, પણ આપણે ગુજરાતનો વિકાસ તસુભાર પણ અટકે નહીં, એ સંકલ્પ કર્યો છે. વિકાસની રાહ પર આવતા અંતરાયો અને મુશ્કેલીઓ હસતા મોઢે આપણે પાર કરવાનાં છે.

શ્રદ્ધેય અટલજીની પંક્તિઓ છે, 'બાધાએં આતી હૈ તો આયેં, ઘિરેં પ્રલયકી ઘોર ઘટાએં, પાંવો કે નીચે અંગારે, સિર પર બરસેં યદી જ્વાલાએં, નિજ હાથોં મેં હંસતે-હંસતે, આગ લગાકર જલના હોગા, કદમ મિલાકર ચલના હોગા...'

આવો, સ્વાતંત્ર્ય પર્વના પાવન અવસરે આપણે સૌ સાથે મળીને આપણા ગુજરાતને ઉત્તમથી સર્વોત્તમ બનાવવા, સ્વાતંત્ર્યવીરોએ આપેલાં બલિદાનો ને સપનાંઓ કે જગતજનની બને ભારતમાતા, એનું આપણે પ્રાગટ્ય કરીએ.

**સૌ કોરોના વૉરિયર્સને આજના સ્વાતંત્ર્ય દિનના પર્વ નિમિત્તે હું શત્ શત્ નમન કરું છું**

નિષ્ઠાથી આપણે સૌ પ્રતિજ્ઞા કરીએ કે ભારતમાતાને જગતજનની બનાવીશું. પોતાના જીવની પરવા કર્યા વગર કોરોનાની મહામારીના કપરા કાળમાં જે તબીબો, પેરા મેડિકલ સ્ટાફ, સુરક્ષાકર્મીઓ, સફાઈકર્મીઓ જવાંમર્દીપૂર્વક બીજાના માટે લડ્યા અને લડાઈમાં પોતાનો જાન ન્યોછાવર કરનાર - આ સૌ કોરોના વૉરિયર્સને આજના સ્વાતંત્ર્ય દિનના પર્વ નિમિત્તે હું શત્ શત્ નમન કરું છું.

સ્વરાજય અપાવનારા સ્વાતંત્ર્યવીરો, શહીદો અને સ્વસ્થ અને તંદુરસ્ત ગુજરાતના પહેરેગીરો એવા કોરોના વૉરિયર્સ, મા ભારતીની સુરક્ષા કરતા જવાનો, બંધુ-ભગિનીઓ, બાળકોને-સૌને સ્વતંત્રતા પર્વની ખૂબ-ખૂબ શુભકામનાઓ-શુભેચ્છાઓ...

જય જય ગરવી ગુજરાત...


ભારત માતા કી જય...

●



## પ્રદેશ પ્રમુખનો સૌરાષ્ટ્રનો સંગઠનાત્મક પ્રવાસ

### સંગઠનની અસરકારક વ્યવસ્થાપન પ્રણાલીથી કોઈપણ ચૂંટણીમાં જીતના માર્જિનમાં મોટા પાયે વધારો થઈ શકે છે



# ભાજપાનો પ્રત્યેક કાર્યકર કોઈપણ લક્ષ્ય હાંસલ કરવાની ક્ષમતા ધરાવે છે

## - પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલ

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાસણ સ્થિત સિંહસદન પહોંચ્યા હતા, જ્યાં તેમનું ગીર-સોમનાથ જિલ્લાના ભાજપાના પદાધિકારીશ્રીઓ તેમજ કાર્યકર્તાઓ દ્વારા ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ, પ્રદેશ ઉપાધ્યક્ષશ્રી ગોરધનભાઈ ઝડફિયા, પ્રદેશ અગ્રણીશ્રીઓ,જૂનાગઢના સાંસદશ્રી




રાજેશભાઈ ચુડાસમા, ધારાસભ્યશ્રીઓ, ગીર સોમનાથ તથા જૂનાગઢ જિલ્લાના ભાજપાના આગેવાનશ્રીઓ તથા ભાજપા કાર્યકર્તાઓ વાહનોના વિશાળ કાફલા સ્વરૂપે સાસણથી ભગવાન મહાદેવનાં દર્શન કરવા સોમનાથ જવા રવાના થયા હતા, જ્યાં માર્ગમાં આવતા તાલાલા ખાતે સ્થાનિક ભાજપા આગેવાનશ્રીઓ, સામાજિક સંસ્થાના અગ્રણીશ્રીઓ, કાર્યકર્તાઓએ ઉત્સાહભેર પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલનું સ્વાગત કર્યું હતું.ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રીએ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ અને શ્રી બાબાસાહેબ અંબેડકરજીની પ્રતિમાને ફૂલહાર અર્પણ કરી ભાવવંદના પાઠવી હતી.

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે સોમનાથ ખાતે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવનાં દર્શન કરી દેવાધિદેવ મહાદેવની પૂજા-અર્ચના કરી હતી તેમજ શ્રી હમીરજી ગોહિલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. સોમનાથ ખાતે ગીર-સોમનાથ જિલ્લા સંગઠન દ્વારા પ્રદેશ અધ્યક્ષશ્રીનું પરંપરાગત વસ્ત્રોમાં વિવિધ સાંસ્કૃતિક નૃત્ય દ્વારા સ્વાગતનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. કોળી સમાજ, કારડિયા રાજપૂત સમાજ, ભીડિયા ખારવા સમાજ, આહીર સમાજ, માલધારી સમાજ, વિવિધ બંદરોના માછીમારો સહિત ગીર-સોમનાથ જિલ્લામાંથી વિવિધ જ્ઞાતિ-સમાજના આગેવાનો અને વિવિધ સામાજિક અને સેવાકીય સંસ્થાઓ દ્વારા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલનું ઉત્સાહભેર સ્વાગત-સન્માન કરવામાં આવ્યું હતું.

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે ગીર-સોમનાથ જિલ્લા સંગઠનના હોદ્દેદારશ્રીઓ અને અપેક્ષિત શ્રેણીના કાર્યકર્તાઓ સાથેની બેઠકમાં તેમના ઉદ્‌બોધનમાં વિવિધ સંગઠનાત્મક વિષયો અંગે વિગતવાર છણાવટ કરી ઉપસ્થિત સૌને આગામી સમયમાં ભાજપા સંગઠનને વધુ મજબૂત બનાવવા અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

શ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, ભાજપા રાજ્યના દરેક જ્ઞાતિ-સમાજના સર્વાંગી વિકાસ માટે કટિબદ્ધ છે, પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ





મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર તેમજ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્યની ભાજપા સરકાર સર્વસમાવેશી વિકાસનીતિને અનુસરીને જનહિતના વિવિધ નિર્ણયો કરી રહી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ભાજપાના કાર્યકરોએ 'સેવા હી સંગઠન'ના ભાવ સાથે કોરોનારૂપી આફતને સેવાના અવસરમાં પરિવર્તિત કરીને અનોખો સેવાયજ્ઞ કર્યો છે, જેમાં, ગીર સોમનાથના કાર્યકર્તાઓએ પણ પોતાનું યોગદાન આપ્યું છે, તે બદલ હું સૌ કાર્યકર્તાઓને બિરદાવું છું. ગમે તેવી સંકટની પરિસ્થિતિમાં ભાજપાનો કાર્યકર હંમેશા જનતાની પડખે ઊભો રહે છે.

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલનું ગળોધર, કેશોદ તેમજ વંથલી ખાતે ગ્રામજનો અને સ્થાનિક જનતાએ સ્વયંભૂ મોટી સંખ્યામાં હર્ષોલ્લાસની લાગણી સાથે પરંપરાગત વેશભૂષામાં ઉપસ્થિત રહીને ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. શ્રી સી.આર.પાટીલે ગાંઠીલા ખાતે ઉમિયા માતાજીના સુપ્રસિદ્ધ મંદિરે દર્શન કર્યાં હતાં.


**જૂનાગઢ-ગીર સોમનાથ જિલ્લા પરિવાર, સુરત દ્વારા ખોડલધામ ખાતે ગુજરાત ભાજપાના નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલની 'રજત તુલા' કરવામાં આવી હતી અને આ રજત ખોડલધામ સંસ્થાનને ભેટ આપવામાં આવી.**

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે સૌરાષ્ટ્રના કાગવડ સ્થિત 'ખોડલધામ' ખાતે ખોડિયાર માતાના સુપ્રસિદ્ધ મંદિરે દર્શન કર્યાં હતાં. જૂનાગઢ-ગીર સોમનાથ જિલ્લા પરિવાર, સુરત દ્વારા ખોડલધામ ખાતે ગુજરાત ભાજપાના નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલની 'રજત તુલા' કરવામાં આવી હતી અને આ રજતને ખોડલધામ સંસ્થાનને ભેટ આપવામાં આવી હતી.ત્યારબાદ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે 'ખોડલધામ' ટ્રસ્ટના પ્રમુખશ્રી નરેશભાઈ પટેલ સહિત અન્ય ટ્રસ્ટીશ્રીઓ સાથે મુલાકાત કરી હતી. આ પ્રસંગે રાજકોટ તેમજ સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજના આગેવાનો તેમજ વિવિધ સંસ્થાના અગ્રણીશ્રીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

'ખોડલધામ' પહોંચતા પૂર્વે જેતપુર અને બાદમાં ગોંડલ ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલનું ભાજપા અગેવાનશ્રીઓ તેમજ ભાજપા કાર્યકર્તાઓ દ્વારા ભારે હર્ષોલ્લાસ સાથે







સ્વાગત કરવામાં આવ્યું હતું.

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલના સૌરાષ્ટ્ર પ્રવાસના બીજા દિવસે તેમની અધ્યક્ષતામાં જૂનાગઢ જિલ્લા ભાજપા કાર્યાલય ખાતે જૂનાગઢ જિલ્લા સંગઠનના પદાધિકારીશ્રીઓ અને અપેક્ષિત કાર્યકર્તાઓ સાથે સંગઠનલક્ષી બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી ગોરધનભાઈ ઝડફિયા, રાજ્ય સરકારના મંત્રી શ્રી જવાહરભાઈ ચાવડા, સાંસદ શ્રી રાજેશભાઈ ચુડાસમા, પ્રદેશ મંત્રી શ્રી પ્રદીસિંહ વાઘેલા, ધારાસભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ સહિતના અગ્રણીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલનું જૂનાગઢ જિલ્લા ભાજપા કાર્યાલય ખાતે સ્થાનિક આગેવાનશ્રીઓ અને કાર્યકર્તાઓ દ્વારા હર્ષોલ્લાસ સાથે ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું.


ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે જૂનાગઢ જિલ્લા કાર્યાલય પહોંચ્યા પૂર્વે રાજ્ય સરકારનાં પૂર્વ આરોગ્ય મંત્રી શ્રીમતી હેમાબહેન આચાર્ય સાથે શુભેચ્છા મુલાકાત કરી આશીર્વાદ લીધા હતા. શ્રી સી.આર.પાટીલે સૌરાષ્ટ્ર વિસ્તારના વિવિધ સ્વામિનારાયણ મંદિર તેમજ ગુરુકુળના પૂજ્ય સંતશ્રીઓ સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી, સૌ પૂજ્ય સંતશ્રીઓએ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલને આશીર્વચન પાઠવ્યા હતા. ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે અંતરના આશીર્વાદ આપવા બદલ ધન્યતાની લાગણી સાથે સર્વે સંતશ્રીઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. બેઠક બાદ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે જુનાગઢ સ્થિત ઐતિહાસિક નરસિંહ મહેતાના ચોરાની મુલાકાત લીધી હતી.

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે જૂનાગઢ જિલ્લા ભાજપા સંગઠનને વધુ મજબૂત કરવા બેઠકમા ઉપસ્થિત સૌ કાર્યકર્તાઓને આવશ્યક સૂચનો કરી વિવિધ મુદ્દે છણાવટ કરીને વધુમાં વધુ નાગરિકોને ભાજપાની પ્રજાભિમુખ, રાષ્ટ્રવાદી વિચારધારા સાથે જોડવા સંગઠનલક્ષી માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, સંગઠનની અસરકારક વ્યવસ્થાપન પ્રણાલીથી કોઈપણ ચૂંટણીમાં જીતના માર્જિનમાં મોટા પાયે વધારો થઈ શકે છે. ભાજપાનો પ્રત્યેક કાર્યકર કોઈપણ લક્ષ્ય હાંસલ કરવાની ક્ષમતા ધરાવે છે.

શ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, આપણે સૌએ સંયુક્ત અને પ્રામાણિક પ્રયાસોથી કાર્ય કરી જૂનાગઢ સહિત રાજ્યના પ્રત્યેક વિસ્તારમાં, પ્રત્યેક બુથમાં મતદારયાદીના પ્રત્યેક પેજ ઉપર ભાજપાનું પ્રભુત્વ સ્થાપિત કરવાનું છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વડપણમાં કેન્દ્રની ભાજપા સરકાર દ્વારા આજે જનહિતની ૪૦૦થી વધુ યોજનાઓ કાર્યરત છે, તેમજ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા લોકકલ્યાણની અનેકવિધ યોજનાઓ શરૂ કરવામાં આવી છે. તેમણે કહ્યું હતું કે, આ પ્રત્યેક યોજનાનો લાભ ટેકનોલોજીના ઉપયોગ થકી રાજ્યના તમામ લાભાર્થીઓને અપાવવાની ચિંતા કરી, યોગ્ય કાર્યપદ્ધતિ સાથે કાર્ય કરવા ભાજપાના પ્રત્યેક કાર્યકર્તાને આહ્વાન કરું છું.

**રાજકોટ શહેર સંગઠનના સૌ પદાધિકારીશ્રીઓ અને કાર્યકર્તાઓને આગામી સમયમાં આવનાર વિવિધ ચૂંટણીઓ અંગે વિવિધ મુદ્દે છણાવટ કરીને જરૂરી સૂચનો સાથે માર્ગદર્શન આપ્યું**

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે રાણીંગા વાડી હોલ ખાતે તબક્કાવાર રીતે પ્રથમ રાજકોટ શહેર સંગઠનના પદાધિકારીશ્રીઓ અને અપેક્ષિત શ્રેણીના કાર્યકર્તાઓ સાથે તેમજ ત્યારબાદ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ, ગ્રેટર ચેમ્બર ઓફ કોમર્સ,મેટોડા ઈન્ડસ્ટ્રીયલ એસોસિયેશન, રાજકોટ મેડિકલ એસોસિયેશન, વેપારીમંડળ, વિવિધ સમાજના અગેવાનશ્રીઓ



સહિત વિવિધ સામાજિક અને સેવાકીય સંસ્થાઓના આગેવાનશ્રીઓ સાથે બેઠક યોજી હતી.

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે બેઠકમાં ઉપસ્થિત રાજકોટ શહેર સંગઠનના સૌ પદાધિકારીશ્રીઓ અને કાર્યકર્તાઓને આગામી સમયમાં આવનાર વિવિધ ચૂંટણીઓ અંગે વિવિધ મુદ્દે છણાવટ કરીને જરૂરી સૂચનો સાથે માર્ગદર્શન આપ્યું હતું. આજે વરસાદી વાતાવરણ વચ્ચે પણ અભૂતપૂર્વ ઉત્સાહ સાથે ભવ્ય સ્વાગત કરવા બદલ સૌ કાર્યકર્તાશ્રીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. વિવિધ સામાજિક અને સેવાકીય સંસ્થાના તેમજ વિવિધ સમાજના આગેવાનશ્રીઓએ ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલનું મોમેન્ટો આપી, ફૂલહાર પહેરાવી અને શાલ ઓઢાડી સ્વાગત-સન્માન કર્યું હતું.

શ્રી સી.આર.પાટીલે વિવિધ સામાજિક અને સેવાકીય સંસ્થાઓ તેમજ વિવિધ સમાજના આગેવાનશ્રીઓ સાથેની બેઠકમાં ઉપસ્થિત સૌને અનેરો સેવાયજ્ઞ અવિરતપણે ચાલુ રાખી લોકહિતનું અનોખું કાર્ય કરવા બદલ બિરદાવ્યા હતા અને સામાજિક કાર્યોની સાથે-સાથે કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ લોકકલ્યાણકારી યોજનાઓનો જરૂરિયાતમંદોને લાભ અપાવવા અંગે પણ સક્રિય ભૂમિકા ભજવવા હાકલ કરી હતી જેથી વધુમાં વધુ લોકોને યોજનાનો લાભ મળી શકે.

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીએ ધંધુકાના શ્રેષ્ઠ કાર્યકર્તા, હજારો લોકોના જીવનમાં આશા અને સરકારી સહાયતાનો દીપક પ્રગટાવનાર,લોકોના દુઃખે દુઃખી થઈને પોતાનું જીવન જનસેવામાં સમર્પિત કરનાર સ્વ.શ્રી જગદીશભાઈ સોનીના ઘરે જઈને પરિવારજનોને સાંત્વના પાઠવી અને સ્વર્ગસ્થને શ્રદ્ધાંજલિ અર્પી.

### ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે સંત સવૈયાનાથ ધામ, ઝાંઝરકા દર્શન કર્યા

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે સંત સવૈયાનાથ ધામ, ઝાંઝરકાનાં દર્શન કરી પૂર્વ સાંસદ અને ગાદીપતિ સંતશ્રી શંભુનાથજી ટૂંડિયાના આશીર્વાદ મેળવ્યા હતા. ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલનું સંત સવૈયાનાથ ધામ ખાતે ધામના સાધકો, સેવકો, સારંગપુર હનુમાન મંદિર તેમજ સ્વામિનારાયણ સંસ્થાના સંતો-મહંતો, વિવિધ સામાજિક સંસ્થાઓના આગેવાનશ્રીઓ, વિવિધ જ્ઞાતિ-સમાજના આગેવાનશ્રીઓએ ઉપસ્થિત રહી તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું, તેમજ પુષ્પગુચ્છ, મોમેન્ટો, તલવાર આપી, સાફો પહેરાવી, શાલ ઓઢાડી સ્વાગત-અભિવાદન કર્યું હતું.

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે, પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવનાં દર્શનથી શરૂ કરેલ સૌરાષ્ટ્રનો સંગઠનાત્મક પ્રવાસ આજે ઝાંઝરકાના પ્રસિદ્ધ ધાર્મિક સંસ્થાન સંત સવૈયાનાથ ધામનાં દર્શન કરીને આશીર્વાદ મેળવીને પૂર્ણ થઈ રહ્યો છે, તે બાબતની હું ધન્યતા અનુભવું છું. સમગ્ર પ્રવાસ દરમિયાન ઠેર ઠેર ભાજપાના કાર્યકર્તાઓ અને સ્થાનિકોએ ઉત્સાહ, પ્રેમ, હૂંફ અને લાગણી સાથે મારું સ્વાગત કર્યું તે બદલ હું સદૈવ સૌનો ઋણી રહીશ.

શ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, સંત સવૈયાનાથ ધામના ગાદીપતિ સંતશ્રી શંભુનાથજી ટૂંડિયા રાજ્યસભાના સાંસદની જવાબદારી નિભાવી ચૂક્યા છે, હાલમાં તેઓ ભાજપા અનુસૂચિત જાતિ મોરચાના પ્રદેશ અધ્યક્ષ પણ છે. મને આપેલા આશીર્વાદ બદલ હું તેમનો અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરું છું.

સંત સવૈયાનાથ ધામ, ઝાંઝરકા ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલની માસ્ક, સેનિટાઈઝર અને ઉકાળાથી વિશિષ્ટ પ્રકારની ત્રિવિધ તુલા કરવામાં આવી હતી. જાહેર હિતાર્થે આ ત્રિવિધ તુલાની સામગ્રી પૈકી ઉકાળાનું આશ્રમશાળાના વિદ્યાર્થીઓમાં અને માસ્ક તથા સેનિટાઈઝરનું આજુબાજુના ગ્રામ્યવિસ્તારના સરપંચશ્રીઓ મારફત નાગરિકોમાં વિતરણ કરવામાં આવશે. ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે ધંધુકા ખાતે ભાજપાના વરિષ્ઠ અને અદના કાર્યકર સ્વ.જગદીશભાઈ સોનીના ઘરની મુલાકાત લીધી હતી.

ઝાંઝરકા પહોંચ્યા પૂર્વે ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલનું સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા અને લીંબડી ખાતે તેમજ સંત સવૈયાનાથ ધામની મુલાકાત બાદ અમદાવાદ જિલ્લાના બગોદરા અને બાવળા ખાતે ભાજપા આગેવાનશ્રીઓ અને કાર્યકર્તાઓ દ્વારા ઉમળકાભેર ભવ્ય સ્વાગત-અભિવાદન કરવામાં આવ્યું હતું. •







# ઈમાનદારને સન્માન આપવાની વાત

**ફેસલેસ અપીલની સુવિધા ૨૫મી સપ્ટેમ્બર એટલે કે દીનદયાળ ઉપાધ્યાયજીનાં જન્મજંયતીએ સમગ્ર દેશમાં એક સાથે તમામ નાગરિકો માટે લાગુ થઈ જશે**

દેશમાં ચાલી રહેલા માળખાગત સુધારાનો ક્રમ આજે એક નવા મુકામ પર આવી પહોંચ્યો છે. પારદર્શક ‘‘કર-વ્યવસ્થા – પ્રમાણિકનું સન્માન’’ એ ૨૧મી સદીની કર-વ્યવસ્થાની, નવી વ્યવસ્થાનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.

આ પ્લેટફોર્મમાં ફેસલેસ અસેસમેન્ટ, ફેસલેસ અપીલ અને કરદાતાઓનો અધિકારપત્ર જેવા મોટા સુધારા છે, જેમાં ફેસલેસ અસેસમેન્ટ અને કરદાતાઓનો અધિકારપત્ર આજથી લાગુ થઈ ગયા છે. જ્યારે ફેસલેસ અપીલની સુવિધા ૨૫મી સપ્ટેમ્બર એટલે કે દીનદયાળ ઉપાધ્યાયજીની જન્મજંયતીએ સમગ્ર દેશમાં એક સાથે તમામ નાગરિકો માટે લાગુ થઈ જશે. હવે કર-વ્યવસ્થા ફેસલેસ બની રહી છે, પરંતુ તે કરદાતા માટે વાજબીપણા અને ભય વિહીનતાનો વિશ્વાસ આપનારી બની રહેશે.

હું તમામ કરદાતાઓને તેના માટે ખૂબ-ખૂબ અભિનંદન પાઠવું છું અને સાથે-સાથે આવકવેરા વિભાગના તમામ અધિકારીઓ અને કર્મચારીઓને પણ અભિનંદન પાઠવું છું

**ઈમાનદારને સન્માન આપવાની વાત**

સાથીઓ, વીતેલાં છ વર્ષોમાં બેંકની સગવડ વગરના લોકોને બેંકની સગવડ અને સુરક્ષા વગરના લોકોને સુરક્ષા આપવામાં તથા જેને ભંડોળ મળતું નથી તેને ભંડોળ આપવામાં




અમારું ધ્યાન કેન્દ્રિત થયેલું રહ્યું છે. એક રીતે કહીએ તો આજે એક નવી યાત્રા શરૂ થઈ ગઈ છે. એમાં ઈમાનદારને સન્માન આપવાની વાત છે. દેશનો પ્રમાણિક કરદાતા રાષ્ટ્રનિર્માણમાં ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવે છે. જ્યારે દેશના ઈમાનદાર કરદાતાનુ જીવન સરળ બને છે, ત્યારે તે આગળ વધવાનું શરૂ કરે છે, દેશનો પણ વિકાસ થાય છે અને દેશ પણ આગળ વધતો રહે છે.

**નવી સુવિધાઓમાં ઓછામાં ઓછું સરકારીપણું અને મહત્તમ સુશાસન માટે અમારી કટિબદ્ધતા રહેશે**

સાથીઓ, આજથી શરૂ થઈ રહેલી નવી વ્યવસ્થાઓ, નવી સુવિધાઓમાં ઓછામાં ઓછું સરકારીપણું અને મહત્તમ સુશાસન માટે અમારી કટિબદ્ધતા રહેશે. દેશવાસીઓના જીવનમાંથી સરકારને અને સરકારી દખલને ઓછી કરવાની દિશામાં આ એક મહત્ત્વનું પગલું ભરવામાં આવ્યું છે.

**કર્તવ્યભાવનાને સર્વોપરી ગણીને તમામ કામ કરવામાં આવે છે**

સાથીઓ, આજે દરેક નિયમને, દરેક કાયદા-કાનૂનને, દરેક નીતિને



પ્રક્રિયા હેઠળ લાવીને તથા સત્તાલક્ષી અભિગમમાંથી બહાર લાવીને લોકલક્ષી અને લોકો માટે મૈત્રીપૂર્ણ બનાવવાના પ્રયાસ ઉપર ભાર મૂકવામાં આવી રહ્યો છે. આ નવા ભારતના નવા શાસન મોડલનો એક પ્રયોગ છે અને તેનાં સુખદ પરિણામો દેશને પ્રાપ્ત થઈ રહ્યાં છે. દરેક વ્યક્તિને એ બાબતનો અનુભવ થઈ રહ્યો છે કે, ટૂંકા રસ્તા અપનાવવા યોગ્ય નથી. ખોટી પદ્ધતિઓ અને નુસખા અપનાવવાનું પણ યોગ્ય નથી. એ સમય હવે પાછળ છૂટી ગયો છે. હવે દેશમાં એવુ વાતાવરણ પેદા થઈ રહ્યું છે કે, જેમાં કર્તવ્યભાવનાને સર્વોપરી ગણીને તમામ કામ કરવામાં આવે છે.

સવાલ એ છે કે પરિવર્તન છેવટે કઈ રીતે આવી રહ્યું છે ? આ પરિણામ શું માત્ર કડકાઈને કારણે હાંસલ થયું છે? કે પછી તે સજા આપવાને કારણે પ્રાપ્ત થયું છે? ના, બિલકુલ નહિ. તેનાં ચાર મોટાં કારણો છે.

**નીતિ આધારિત શાસન, સામાન્ય માણસોની ઈમાનદારી ઉપર વિશ્વાસ, ટેકનોલોજીનો મોટા પાયે ઉપયોગ, કાર્યક્ષમતા, પ્રમાણિકતા અને સંવેદનશીલતાના ગુણો દાખવાય**

પ્રથમ કારણ છે નીતિ આધારિત શાસન, જ્યારે નીતિ બિલકુલ સ્પષ્ટ હોય છે, ત્યારે તેમાં તકલીફ ધરાવતી બાબતો લઘુતમ થઈ જાય છે અને એ કારણે વ્યાપારમાં, બિઝનેસમાં મુનસફીની ગુંજાયેશ ઓછી થઈ જાય છે.

બીજું, સામાન્ય માણસોની ઈમાનદારી ઉપર વિશ્વાસ.

ત્રીજું સરકારી પદ્ધતિમાં માનવ દખલને ઓછી કરવા માટે ટેકનોલોજીનો મોટા પાયે ઉપયોગ. આજે સરકારી ખરીદી હોય કે સરકારી ટેન્ડર કે પછી સરકારી સેવાઓ આપવાની કામગીરી હોય, આ તમામ જગ્યાઓએ ટેકનોલોજિકલ ઈન્ટરફેસ સેવા આપી રહી છે.

અને ચોથું, અમારી જે સરકારી મશીનરી છે, જે અધિકારિતા છે, તેમાં કાર્યક્ષમતા, પ્રમાણિકતા અને સંવેદનશીલતાના ગુણો દાખવાય તેને સન્માનિત કરવામાં આવી રહ્યા છે. તેને પુરસ્કાર આપવામાં આવી રહ્યો છે.

સાથીઓ, એક એવો સમય હતો કે, જ્યારે સુધારાની ઘણી વાતો કરવામાં આવતી હતી, ક્યારેક મજબૂરીને કારણે કેટલાક નિર્ણયો લેવામાં આવતા હતા, જેને સુધારા કહેવામાં આવતા હતા. આવી સ્થિતિને કારણે ધાર્યા પરિણામ પ્રાપ્ત થતાં ન હતાં. હવે તે જોઈને વિચારધારા અને અભિગમ બંનેમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

**સુધારણા એ નિરંતર ચાલુ રહેનારી પ્રક્રિયા**

અમારા માટે સુધારાનો અર્થ એ છે કે, સુધારા નીતિ આધારિત હોય, તે ટુકડામાં આપવામાં ના આવે અને તેની રજૂઆત સમગ્રલક્ષી રીતે થતી હોય. આ ઉપરાંત એક સુધારાને આધારે બીજો સુધારો બને, નવા સુધારા માટે માર્ગ મોકળો થાય, અને એવું પણ નથી કે એક વાર સુધારો કરીને પછી અટકી જવાનું છે. સુધારણા એ નિરંતર ચાલુ રહેનારી પ્રક્રિયા છે. વીતેલાં થોડાંક વર્ષોમાં દેશમાંથી દોઢ હજારથી વધુ કાયદાઓને નાબૂદ કરવામાં આવ્યા છે.

**સુધારા લાવવા તરફ ભારતની કટિબદ્ધતાને જોઈને ભારત ઉપર વિદેશી રોકાણકારોનો વિશ્વાસ પણ સતત વધતો જઈ રહ્યો છે**

બિઝનેસ કરવામાં આસાનીના રેંકીંગના મામલે ભારત આજથી થોડાં વર્ષ પહેલાં ૧૩૪મા સ્થાને હતુ. આજે ભારતનું રેંકીંગ ૬૩ છે. રેંકીંગમાં આટલો મોટો ફેરફાર આવવા પાછળ અનેક કારણ કામ કરે છે. અનેક નિયમો અને સુધારા કરીને મોટાં પરિવર્તન લાવવામાં આવ્યાં છે. સુધારા લાવવા તરફ ભારતની કટિબદ્ધતાને જોઈને ભારત ઉપર વિદેશી રોકાણકારોનો વિશ્વાસ પણ સતત વધતો જઈ રહ્યો છે. કોરોનાના આ સંકટના સમયમાં પણ ભારતમાં વિક્રમ પ્રમાણમાં સીધું વિદેશી મૂડીરોકાણ આવ્યું છે તે એનું મોટું ઉદાહરણ છે.

સાથીઓ, ભારતની કર-વ્યવસ્થામાં મૂળભૂત રીતે માળખાગત સુધારાની જરૂર એટલા માટે હતી કારણ કે આપણી આ વ્યવસ્થા ગુલામીના સમયગાળામાં બની હતી. એ પછી તેમાં ક્રમશઃ ફેરફારો થતા ગયા અને આઝાદી પછી તેમાં જ્યાં-ત્યાં થોડા ફેરફારો કરવામાં આવ્યા. પરંતુ મોટા ભાગે વ્યવસ્થા-તંત્રની લાક્ષણિકતા એ જ રહી હતી.

આનું પરિણામ એ આવ્યું કે, જે કરદાતા રાષ્ટ્રનિર્માણ માટે દેશનો મહત્ત્વનો સ્થંભ છે તે, જે દેશને ગરીબીમાંથી બહાર કાઢવામાં પોતાનું યોગદાન આપી રહ્યો છે તેને કઠેડામાં ઊભો કરી દેવામાં આવ્યો હતો. આવક વેરાની નોટિસ એક આદેશ જેવી બાબત બની ગઈ. દેશની સાથે કપટ કરનારા કેટલાક મુઠ્ઠીભર લોકોને કારણે ઘણા બધા લોકોએ બિનજરૂરી પરેશાનીમાંથી પસાર થવું પડતું હતું. એક રીતે જોઈએ તો કરવેરો આપનારા લોકોની સંખ્યામાં ગર્વ સાથે વધારો થતો રહેવો જોઈતો હતો, પરંતુ તે સાંઠગાંઠની અને ગઠબંધનની વ્યવસ્થા બની ગઈ હતી.

આવી વિસંગતિની વચ્ચે કાળાં અને ધોળાં (નાણાં)નો વ્યવહાર પણ ફૂલતોફાલતો ગયો. આ વ્યવસ્થાને



કારણે પ્રમાણિકતાથી પોતાનો વેપાર ધંધો કરનારા લોકોને, રોજગારી આપનારા લોકોને તથા દેશની યુવાશક્તિને પ્રોત્સાહિત કરવાને બદલે તેને કચડી નાખવાનું કામ થયું હતુ.

**રિટર્નથી માંડીને રિફંડની વ્યવસ્થાને પણ સંપૂર્ણ રીતે ઓનલાઇન કરી દેવામાં આવી છે**

સાથીઓ, જ્યાં જટિલતા હોય છે, ત્યાં નિયમપાલન ખૂબ મુશ્કેલ બની જતું હોય છે. કાયદા ઓછામાં ઓછા હોય અને જે કાયદા હોય તે પણ ખૂબ જ સ્પષ્ટ હોવા જોઈએ, આવું બને ત્યારે કરદાતા ખુશ રહે છે અને દેશ પણ ખુશ રહે છે. વીતેલા થોડા સમયથી આવી જ કામગીરી કરવામાં આવી રહી છે. ડઝનબંધ વેરાને બદલે જીએસટી આવી ગયો છે. રિટર્નથી માંડીને રિફંડની વ્યવસ્થાને પણ સંપૂર્ણ રીતે ઓનલાઇન કરી દેવામાં આવી છે.

જે નવી સ્લેબ પદ્ધતિ આવી છે તેના કારણે કારણ વગર દસ્તાવેજ અને કાગળો રજૂ કરવાની મજબૂરીમાંથી પણ મુક્તિ મળી ગઈ છે. અને એટલું જ નહીં અગાઉ રૂ. ૧૦ લાખ કે તેનાથી વધુ કરના વિવાદ બાબતે હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં જવામાં આવતું હતું. હવે હાઈકોર્ટમાં રૂ. ૧ કરોડ સુધીના અને સુપ્રીમ કોર્ટમાં રૂ. ૨ કરોડ સુધીની કેસની મર્યાદા નક્કી કરવામાં આવી છે. વિવાદ સે વિશ્વાસ જેવી યોજનાઓનો આશય એ રહ્યો છે કે, મોટા ભાગની બાબતોનો કોર્ટની બહાર જ નિકાલ આવી જાય. આનું પરિણામ એ આવ્યું છે કે, આશરે ત્રણ લાખ જેટલી બાબતો (કેસ)નો નિકાલ આવી ગયો છે.

સાથીઓ, પ્રક્રિયાઓની જટિલતાની સાથે-સાથે દેશમાં કરવેરા પણ ઓછા કરી દેવામાં આવ્યા છે. રૂ. ૫ લાખ સુધીની આવક ઉપર હવે શૂન્ય કર લાગે છે. બાકી સ્લેબમાં પણ વેરો ઓછો કરી દેવામાં આવ્યો છે. કોર્પોરેટ વેરાની બાબતમાં આપણે સૌથી ઓછો વેરો લેનારા દેશમાંના એક તરીકે ગણના પામીએ છીએ.

**આપણી કર-વ્યવસ્થા સીમલેસ હોય, પેઈનલેસ હોય, ફેસલેસ હોય**

સાથીઓ, આપણી કોશિશ એ રહી છે કે, આપણી કર-વ્યવસ્થા સીમલેસ હોય, પેઈનલેસ હોય, ફેસલેસ હોય. સીમલેસનો અર્થ એવો થાય છે કે કર વહિવટનુ તંત્ર કરદાતાને મૂંઝવવાને બદલે તેની તકલીફો હલ કરવાની દિશામાં કામ કરતું રહે. પેઈનલેસ એટલે કે ટેકનોલોજીથી માંડીને નિયમો સુધીની વ્યવસ્થા સરળ હોય. ફેસલેસનો અર્થ એવો થાય છે કે, કરદાતા કોણ છે અને કર અધિકારી કોણ છે તેનો કોઈ અર્થ નહીં રહેવો જોઈએ. આજથી જે સુધારા લાગુ થઈ રહ્યા છે, તે આવી જ વિચારધારાને આગળ ધપાવવાના છે.

સાથીઓ, અત્યાર સુધી એવું બનતું હતું કે, જે શહેરમાં આપણે રહેતા હતા તે શહેરનો કરવેરા વિભાગ કર અંગેની તમામ બાબતો હાથ ધરતો હતો. સ્ક્રૂટિની હોય કે પછી નોટિસ હોય, સર્વે હોય કે પછી જપ્તી હોય, તેમાં તે શહેરના આવક વેરા વિભાગની જ મુખ્ય ભૂમિકા રહેતી હતી. હવે એક રીતે કહીએ તો તે ભૂમિકા ખતમ થઈ ગઈ છે. હવે તેમાં ટેકનોલોજીની મદદથી ફેરફાર કરવામાં આવ્યો છે.


**હવે સ્ક્રૂટિનીની બાબતો દેશના કોઈ પણ વિસ્તારમાં કોઈ પણ અધિકારીને રેન્ડમ ધોરણે વહેંચવામાં આવે છે**

હવે સ્ક્રૂટિનીની બાબતો દેશના કોઈ પણ વિસ્તારમાં કોઈ પણ અધિકારીને રેન્ડમ ધોરણે વહેંચવામાં આવે છે. એટલે કે હવે મુંબઈના કોઈ કરદાતા સાથે જોડાયેલા વેરાનો મામલો સામે આવે છે, ત્યારે તેની તપાસની જવાબદારી મુંબઈના અધિકારીની પાસે રહેતી નથી. પરંતુ શકય છે કે, તે ચેન્નાઈની ફેસલેસ ટીમની પાસે પહોંચે અને ત્યાંથી પણ જે આદેશ નીકળે તેની સમીક્ષા કોઈ બીજા શહેરની એટલે કે બેંગ્લોર કે જયપુરની ટીમ કરતી હોય. હવે ફેસલેસ ટીમ ક્યાંની હશે, તેમાં કોણ-કોણ હશે તે હવે રેન્ડમ ધોરણે નક્કી કરવામાં આવે છે, અને તેમાં દર વર્ષે ફેરફાર પણ થતો રહેશે.

સાથીઓ, આ પ્રકારની પદ્ધતિને કારણે કરદાતાને આવકવેરા કચેરી વચ્ચે ઓળખાણ રહેવાના કે પ્રભાવ દર્શાવવાનો કે દબાણ કરવાની કોઈ તક જ નહીં પ્રાપ્ત થાય. બધા લોકો પોતાની જવાબદારી મુજબ કામ કરતા રહેશે. વિભાગને આ કારણે લાભ એ થશે કે, બિનજરૂરી કાનૂનબાજી નહીં થાય. બીજું ટ્રાન્સફર અને પોસ્ટીંગમાં કામે લગાડવી પડતી બિનજરૂરી ઊર્જામાંથી પણ હવે રાહત મળી જશે. એક રીતે કહીએ તો વેરા સાથે જોડાયેલી બાબતોમાં તપાસની સાથે-સાથે અપીલની કામગીરી પણ હવે ફેસલેસ રહેશે.

**ભારતના ઇતિહાસમાં સૌ પ્રથમવાર કરદાતાઓના અધિકારો અને ફરજોને કોડિફાઈ કરવામાં આવ્યા છે**

સાથીઓ, કરદાતાનો અધિકારપત્ર પણ દેશની વિકાસયાત્રામાં એક મોટો પ્રયાસ બની રહેશે. ભારતના ઇતિહાસમાં સૌ પ્રથમવાર કરદાતાઓના અધિકારો અને ફરજોને કોડિફાઈ કરવામાં આવ્યા છે. તેને માન્યતા આપવામાં આવી છે. કરદાતાઓને આ



રીતે સન્માનને સુરક્ષા પૂરી પાડનારા ગણ્યાગાંઠ્યા દેશોમાં ભારતનો હવે સમાવેશ થઈ ગયો છે.

હવે કરદાતાને ઉચિત, વિનમ્ર અને તર્કસંગત વ્યવહારનો ભરોસો પૂરો પાડવામાં આવ્યો છે. એનો અર્થ એ થાય કે આવકવેરા વિભાગે કરદાતાનું ગૌરવ અને સંવેદનશીલતાનો ખ્યાલ રાખવો પડશે. હવે કરદાતાની વાતનો વિશ્વાસ કરવો પડશે. વિભાગ તેને કોઈ કારણ વગર શંકાની નજરે જોઈ શકશે નહી. જો કોઈ પણ પ્રકારની શંકા હોય તો કરદાતાને હવે અપીલ અને સમીક્ષાનો અધિકાર આપવામાં આવ્યો છે.

સાથીઓ, અધિકાર હંમેશાં જવાબદારીની સાથે જ આવતો હોય છે. આ અધિકારપત્રમાં પણ કરદાતા પાસેથી કેટલીક જવાબદારીઓની અપેક્ષા રાખવામાં આવી છે. કરદાતાએ કર આપવો કે સરકારે કર લેવો તે કોઈ હક્ક કે અધિકારનો વિષય નથી, પણ તે બંનેની જવાબદારી બની રહે છે. કરદાતાએ કર એટલા માટે આપવાનો રહે છે, કારણ કે તેને કારણે જ વ્યવસ્થા ચાલતી હોય છે. એક મોટી વસ્તી તરફની અને દેશ તરફની તે ફરજ બજાવી શકે છે.

આ વેરામાંથી ખુદ કરદાતાને પોતાની પ્રગતિ માટે બહેતર સુવિધા અને માળખાગત સુવિધાઓ મળતી રહે છે. બીજી તરફ સરકારની પણ એ જવાબદારી છે કે, કરદાતાની પાઈએ પાઈનો સદુપયોગ કરવામાં આવે. આવી સ્થિતિમાં હાલમાં કરદાતાઓને જે સુવિધા અને સુરક્ષા મળી રહી છે, તો દેશ પણ કરદાતા પોતાની ફરજ બાબતે જાગૃત રહે તેવી અપેક્ષા રાખતો હોય છે.

સાથીઓ, દેશવાસીઓ પર ભરોસો એ વિચારધારાનો પ્રભાવ છે કે, જમીની સ્તરે નજરે પડે તે સમજવું ખૂબ જરૂરી બની રહે છે. વર્ષ ૨૦૧૨-૧૩માં જેટલા વેરાનાં રિટર્ન ભરાતાં હતાં, તેમાંથી ૦.૯૪ ટકાની સ્ક્રૂટીની થતી હતી. વર્ષ ૨૦૧૮-૧૯માં આ આંકડો ઘટીને ૦.૨૬ ટકા ઉપર આવી ગયો છે. એનો અર્થ એ થયો કે, કેસની સ્ક્રૂટીની હવે ચાર ગણી ઓછી થઈ ગઈ છે. આ ઘટના સ્વયં દર્શાવે છે કે, પરિવર્તન કેટલા વ્યાપક પ્રમાણમાં થઈ રહ્યું છે.

સાથીઓ, વીતેલાં ૬ વર્ષમાં ભારતમાં કર વહિવટમાં શાસનનું એક નવું મોડલ વિકસી રહેલું જોવા મળે છે. અમે જટિલતા ઘટાડી છે, કર વેરા ઓછા કર્યા છે, કાનૂની વિવાદો ઓછા કર્યા છે. પારદર્શકતામાં વધારો કર્યો છે. કરવેરાના પાલનના પ્રમાણમાં વધારો થયો છે. કરદાતા તરફના વિશ્વાસમાં પણ વધારો થયો છે.

**આ તમામ પ્રયાસોની વચ્ચે ૬થી ૭ વર્ષમાં આવક વેરો ભરનારા લોકોની સંખ્યામાં અઢી કરોડનો વધારો થયો**

સાથીઓ, આ તમામ પ્રયાસોની વચ્ચે ૬થી ૭ વર્ષમાં આવક વેરો ભરનારા લોકોની સંખ્યામાં અઢી કરોડનો વધારો થયો છે, પરંતુ એ બાબત પણ સાચી છે કે ૧૩૦ કરોડની જનસંખ્યા ધરાવતા દેશમાં આ સંખ્યા ખૂબ જ ઓછી છે. આટલા મોટા દેશમાં માત્ર દોઢ કરોડ સાથીઓ જ આવક વેરો જમા કરાવે છે. દેશે આ બાબતે આત્મચિંતન કરવાની જરૂર છે. આત્મનિર્ભર ભારત માટે, આત્મચિંતન જરૂરી છે, અને આ જવાબદારી માત્ર કર વેરા વિભાગની જ નથી પણ, જે કર આપવા માટે સક્ષમ છે, પરંતુ હજુ તે ટેક્સ નેટમાં નથી તેવા દરેકેદરેક ભારતીયની છે. તેમણે સ્વ-પ્રેરણાથી આગળ આવવાની જરૂર છે, તેવો મારો આગ્રહ છે અને અપેક્ષા પણ.

આવો, વિશ્વાસના, અધિકારોના, જવાબદારીઓના પ્લેટફોર્મનું સન્માન કરતાં નવા ભારત, આત્મનિર્ભર ભારતનો સંકલ્પ સિદ્ધ કરીએ અને વધુ એક વાર દેશના હાલના અને ભાવિ ઈમાનદાર કરદાતાઓનું સન્માન કરતાં હું તેમને ખૂબ-ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવું છું અને આ પહેલ એક મોટો નિર્ણય કરવામાં આવ્યો છે. આવકવેરા અધિકારીઓને પણ જેટલી શુભેચ્છાઓ પાઠવીએ એટલી ઓછી છે. દરેક કરદાતાને, દરેક આવકવેરા અધિકારીઓને પણ શુભેચ્છાઓ પાઠવવી જોઈએ કારણ કે, એક પ્રકારે તેમણે પોતાની ઉપર બંધનો નાખ્યાં છે. પોતાની શક્તિથી, પોતાના અધિકારોને તેમણે પોતે કાઢ્યા છે. જો આવકવેરા વિભાગના અધિકારીઓ આ રીતે આગળ આવતા રહ્યા તો કોને ગર્વ નહિ થાય દરેક દેશવાસીને ગર્વ થવો જ જોઈએ. અને પહેલાંના સમયમાં કદાચ વેરાને કારણે કેટલાક સમયથી તે જ લોકોએ વેરો ભરવાના રસ્તા પર જવાનું પસંદ નહિ કર્યું હોય. હવે જે રસ્તો બની રહ્યો છે, તે વેરો ભરવાની તરફનો આકર્ષક રસ્તો બની ગયો છે. અને એટલા માટે જ, ભવ્ય ભારતના નિર્માણમાં આ વ્યવસ્થાનો લાભ લો, આ વ્યવસ્થાથી જોડાવા પણ આગળ આવો. હું ફરી એકવાર તમારા સૌનો ખૂબ-ખૂબ ધન્યવાદ કરું છું, ખૂબ-ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું. નિર્મલાજી અને તેમની સમગ્ર ટીમનો પણ ખૂબ-ખૂબ ધન્યવાદ કરું છું કે એક પછી એક દેશમાં ઉજજવળ ભવિષ્ય માટે લાંબા ગાળા સુધી પ્રભાવ ઉત્પન્ન કરવાવાળા અનેક સકારાત્મક નિર્ણયોનું નેતૃત્વ કરી રહ્યા છે. હું ફરી એક વાર બધાને શુભેચ્છાઓ પાઠવું છું, બધાનો ધન્યવાદ કરું છું.

ખૂબ ખૂબ ધન્યવાદ !

•



- પ્રેરક શાહ

## 'મહામારી'થી 'આત્મનિર્ભર' – 'સંકટ'થી 'સફળતા' સુધીની સફર

# 'ખેડૂતોના ખંત' અને 'વેપારીઓના સાહસ' થકી ભારતીય અર્થતંત્રમાં ઝડપી સુધારો

કોરોના મહામારીમાં જ્યારે આખું વિશ્વ સપડાયેલું છે ત્યારે ભારત જેવા વિશાળ દેશમાં કોરોના જેવી અજાણ મહામારી સામે લોકોના જીવ બચાવવા માટે મોદી સરકાર દ્વારા ૨૫ માર્ચથી દેશભરમાં 'લોકડાઉન' લાગુ કરવામાં આવ્યું, જે ૩૧ મે સુધી લંબાવવામાં આવ્યું અને ત્યારબાદ 'અનલોક' દ્વારા આંશિક રીતે લોકડાઉન દૂર કરવામાં આવ્યું. આવાં સમયસર લેવામાં આવેલાં પગલાંઓને પરિણામે કોરોનાથી મૃત્યુદર અન્ય દેશોની સરખામણીમાં ખૂબ નીચો રહ્યો.

### ૧,૭૦,૦૦૦ કરોડ રૂપિયાનું ગરીબ લોકોને મદદરૂપ ખાદ્ય-અન્ન, રાંધણગેસ અને રોકડ સ્વરૂપે ૩ મહિનાનું ગરીબ કલ્યાણ પેકેજ આપવામાં આવ્યું

૨૬ માર્ચના રોજ ૧,૭૦,૦૦૦ કરોડ રૂપિયાનું ગરીબ લોકોને મદદરૂપ ખાદ્ય-અન્ન, રાંધણગેસ અને રોકડ સ્વરૂપે ૩ મહિનાનું ગરીબ કલ્યાણ પેકેજ આપવામાં આવ્યું, જેમાંથી ખાદ્યાન્ન પેકેજ વધુ ૫ મહિના વધારવામાં આવ્યું, જેમાં વધારાના ૯૦,૦૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી. ૨૭ માર્ચના રોજ રિઝર્વ બેંક દ્વારા આર્થિક બાબતોમાં અને લોનના હપ્તા ભરવામાં રાહત આપવામાં આવી.

### ૨૦.૯૭ લાખ કરોડ જેટલું વિશાળ રાહત પેકેજ

મોદી સરકાર દ્વારા ૧૨ મેના રોજ દેશના જી.ડી.પી.ના ૧૦.૪૮%ના કદનું એટલે કે લગભગ રૂપિયા ૨૦.૯૭ લાખ કરોડ જેટલું વિશાળ રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું, જેમાં આગળ કરેલી રાહતો પણ સામેલ છે. આ પેકેજ દ્વારા દેશના ખેડૂતો, ગરીબ અને મધ્યમ વર્ગના લોકો, MSME ક્ષેત્રના તથા ધંધા-રોજગાર કરતા લોકોને આર્થિક મહામારીમાંથી બહાર લાવવાનાં પગલાં લેવામાં આવ્યાં તથા કેટલાક વહીવટી અને આર્થિક સુધારાઓ કરવામાં આવ્યા.

### મોદી સરકારે જી-૭ સભ્ય દેશોની સરખામણીમાં નવી ચલણી નોટો છાપવાનું ટાળ્યું છે જેથી મોંઘવારી અને એન.પી.એ. કાબૂમાં રાખી શકાય

મોદી સરકારના વિરોધીઓનું કહેવું છે કે પેકેજમાં બેંક ક્રેડિટનો હિસ્સો ખૂબ મોટો છે અને સરકારનો હિસ્સો ખૂબ ઓછો છે, તો અહીં એ જાણવું ઉલ્લેખનીય છે કે વિશ્વના અન્ય વિકસિત દેશોના પેકેજ સાથે આ પેકેજની સરખામણી કરવી યોગ્ય નથી. વિકાસશીલ દેશ તરીકે મોદી સરકારે જી-૭ સભ્ય દેશોની સરખામણીમાં નવી ચલણી નોટો છાપવાનું ટાળ્યું છે જેથી મોંઘવારી અને એન.પી.એ. કાબૂમાં રાખી શકાય અને ૨૦૦૮ જેવી પરિસ્થિતિ ઊભી ના થાય જે મોદી સરકારની સમયસૂચકતા અને દૂરંદેશિતા સૂચવે છે.

### કોરોના જેવી મહામારીના સમયમાં પણ ભારત દેશનું ફોરેક્સ રિઝર્વ રેકોર્ડ ૫૩૪ બિલિયન ડોલર

વર્ષ ૧૯૯૧માં વૈશ્વિક મહામારી કે વૈશ્વિક કટોકટી ના હોવા છતાં પણ દેશમાં મંદીને કારણે ભારત દેશનું વિદેશી નાણાંભંડોળ ૧.૨૬ બિલિયન ડૉલર હતું જે ભારતનું માત્ર ૨૧ દિવસનું આયાત-બિલ ચૂકવી શકાય તેટલું હતું અને તેથી સરકાર દ્વારા માત્ર ૪૦૦ મિલિયન ડૉલર ઊભા કરવા માટે ૪૬.૯૧ ટન સોનું બેંક ઓફ ઈંગ્લેન્ડ પાસે ગીરવે મૂકવાની નોબત આવી હતી, જ્યારે કોરોના જેવી મહામારીના સમયમાં પણ ભારત દેશનું ફોરેક્સ રિઝર્વ રેકોર્ડ ૫૩૪ બિલિયન ડૉલર છે જે ભારતના ૩૯૨ દિવસનું આયાત બિલ ચૂકવી શકાય એટલું છે, જે ભારત દેશની આર્થિક મજબૂતી દર્શાવે છે.

### ૨૦૨૦ માટેના જી.ડી.પી.નું અનુમાન લગાડવામાં આવ્યું

ભૂતકાળમાં ક્યારેય ના થઈ હોય તેવી વૈશ્વિક આર્થિક કટોકટીમાં પણ IMF દ્વારા વિશ્વના અલગ અલગ દેશોના ૨૦૨૦ માટેના જી.ડી.પી.નું અનુમાન લગાડવામાં આવ્યું છે, જેમાં માત્ર ભારત અને ચાઈના માટે જ પોઝિટિવ ગ્રોથનું અનુમાન કરેલું છે. વર્લ્ડ બેંક અનુસાર વિશ્વનો આર્થિક ગ્રોથ પાછલાં ૫૦ વર્ષનો રેકોર્ડ તોડશે તથા સ્ટાન્ડર્ડ એન્ડ પુઅરના માટે આ એક ગ્લોબલ મેલ્ટડાઉન છે, પરંતુ સરકારના અથાગ પ્રયત્નોથી આપણા દેશને આની મોટા પ્રમાણમાં અસર થશે નહીં અને ભારત ખૂબ જ ઝડપથી ફરી વખત સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર બનશે અને 'V shape' રિકવરી પણ શક્ય બનશે.

મોદી સરકાર દ્વારા શરૂઆતથી કરવામાં આવેલ અસંખ્ય માળખાકીય સુધારાઓને પગલે આજે ભારત દેશ

આ મહામારી સામે મજબૂત રીતે ઝઝૂમી બહાર આવવામાં સફળ રહ્યો જેનાં કેટલાંક દૃષ્ટાંતો અહીંયાં નીચે રજૂ કરેલ છે.

### ૩.૩૦ કરોડ લોકોને માત્ર જૂન ૨૦૨૦માં કામ મળ્યું, જે ગત વર્ષની સરખામણીમાં ૭ ગણો વધારો સૂચવે છે

મનરેગા સ્કીમ અંતર્ગત ગ્રામીણ વિસ્તારોમાં રોજગારીનું વિક્રમી સર્જન થયું. ૪ કરોડ ગ્રામીણ પરિવારો દ્વારા આ સ્કીમ અંતર્ગત લાભ મેળવવા માટે અરજી કરવામાં આવેલ, જેમાંથી ૩.૩૦ કરોડ લોકોને માત્ર જૂન ૨૦૨૦માં કામ મળ્યું, જે ગત વર્ષની સરખામણીમાં ૭ ગણો વધારો સૂચવે છે. એપ્રિલ અને મે મહિનામાં પણ ગત વર્ષ કરતાં ૨.૩ ગણી એટલે કે ૧.૦૧ લાખ કરોડ ફાળવવામાં આવ્યા. ગ્રામીણ ગરીબ અને લોકડાઉનમાં ઘરવાપસી કરેલા કામદારોને મદદરૂપ ૩૦૦ કરોડ માનવ દિવસો (Man Days) જેટલું કામ પૂરું પાડવામાં આવશે તથા પ્રતિદિન મજૂરી દર ૧૮૨ રૂપિયાથી વધારી ૨૦૨ રૂપિયા કરી દેવામાં આવ્યો.

### ૯ કરોડ ખેડૂતાનાં બેંક ખાતાંમાં ૧૮,૦૦૦ કરોડ રૂપિયા જમા કરવામાં આવ્યા

ખેડૂત દેશનો અન્નદાતા છે. ખેડૂતોને વૈશ્વિક અને પ્રાકૃતિક બંને પ્રકારની આફતોનો સામનો કરવો પડે છે. મોદી સરકાર દ્વારા એપ્રિલ મહિનામાં ૯ કરોડ ખેડૂતાનાં બેંક ખાતાંમાં ૧૮,૦૦૦ કરોડ રૂપિયા જમા કરવામાં આવ્યા. ખેડૂતોને તેમનાં ઉત્પાદનોનું ઉચિત મૂલ્ય મળે તે માટે ૭૫,૦૦૦ કરોડ રૂપિયાની રકમ આપવામાં આવી. લોન લીધા પછી ખેડૂતને આર્થિક તકલીફ ના પડે તે માટે સરકાર દ્વારા ૬ મહિના સુધી હપ્તો ચૂકવવામાંથી છૂટ આપવામાં આવી. આવી અનેક સુવિધાઓ દ્વારા દેશના જી.ડી.પી.ના મુખ્ય ચાલક એવા કૃષિ ક્ષેત્રના ખેડૂતોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા. ખેડૂતોની આવક બમણી કરવા માટે લેવાયેલાં વિવિધ પગલાંઓના પરિણામસ્વરૂપે ભારતીય ખેડૂતોએ લોકડાઉન છતાં સરકારે કરેલી યોજનાઓના પરિણામે ગયા વર્ષ કરતાં ૨૧.૨૦% વધુ ૬,૯૨,૦૦,૦૦૦ હેક્ટર વિસ્તારમાં ઉનાળુ પાકનું વાવેતર કર્યું. ફર્ટિલાઇઝરનું વેચાણ એપ્રિલથી જૂનના ગાળામાં ૭૧% વધ્યું.

### દાળનું વાવેતર પણ ગઈ સાલના ૨૪ લાખ હેક્ટરની સામે આ વર્ષે ૬૪ લાખ હેક્ટર

સારા ચોમાસાથી પ્રેરાઈને અને કૃષિલક્ષી વિકાસકાર્યોના પરિણામે ખેડૂતોએ ખરીફ પાકની વાવણી ૧૨ જુલાઈ સુધીમાં ૪૫% જેટલી વધીને ૫.૮૬ કરોડ હેક્ટરમાં કરી છે, જે ગત વર્ષે ૪.૦૨ કરોડ હેક્ટરમાં કરવામાં આવી હતી. ખેડૂતોએ ડાંગરનું ૧.૨૦ કરોડ હેક્ટરમાં વાવેતર કર્યું જે ગત વર્ષ કરતાં ૨૫% વધારે છે. કોટનનું વાવેતર ૧.૦૪ કરોડ હેક્ટરમાં કર્યું જે ગત વર્ષમાં ૦.૭૭ કરોડ હેક્ટરમાં હતું. તેલીબિયાંનું વાવેતર ૧.૩૯ કરોડ હેક્ટરમાં કરવામાં આવ્યું જે ગત વર્ષમાં ૦.૭૫ કરોડ હેક્ટરમાં હતું. દાળનું વાવેતર પણ ગઈ સાલના ૨૪ લાખ હેક્ટરની સામે આ વર્ષે ૬૪ લાખ હેક્ટરમાં કરવામાં આવેલ છે.

દેશનાં ૧૨૩ જળાશયોમાં જુલાઈ મહિના સુધીમાં જળસંગ્રહ છેલ્લાં ૧૦ વર્ષના ૨૧% અને જુલાઈ ૨૦૧૯ના ૧૭% સ્તરની સામે આ વર્ષે ૩૨% નોંધાયો જે ઉલ્લેખનીય છે.

### ડિસેમ્બર ૨૦૧૮થી અત્યાર સુધીમાં ૧૦ કરોડથી વધુ ખેડૂતોને રૂપિયા ૯૦,૦૦૦ કરોડ આપવામાં આવ્યા


પ્રધાન મંત્રી કિસાન યોજના હેઠળ ખેડૂતોના બેંક એકાઉન્ટમાં સીધા રોકડ નાણાં જમા કરવામાં આવ્યાં જેથી ખેડૂતોને સીધો લાભ મળ્યો. આ યોજના હેઠળ ડિસેમ્બર ૨૦૧૮થી અત્યાર સુધીમાં ૧૦ કરોડથી વધુ ખેડૂતોને રૂપિયા ૯૦,૦૦૦ કરોડ આપવામાં આવ્યા, જેમાંથી રૂપિયા ૨૨,૦૦૦ કરોડ તો લોકડાઉનના સમયમાં જ આપવામાં આવ્યા.

### ખેડૂતો ગ્રાહકોને અને ફૂડ પ્રોસેસીંગ કંપનીઓને સીધું વેચાણ કરી શકશે

પ્રધાનમંત્રી મોદી દ્વારા મે ૨૦૨૦ માં કોન્ટ્રાક્ટ ફાર્મિંગ અધિકૃત કરી દેવામાં આવ્યું અને APMC અને આવશ્યક વસ્તુઓના કાયદાઓ નાબૂદ કરી દેવામાં આવ્યા, જેથી હવે ખેડૂતો ગ્રાહકોને અને ફૂડ પ્રોસેસીંગ કંપનીઓને સીધું વેચાણ કરી શકશે જેથી ખેડૂતોની આવકમાં વધારો થશે.

### કૃષિવિકાસને લગતાં કાર્યો અને યોજનાઓને તથા સરકારની આર્થિક નીતિઓના પરિણામે ભારતના જી.ડી.પી.માં મોટો ઘટાડો જોવા મળ્યો નથી

વિશ્વના અન્ય દેશોના જી.ડી.પી.માં ખૂબ મોટો ઘટાડો જોવા મળ્યો હતો. બીજા વિશ્વયુદ્ધ પછી જાપાનના અર્થતંત્રમાં એપ્રિલથી જૂનમાં વાર્ષિક ધોરણે ૨૭.૮૦% નો સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો. થાઈલેન્ડના અર્થતંત્રમાં પણ ૧૨.૨૦% નો ઘટાડો નોંધાયો. છેલ્લા ક્વાર્ટરમાં મલેશિયાના અર્થતંત્રમાં ૧૩.૨૦%, સિંગાપુરમાં ૧૩.૨૦% જ્યારે ફિલિપાઈન્સમાં ૧૬.૫૦% જેટલો ઘટાડો જોવાયો. Q1માં જર્મની દેશનો જી.ડી.પી. ૧૦%, ફ્રાન્સનો ૧૪%, સિંગાપુરનો ૪૧% અને અમેરિકાનો ૩૨.૯૦% ઘટ્યો જ્યારે કૃષિવિકાસને લગતાં કાર્યો અને યોજનાઓને તથા સરકારની આર્થિક નીતિઓના





પરિણામે ભારતના જી.ડી.પી.માં મોટો ઘટાડો જોવા મળ્યો નથી.

## જી.એસ.ટી. ૮૫% જેટલી રિકવરી

જી.એસ.ટી.માં ટેક્સ અને રીટર્ન ભરવામાં સરકાર દ્વારા આપવામાં આવેલ રાહતો અને હળવા લોકડાઉન છતાં જુલાઈ ૨૦૨૦ નું જી.એસ.ટી.નું કલેક્શન ૮૭,૪૨૨ કરોડ રહ્યું જે જુલાઈ ૨૦૧૯ માં ૧.૦૨ લાખ કરોડ જેટલુ હતું જે ૮૫% જેટલી રિકવરી દર્શાવે છે.

## ડિજિટલ ઇન્ડિયા

ડિજિટલ ઇન્ડિયાના ભાગરૂપે કરવામાં આવેલ સુધારાઓને પરિણામે ડિજિટલ વ્યવહારોમાં પણ ખૂબ વધારો જોવા મળ્યો અને જૂન મહિનામાં આ આંક રૂપિયા ૧૧૩.૪૦ ટ્રિલિયન રહ્યો હતો. સોશિયલ ડિસ્ટન્સ જાળવવામાં અને રોકડ નોટને કારણે ફેલાતા કોરોનાને અટકાવવામાં સરળતા રહી. જૂન મહિનામાં UPI દ્વારા અત્યાર સુધીના રેકોર્ડ ૨.૬૨ લાખ કરોડ રૂપિયાના કુલ ૧૩૪ કરોડ વ્યવહારો થયા, જે જુલાઈ મહિનામાં આગળ વધીને ૨.૯૦ લાખ કરોડ રૂપિયાના કુલ ૧૪૯ કરોડ વ્યવહારો થયા. જુલાઈ-૨૦૧૯ મહિનાના ૧.૪૬ લાખ કરોડ રૂપિયાની સરખામણીમાં આ વર્ષે બમણા મૂલ્યના વ્યવહારો થયા. IMPS દ્વારા થતા વ્યવહારો પણ રૂપિયા ૨.૨૫ લાખ કરોડના રેકોર્ડ લેવલ પર નોંધાયા, જે જૂન મહિનાના વ્યવહારો કરતાં ૯% જ્યારે જુલાઈ-૨૦૧૯ કરતાં ૨૪% વધારે નોંધાયા. છેલ્લા ચાર મહિનામાં ઓનલાઈન ખરીદી કરવાવાળા લોકોની સંખ્યામાં ૨૦% જેટલો ઉમેરો થયો છે.

## કોરોના મહામારી અને કડક લોકડાઉન પછી પણ કોરોના પહેલાંના વેચાણના ૯૦% જેટલું વેચાણ

ઓટો સેક્ટરમાં પેસેન્જર અને ખાસ કરીને દ્વિચક્રી વાહનોનું વેચાણ દેશમાં આંશિક લોકડાઉન ચાલુ હોવા અને ઘણી કંપનીઓમાં 'વર્ક ફ્રોમ હોમ પોલિસી' હોવા છતાં જુલાઈ ૨૦૨૦માં ૧.૮૨ લાખ રહ્યું જે જુલાઈ ૨૦૧૯ની સરખામણીમાં માત્ર ૪% ઓછુ રહ્યું. હીરો મોટોકોર્પ, જે વિશ્વની બીજા ક્રમની દ્વિચક્રી વાહન ઉત્પાદક કંપની છે, તેણે જૂન ૨૦૨૦માં ૪,૫૦,૭૪૪ વાહનોનું વેચાણ કર્યું. ફેબ્રુઆરી ૨૦૨૦ માં આ કંપનીએ ૪,૯૮,૨૪૨ વાહનોનું વેચાણ કર્યું હતું. આ વેચાણના આંકડા દર્શાવે છે કે કંપનીએ કોરોના મહામારી અને કડક લોકડાઉન પછી પણ કોરોના પહેલાંના વેચાણના ૯૦% જેટલું વેચાણ કર્યું છે જે ઉત્સાહનીય છે. કંપનીનું ૬૫% જેટલું વેચાણ ગ્રામીણ વિસ્તારોમાં છે.

## ટ્રેક્ટરના વેચાણમાં પણ જૂન ૨૦૨૦માં ગત વર્ષ કરતાં ૧૨% વધારે વેચાણ થયું

ટ્રેક્ટરના વેચાણમાં પણ જૂન ૨૦૨૦ માં ગત વર્ષ કરતાં ૧૨% વધારે વેચાણ થયું. દેશની મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા કંપનીએ જુલાઈ મહિનામાં ગત વર્ષ કરતાં ૨૮% વધારે ટ્રેક્ટરનું વેચાણ કર્યું જે કૃષિ સાથે જોડાયેલ ગ્રામીણ ભારતની આર્થિક મજબૂતાઈ સૂચવે છે અને જે મોદી સરકારના ખેડૂતોની જીવનશૈલી ઉપર લાવવા માટે કરેલા પ્રયત્નોનું ફળ છે.

## પેટ્રોલ અને ડીઝલની માંગમાં ઝડપી સુધારો


પેટ્રોલ અને ડીઝલની માંગમાં ઝડપી સુધારો જોવાઈ રહ્યો છે અને લોકડાઉન પહેલાંની માંગની સરખામણીમાં પેટ્રોલની માંગમાં ૯૦% અને ડીઝલની માંગમાં ૮૮% સુધીની રિકવરી જોવાઈ છે, જે અર્થતંત્રમાં થઈ રહેલ ઝડપી સુધારાના સંકેતરૂપ છે.

## ૧૮ વર્ષના લાંબા ગાળા પછી ભારત દેશના આંતરરાષ્ટ્રીય વેપારમાં ટ્રેડ સરપ્લસ એટલે કે આયાત કરતાં નિકાસમાં વધારો જોવા મળ્યો

૧૮ વર્ષના લાંબા ગાળા પછી ભારત દેશના આંતરરાષ્ટ્રીય વેપારમાં ટ્રેડ સરપ્લસ એટલે કે આયાત કરતાં નિકાસમાં વધારો જોવા મળ્યો. જૂન મહિનામાં નિકાસમાં ૧૨.૪૦%નો વધારો, જયારે આયાતમાં ૪૭.૬૦% ના ઘટાડાના કારણે ટ્રેડ સરપ્લસ ૭૯ કરોડ ડોલર રહી. એપ્રિલથી જુલાઈ ૨૦૨૦ ના ગાળામાં ભારતની સોનાની આયાત વાર્ષિક ધોરણે ૮૧.૨૨% ઘટીને ૧૮,૫૯૦ કરોડ રહી હતી, જયારે ચાંદીની આયાત પણ વાર્ષિક ધોરણે ૫૬.૫૦% ઘટીને ૫,૧૮૫ કરોડ રહી હતી, જેના કારણે દેશની વેપાર ખાધને નિયંત્રણમાં રાખવામાં મદદ મળી છે.

## ૨૦ અબજ ડોલરથી પણ વધુ રકમનું મૂડીરોકાણ આવ્યું જે એક અદ્‌ભુત સિદ્ધિ છે

ભારત વેપાર માટે ખુલ્લું છે અને રોકાણને આવકારે છે. પ્રધાનમંત્રી મોદીનો અંગત કરિશ્મા, પારદર્શિતા પર ફોકસ અને વ્યાપાર ક્ષેત્રે મૈત્રીભર્યું વાતાવરણ વગેરેએ ભારતને રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર બનાવ્યું છે. મોદીનું આત્મનિર્ભર ભારત 'વોકલ ફોર લોકલ' ઉપર સવાર થયેલું છે, છતાં જ્યાં જરૂરી હોય ત્યાં વિદેશી મૂડી વ્યાજબી પ્રમાણમાં આકર્ષવાનું ચૂકતું નથી. FDI (વિદેશી સીધું મૂડીરોકાણ)ની વાત કરીએ તો ભારત દેશમાં વિશ્વના લોકોનો વિશ્વાસ અને મોદી સરકારની નીતિઓને કારણે ઊભા થયેલા અનુકૂળ વાતાવરણને પરિણામે



એપ્રિલથી જુલાઈ સુધીના લોકડાઉન જેવા સમયે પણ ભારત દેશમાં દુનિયાની ટોચની કંપનીઓ જેવી કે ગૂગલ, વોલમાર્ટ, ફેસબુક, સુઝુકી વિગેરે દ્વારા ૨૦ અબજ ડૉલરથી પણ વધુ રકમનું મૂડીરોકાણ આવ્યું જે એક અદ્‌ભુત સિદ્ધિ છે.

**૨,૦૦,૦૦૦ લાખ કરોડથી પણ વધારે રકમનું ફંડ મેળવ્યું**

કોર્પોરેટ ઇન્ડિયાએ અને બેન્કોએ લોકડાઉનના ગાળામાં પણ બોન્ડ / TLTRO (Targeted Long Term Repo Operation) દ્વારા ૨,૦૦,૦૦૦ લાખ કરોડથી પણ વધારે રકમનું ફંડ મેળવ્યું. કોર્પોરેટ ઇન્ડિયાના Q4 અને Q1નાં પરિણામ ખૂબ પ્રોત્સાહક રહ્યા.

ભારત દેશમાં લોકડાઉનમાં આંશિક રાહતો અને આર્થિક કામગીરીને વેગ મળવાથી બેરોજગારીનો દર મે મહિનાનો ૨૯.૨૨% થી ઘટીને જૂન મહિનામાં ૭.૨૬% આવી ગયો જે આર્થિક ગતિવિધિઓ ખૂબ ઝડપથી આગળ વધી રહ્યાનું સૂચવે છે.

પરચેસીંગ મેનેજર્સ ઈન્ડેક્સ (PMI) એ દેશની ઉત્પાદન અને સર્વિસ ઇન્ડસ્ટ્રીમાં થતાં ધંધાકીય કાર્યોનો સૂચકાંક છે. ભારતમાં ઉત્પાદનનો PMI એપ્રિલ ૨૦૨૦ માં ૨૪.૭૦ હતો જે મે માં ૩૦.૮૦ હતો અને જૂન મહિનામાં વધીને ૪૭.૨૦ થઈ ગયો હતો જે અર્થતંત્રમાં સુધારાના સંકેત સૂચવે છે.

લોકડાઉનના સમયમાં એપ્રિલથી જૂનના ગાળામાં સિમેન્ટનું વેચાણ ગયા વર્ષની સરખામણીમાં વધારે રહ્યું જે ગ્રામીણ ક્ષેત્રની માંગ અને અર્થવ્યવસ્થાની મજબૂતાઈ સૂચવે છે.

**MSME માટે ૨૦,૦૦૦ કરોડ રૂપિયાનું આનુષંગિક ઋણ, ૫૦,૦૦૦ કરોડ રૂપિયા સુધીનું ફંડ ઓફ ફંડ્સ દ્વારા ઈક્વિટીમાં રોકાણ**

ભારત દેશમાં MSME સેક્ટર જે લગભગ ૧૨ કરોડ લોકોને રોજગાર આપે છે અને દેશના જી.ડી.પી.માં તેનો હિસ્સો ૨૯% જેટલો છે. દેશની કુલ MSMEમાંથી માઈક્રો એટલે કે સૂક્ષ્મ ઉદ્યોગોનો હિસ્સો ૯૬.૭૦% જેટલો છે ત્યારે કોરોના મહામારીના કારણે લાગુ કરવામાં આવેલા લોકડાઉનની સીધી અસર આ ઉદ્યોગો પર પડી છે અને તેમના માટે આવા સંકટ સમયમાં ટકી રહેવું ખૂબ કાઠું પડી રહ્યું છે ત્યારે મોદી સરકાર દ્વારા આર્થિક પ્રોત્સાહન પેકેજ જાહેર કરવામાં આવ્યું જે અંતર્ગત તણાવગ્રસ્ત (stressed) MSME માટે ૨૦,૦૦૦ કરોડ રૂપિયાનું આનુષંગિક ઋણ, ૫૦,૦૦૦ કરોડ રૂપિયા સુધીનું ફંડ ઓફ ફંડ્સ દ્વારા ઈક્વિટીમાં રોકાણ, ૨૦૦ કરોડ રૂપિયા સુધીના સરકારી ટેન્ડરમાં ફક્ત દેશી કંપનીઓ જેવાં અનેક પ્રોત્સાહનો આપવામાં આવ્યાં. આ સાથે MSME ક્ષેત્ર આવનારા સમયમાં દેશના આત્મનિર્ભર ભારત અભિયાનમાં ખૂબ મોટો ભાગ ભજવશે. સરકારે આપેલી રાહતોના ભાગરૂપે જાહેર ક્ષેત્રની બેન્કો દ્વારા ૮ અઠવાડિયાં જેટલા ઓછા સમયમાં ૭૨,૮૨૦.૨૬ કરોડ જેટલી રકમની લોન મંજૂર કરવામાં આવી અને તેમાંથી ૫૨,૦૧૩.૭૩ કરોડ રકમની લોન આપવામાં આવી.

**MSME સેક્ટર માટે રૂપિયા ૩,૦૦,૦૦૦ કરોડની ફાળવણી કરી કોલેટરલ ફ્રી લોનની સુવિધા આપવામાં આવી**

MSME સેક્ટર માટે રૂપિયા ૩,૦૦,૦૦૦ કરોડની ફાળવણી કરી કોલેટરલ ફ્રી લોનની સુવિધા આપવામાં આવી, જેથી ધંધો ફરી શરૂ કરવા, ધંધાકીય દૈનિક ખર્ચાઓ કરવા, કાચા માલની ખરીદી કરવા અને નોકરીઓ ટકાવી રાખી શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી.

**ઔદ્યોગિક ઉત્પાદન અને માંગમાં વધારો**

ઓગસ્ટ મહિનાના પ્રથમ પખવાડિયામાં વીજ ઉત્પાદનમાં વાર્ષિક ધોરણે ૨.૬૦% વધારો જોવા મળ્યો છે. રિન્યૂએબલ એનર્જીના ઉત્પાદનમાં ઑગસ્ટના પ્રથમ પંદર દિવસમાં ૨.૩૦% વૃદ્ધિ જોવા મળી છે. સોલાર વીજ ઉત્પાદનમાં ૧૯.૩૦% વધારો થયો હતો. ભારતના પરંપરાગત વીજ ઉત્પાદન સ્ત્રોત કોલસા આધારિત વીજ ઉત્પાદનમાં ઑગસ્ટના પ્રથમ પંદર દિવસમાં ૪.૨૦% વધારો નોંધાયો. આ આંકડા ઔદ્યોગિક ઉત્પાદન અને માંગમાં વધારો અને આવનારા સમયમાં અર્થતંત્રમાં આવનારા વેગની ઝડપ સૂચવે છે.

**આવનારા ખૂબ જ ઓછા સમયમાં ખૂબ ઝડપથી પૂર્વવત્ કાર્યરત થશે એવી આશા સેવાઈ રહી છે**

આ બધું જોતાં એટલું ચોક્કસ કહી શકાય કે કૃષિક્ષેત્ર અને ખેડૂતોના વિકાસ માટેના મોદી સરકારના અવિરત પ્રયાસોના પરિણામે અને MSME ઉદ્યોગ જગત માટે કરેલા માળખાકીય સુધારાઓને કારણે આજે વિશ્વકક્ષાની આટલી મોટી મહામારીમાં પણ કૃષિ અને MSME ક્ષેત્રની આગેવાની હેઠળ ભારતનું આર્થિક એંજિન વેગવંતું બન્યું છે અને આવનારા ખૂબ જ ઓછા સમયમાં ખૂબ ઝડપથી પૂર્વવત્ કાર્યરત થશે એવી આશા જોવાઈ રહી છે.

●





## ‘આત્મનિર્ભર ભારત’ની દિશામાં વધુ એક પગલું ભારતીય નૌસેનાને વધુ સશક્ત અને સુદૃઢ બનાવવા રાજ્યની રક્ષાશક્તિ યુનિવર્સિટી સાથે MOU

### કેન્દ્રીય રક્ષામંત્રી શ્રી રાજનાથ સિંહની ઉપસ્થિતિમાં રક્ષા શક્તિ યુનિવર્સિટી દ્વારા ભારતીય નૌસેના સાથે MOU પર Online હસ્તાક્ષર કરાયા




દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના ‘આત્મનિર્ભર ભારત’ બનાવવાના લક્ષ્યને સાકાર કરવાની દિશામાં ગુજરાતના પાટનગર ગાંધીનગર સ્થિત રક્ષા શક્તિ યુનિવર્સિટી કૂચ કરવા જઈ રહી છે. ભારતીય નૌસેનાને વધુ સશક્ત બનાવવા તથા સંયુક્ત રિસર્ચ પ્રોજેક્ટ કરવા ઉપરાંત નૌસેનાના અધિકારીઓને અતિ આધુનિક તકનીકોથી તાલીમબદ્ધ કરવા રક્ષા શક્તિ યુનિવર્સિટી દ્વારા દેશના રક્ષામંત્રી શ્રી રાજનાથ સિંહ તેમજ ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથની ઉપસ્થિતિમાં ભારતીય નૌસેના સાથે MOU પર Online હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

તા.૧૩મી ઑગસ્ટ-૨૦૨૦ના રોજ ગાંધીનગર જિલ્લાના દહેગામના લવાડ ગામમાં આવેલી દેશની એકમાત્ર અદ્યતન રક્ષા શક્તિ યુનિવર્સિટી (આર.એસ.યુ.) દ્વારા ભારતીય નૌસેના સાથે એમ.ઓ.યુ. પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે.

આ એમ.ઓ.યુ. મારફતે રક્ષા શક્તિ યુનિવર્સિટી દ્વારા ભારતીય નૌસેનાને વધુ સશક્ત બનાવવાની દિશામાં હરણફાળ ભરવા સ્ટાર્ટ-અપ અને નવા એકમોને પ્રોત્સાહન આપવામાં આવશે. આ ઉપરાંત બન્ને સંસ્થાઓ દ્વારા સંયુક્ત રિસર્ચ પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવશે તેમજ નૌસેનાના અધિકારીઓને અદ્યતન તાલીમ આપવા સહિતનાં અનેક કાર્યો કરી નૌસેનાને વધુ સુદૃઢ બનાવવામાં આવશે. તે સાથે જ ૨૧મી સદીમાં દેશની રક્ષા માટે નૌસેનાની ક્ષમતાઓને વધારવા રક્ષા શક્તિ યુનિવર્સિટી દ્વારા સંપૂર્ણ સહયોગ આપવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે રક્ષા શક્તિ યુનિવર્સિટીએ હાલમાં પોતાની સ્થાપનાનાં દસ વર્ષ પૂર્ણ કર્યાં છે. એક દશકના આ સમયગાળા દરમ્યાન દેશની આંતરિક સુરક્ષાને સુદૃઢ કરવા માટે આર.એસ.યુ. દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ, કેન્દ્ર અને રાજ્ય સરકારમાં કાર્યરત ઓફિસરોની સુરક્ષા સંબંધિત વિષયોમાં તાલીમ, સુરક્ષા એજન્સીઓને મદદરૂપ અદ્યતન ટેક્નોલોજીના ક્ષેત્રમાં રિસર્ચ વગેરે જેવા અનેક વિષયોમાં પોતાનું અનેરું યોગદાન આપ્યું છે.

નોંધનીય બાબત છે કે, આરએસયુ સાથે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના ભાગીદારો જોડાયેલા છે. વિદેશી અને ભારતીય યુનિવર્સિટીઓ, સંસ્થાઓ, થિંક-ટેન્કો અને ભારતના વિષય તજજ્ઞો પણ આરએસયુ સાથે સંકળાયેલા છે જે વિશ્વમાં કાયદાની મર્યાદામાં શાંતિ, સમૃદ્ધિ અને સ્થિરતા માટેનો ભારતીય દૃષ્ટિકોણ રજૂ કરે છે.

•



પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના (PMFBY) ખેડૂતો માટે ખૂબ જ કલ્યાણકારી યોજના છે - ચાલુ વર્ષે PMFBY અંતર્ગત ટેન્ડરોમાં વીમા કંપનીઓનું ઊંચું પ્રીમિયમ હોવાથી રાજ્ય સરકારે ટેન્ડરો રદ કરેલ છે



**હવે, સમગ્ર ગુજરાતના બધા ખેડૂતો માટે રાજ્ય સરકાર લાવી છે મહત્ત્વાકાંક્ષી**

# મુખ્યમંત્રી કિસાન સહાય યોજના







- **રાજ્યના બધા ખેડૂતોને આવરી લેતી યોજના**
- **ખરીફ ઋતુના બધા પાકો માટે આ યોજનાનો લાભ**
- **ખેડૂતોએ કોઈપણ પ્રીમિયમ કે ફી ભરવાની નથી**
- **પારદર્શક, ઝડપી અને સરળ સહાય યોજના**
- **નીચે મુજબનાં ત્રણ પ્રકારનાં જોખમોમાં ખેડૂતોને લાભ મળશે**

  (૧) અનાવૃષ્ટિ (દુષ્કાળ)

  (૨) અતિવૃષ્ટિ, વાદળ ફાટવું

  (૩) કમોસમી વરસાદ (માવઠું)
- **સહાયનાં ધોરણો**

| **પાક નુકસાનની ટકાવારી** | **સહાય રૂ. પ્રતિ હેક્ટર** |
|---|---|
| ૩૩% થી ૬૦% સુધી | રૂ. ૨૦,૦૦૦/- |
| ૬૦%થી વધુ | રૂ. ૨૫,૦૦૦/- |

- વધુમાં વધુ ૪ હેક્ટર સુધી સહાય મળશે.
- DBT મારફત ખેડૂતોના બેંક એકાઉન્ટમાં સીધી સહાય જમા થશે.
- અરજી કરવાથી માંડીને પેમેન્ટ સુધીની પ્રક્રિયા ઓનલાઈન થશે.
- ઈ-ગ્રામ કેન્દ્ર પરથી રાજ્ય સરકારના ખર્ચે અરજી થશે.
- આ યોજનાની સહાય ઉપરાંત SDRF નો લાભ પણ મળવાપાત્ર રહેશે.
- આ યોજના ફક્ત ચાલુ ખરીફ ઋતુ માટે જ અમલી.

**'ખેડૂત કલ્યાણ માટે કટિબદ્ધ ગુજરાત સરકારનું વધુ એક પગલું એટલે મુખ્યમંત્રી કિસાન સહાય યોજના' - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી**

REGD. NO. GAMC 563/2018-20 VALID UP TO 31-12-2020 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/HQ/077/2018-20 VALID UP TO 31-12-20 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev

## આઝાદી દિને ધ્વજવંદન અને કોરોના વોરિયર્સનું સન્માન કરતા
## માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને માન. નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ



**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.